# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

આલિયાએ પ્રોડ્યૂસર તરીકે ઉઠાંતરી કરેલી ચીલાચાલુ ફિલ્મ....





પેજ-09

યુ એસ ઓપન જીતીને ઝવેરેવે રચ્યો ઇતિહાસ, ઝવેરેવ બન્યો નવો ચેમ્પિયન....


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 26.00 |
| વડોદરા | 30.00 | 26.00 |
| સુરત | 29.00 | 26.00 |




પેજ 5

નેશનલ સ્ટોક એક્સચેન્જનો મેગા IPO 17 સપ્ટેમ્બરે ખુલી રહ્યો છે....


**15** SEPTEMBER-2026 TUESDAY




હુમાયૂં કબીરે ભારત સાથેના સંબંધો પર આપી તીખી પ્રતિક્રિયા....

પેજ 10


**.....સુવિચાર.....**

દરેક વખતે મનને મનાવવું, એ જિંદગી જીવી કહેવાય, ક્યારેક મન નું પણ માનવું એ જિંદગી માણી કહેવાય


વર્ષ-15 । અંક-301 । વિક્રમ સંવત-2082 । ભાદરવા સુદ - 04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# ગુજરાતના 250 તાલુકામાં મેઘમહેર

## સૌથી વધુ ભાવનગરના વલ્લભીપુરમાં 6 ઇંચ, અમદાવાદમાં 3.39 ઇંચ વરસાદ

(એજન્સી) ગાંધીનગર | તા.14

સોમવારે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ વરસ્યો હતો. સવારે 6 થી સાંજે 6 વાગ્યા સુધીમાં રાજ્યના 250 તાલુકામાં વરસાદ નોંધાયો. ભાવનગરના વલ્લભીપુરમાં સૌથી વધુ 5.91 ઇંચ, જ્યારે બોરસદમાં 5.51 ઇંચ વરસાદ પડ્યો. અમદાવાદ શહેરમાં 3.39 ઇંચ સહિત 21 તાલુકામાં 3 ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. ધોધમાર વરસાદ થતાં અનેક જગ્યાએ રસ્તા પર નદીઓ વહેતી થઈ. સૌરાષ્ટ્ર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદી માહોલ છે. તેવામાં સોમવારે(14 સપ્ટેમ્બર) 12 કલાકમાં 250 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં અમદાવાદ શહેર સહિત 21 તાલુકામાં 3 ઇંચથી વધુ વરસાદ ખાબક્યો છે.

### અમદાવાદ સહિત 48 તાલુકામાં 2 ઇંચથી વધુ વરસાદ

અમદાવાદ સહિત 48 તાલુકામાં 2 ઇંચથી વધુ વરસાદ તેમજ ભરૂચમાં 3.82 ઇંચ, ખેડાના નડિયાદમાં 3.78 ઇંચ, રાજકોટના કોટડા સાંગાણીમાં 3.74 ઇંચ, જામકંડોરણામાં 3.54 ઇંચ, અમદાવાદના દસક્રોઈમાં 3.50 ઇંચ, અમદાવાદ સિટીમાં 3.39 ઇંચ, સાણંદમાં 2.95 ઇંચ, બાવળામાં 2.28 ઇંચ સહિત કુલ 48 તાલુકામાં 2 ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

# ગુજરાતમાં મોટો વૈજ્ઞાનિક ચમત્કાર

## ભારતનો 'આર્ટિફિશિયલ સૂર્ય' ટ્રાયલમાં પાસ



(એજન્સી) નવી દિલ્હી | તા.14

ભારતે સ્વચ્છ ઊર્જા ક્ષેત્રે મોટી સિદ્ધિ મેળવી છે. ગુજરાતના ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝમા રિસર્ચ (IPR) ખાતે SST-1 ટોકામાક રિએક્ટરમાં 82.6 ગીગાહર્ટ્ઝ અને 400 કિલોવોટનું નવું 'ગાયરોટ્રોન' સફળતાપૂર્વક કાર્યરત થયું છે. આ ઉપકરણ સૂર્યના કેન્દ્ર કરતાં 20 કરોડ ડિગ્રી સેલ્સિયસ વધુ ગરમ પ્લાઝમાને લાંબા સમય સુધી સ્થિર રાખવામાં મદદ કરશે, જે ધરતી પર કૃત્રિમ સૂર્ય બનાવવાની દિશામાં ભારતનું એક મહત્વપૂર્ણ પગલું છે. ભારત સ્વચ્છ અને અખૂટ ન્યુક્લિયર ફ્યુઝન ઊર્જા ક્ષેત્રે ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાત સ્થિત ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝમા રિસર્ચ (IPR) ખાતે SST-1 ટોકામાક રિએક્ટર પર એક નવું અતિશક્તિશાળી 'ગાયરોટ્રોન' સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવ્યું છે. આ ઉપકરણ 82.6 ગીગાહર્ટ્ઝ ફ્રિક્વન્સી અને 400 કિલોવોટની પ્રચંડ ક્ષમતા ધરાવે છે. આ ઉપકરણ સૂર્યની જેમ ઊર્જા પેદા કરવા માટે રચાયેલા ભારતના સુપરકન્ડક્ટિંગ ફ્યુઝન રિએક્ટરને વધુ કાર્યક્ષમ બનાવશે.

### સૂર્યના કેન્દ્ર કરતાં પણ વધુ તાપમાન

SST-1 એ ભારતનું સુપરકન્ડક્ટિંગ ફ્યુઝન રિએક્ટર છે, જેને ધરતી પર સૂર્ય જેવી પ્રક્રિયા ઉત્પન્ન કરવા માટે બનાવવામાં આવ્યું છે. તેમાં ચુંબકીય ક્ષેત્રોની મદદથી અતિશય ગરમ પ્લાઝમાને નિયંત્રિત કરવામાં આવે છે. ભારતીય પ્રયોગો દરમિયાન પ્લાઝમાનું તાપમાન 20 કરોડ ડિગ્રી સેલ્સિયસથી પણ વધુ નોંધાઈ ચૂક્યું છે, જે સૂર્યના કેન્દ્રના તાપમાન કરતાં પણ અનેક ગણું વધારે છે.

### ફ્યુઝન ઊર્જાનું મહત્વ અને ભારતનું સ્થાન

ન્યુક્લિયર ફ્યુઝનને ભવિષ્યના સૌથી સ્વચ્છ અને ટકાઉ ઊર્જા સ્ત્રોતોમાંથી એક માનવામાં આવે છે. આ પ્રક્રિયામાં હાઇડ્રોજનના આઇસોટોપ્સનો ઉપયોગ થાય છે, જે દરિયાના પાણીમાંથી સરળતાથી મળી રહે છે. પરંપરાગત પરમાણુ ઊર્જા (ફિશન)ની સરખામણીએ ફ્યુઝન પ્રક્રિયામાં લાંબા સમય સુધી રહેતો રેડિયોએક્ટિવ કચરો ખૂબ ઓછો પેદા થાય છે. જોકે વેપારી ધોરણે આવા પાવર પ્લાન્ટ બનાવવા એ હજુ મોટો એન્જિનિયરિંગ પડકાર છે.






# બંગાળમાં મંજૂરી વગર ચાલતા 252 મદરેસાને તાળા મરાશે

કોલકાતા: પશ્ચિમ બંગાળમાં રાજ્ય સરકાર દ્વારા મદરેસાઓને લઈને રાજ્યવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ક્યા મદરેસા કાયદેસર અને ક્યા ગેરકાયદે ચાલી રહ્યા છે તેની ચકાસણી આ અભિયાનમાં કરવામાં આવી રહી છે. આશરે ૨૩૯૬ જેટલા અમાન્ય મદરેસાઓની ઓળખ હાલ કરવામાં આવી છે. રાજ્યના સરવે મુજબ સરકારે ૨૫૨ મદરેસાને તાળા મારવાની તૈયારી કરી લીધી છે. આ એવા મદરેસા છે કે જેની પાસે યોગ્ય મંજૂરી નથી. આ ઉપરાંત ૧૦૦ મદરેસાઓને કારણ બતાવો નોટિસ પણ પાઠવવામાં આવી છે. રાજ્યના આશરે ૨૨ જેટલા જિલ્લામાં રાજ્ય સરકારે મદરેસાઓનો સરવે કરાવ્યો હતો. જેમાં ફન્ડિંગ, વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશનની વિગતો, મંજૂરી પ્રાપ્ત અને બિનમંજૂરી પ્રાપ્ત મદરેસાઓની ઓળખ કરવી વગેરેનો સમાવેશ સરવેમાં કરાયો હતો.

# 70-80 કિમીની ઝડપે ફૂંકાશે પવન

## ભારે વરસાદને લઈને એલર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા.14

વરસાદનો દોર ચાલુ છે. જોકે, હવામાન વિભાગે અમુક વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. દક્ષિણ-પૂર્વ રાજસ્થાન અને તેને અડીને આવેલા ઉત્તર ગુજરાત પર લો-પ્રેશર સિસ્ટમ સર્જાવાને કારણે, 14 સપ્ટેમ્બર 2026ના રોજ સૌરાષ્ટ્ર અને કચ્છના છૂટાછવાયા સ્થળોએ અત્યંત ભારે વરસાદની અને ગુજરાતના અન્ય ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે. આ સ્થિતિ આગામી 24 કલાક સુધી યથાવત રહેવાની ધારણા છે. આ ઉપરાંત, 19 સપ્ટેમ્બર 2026ની આસપાસ પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગોમાંથી નૈઋત્યના ચોમાસાની વિદાય માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ રહી છે.

### પહાડી વિસ્તારોમાં વીજળી પડવા અને વાવાઝોડા અંગે એલર્ટ

પહાડી રાજ્યોની મુસાફરી કરતા પહેલા હવામાનની માહિતી તપાસવી જરૂરી છે. પૂર્વ ભારતના રાજ્યો માટે પણ વીજળી પડવા અને વાવાઝોડા અંગે ચેતવણી આપવામાં આવી છે. આ ઉપરાંત, અનેક રાજ્યોમાં નદીઓના જળસ્તરમાં વધારો થવાનું જોખમ પણ તોળાઈ રહ્યું છે.

### 22 રાજ્યો માટે ભારે વરસાદની ચેતવણી

હવામાન વિભાગે ૧૫ સપ્ટેમ્બર માટે ૨૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે: ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરાખંડ, પંજાબ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, ઝારખંડ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ઓડિશા, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, તમિલનાડુ, કેરળ, ગુજરાત અને મહારાષ્ટ્ર. આ સમયગાળા દરમિયાન ૮૦ કિમી/કલાક સુધીની ઝડપે જોરદાર પવન ફૂંકાઈ શકે છે.




# અમદાવાદમાં વરસાદી હોડીઓમાં વાહ-વાહી લૂંટવાનું બંધ કરી કોર્પોરેશન કાયમી ઉકેલ લાવે: ડો. કરન બારોટ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પોલ ખોલતા જણાવ્યું હતું કે, થોડા સમય પહેલાં અમદાવાદમાં જે વરસાદ પડ્યો, એ વરસાદમાં કોર્પોરેશન પાસે સંપૂર્ણ માહિતી આવી ગઈ કે કઈ કઈ જગ્યાએ ડ્રેનેજમાં પ્રોબ્લેમ છે, કઈ કઈ જગ્યાએ વરસાદી પાણી ભરાય છે અને કઈ કઈ જગ્યાએ લોકો વરસાદ પડવાના કારણે હેરાન થયા. આ છેલ્લા વરસાદની અંદર અમદાવાદ સહિત ગુજરાતમાં ઘણા લોકોની ગાડીઓને ખૂબ મોટા પાયે નુકસાન થયું, ઘરોમાં પાણી ભરાઈ ગયા, ઘરોમાં મોટા પાયે નુકસાન થયું, કરોડો રૂપિયાનું નુકસાન લોકોને થયું છે અને એનું વળતર હજુ સુધી મળ્યું નથી. ક્મ્પ્લેક્સની અંદર પાણી ભરાઈ ગયું ત્યારે પણ કોર્પોરેશને કોઈ કામગીરી કરી નહીં. પણ હવે, આજે કોર્પોરેશનને બે હાથ જોડીને વિનંતી કરીએ છીએ કે ફરીથી અમદાવાદમાં વરસાદ ચાલુ થયો અને ફરીથી એ જ વિસ્તારોમાં પાણી ભરાવાની શરૂઆત થઈ ચૂકી છે. તમારી ભૂલ એક વાર થાય તો તમને લોકો માફ કરશે, બે વાર થાય તો તમને લોકો માફ કરશે, પરંતુ વારંવાર જ્યારે વરસાદ પડે અને વારંવાર એ જ જગ્યાએ પાણી ભરાય, છતાં કોર્પોરેશન હાથ પર હાથ રાખીને બેસી રહે! મોટી મોટી વાતો થાય, પ્રી-મોન્સૂનના નામે કરોડો રૂપિયાનો ખર્ચો થાય, દર વખતે એવી વાતો થાય કે કરોડો રૂપિયા ખર્ચીને મોટી મોટી લાઈનો નાંખવામાં આવશે, બીજી વાર પાણી નહીં ભરાય, 'ફરીથી જો પાણી ભરાશે તો અમે વોટ માંગવા નહીં આવીએ.' પછી મોટી મોટી નાવડીઓ લઈને પોતાના જ નેતાઓના નારા લગાવતા હોય એવી રીતે લોકોની સોસાયટીમાં પહોંચે અને વાહ-વાહી લૂંટે, જાણે બહુ મોટી કામગીરી કરી નાખી હોય! પરંતુ એ નથી જોતા કે એ જ નાવડીની અંદર પોતે બેસીને સોસાયટીમાં પહોંચે છે કારણ કે ત્યાં પાણી ભરાય છે, ત્યારે એમાં પણ વાહ-વાહી લેવાની હોય છે કે 'અમે પહોંચ્યા.' તમારું કામ એ છે કે તમે મદદ માટે પહોંચો છો, અને હવેથી એ જ વસ્તુ શરૂ થઈ છે, પરંતુ કોર્પોરેશન કાયમી કોઈ કામગીરી કરતું નથી. ડો.કરન બારોટે વધુમાં જણાવ્યું હતું કે, મારે કોર્પોરેશનને બે હાથ જોડીને વિનંતી કરવી છે કે અમદાવાદના લોકો તમારાથી ત્રસ્ત છે. આજે કોઈને ઘરની બહાર નીકળવું હોય તો પણ દસ-દસ વાર વિચારે છે કે - એક તો બહાર નીકળીશું તો ટ્રાફિક મળશે, બીજી વસ્તુ - બહાર નીકળીશું તો ગાડીમાં પાણી ભરાશે અને ગાડીમાં નુકસાન થશે, ત્રીજી વસ્તુ - બહાર નીકળીશું અને કોઈ અકસ્માત કે નાના-મોટા ખાડામાં પડવાથી કોઈને નુકસાન થશે કે ખાડામાં પડવાથી કોઈનું મૃત્યુ થઈ જાય છે! આવી બધી વસ્તુઓના લીધે કોર્પોરેશનના પાપે અમદાવાદના લોકો બહાર નીકળતાં પણ અચકાય છે. કોર્પોરેશનને બે હાથ જોડીને વિનંતી કરીએ છીએ કે આમાંથી કંઈ શીખ લે અને આ વખતે ફરીથી અમદાવાદના લોકો હેરાન ના થાય, ગુજરાતના લોકો પરેશાન ના થાય એના માટે જે પણ કરવું પડે એ કોર્પોરેશને કરવું જોઈએ. નહીં તો હવે અમદાવાદના લોકો તમારી આ તાનાશાહી અને તમારી આ હિટલરશાહી સહન કરવા માટે તૈયાર નથી.

# ગોપાલ ઇટાલીયાએ ગણેશચતુર્થીના દિવસે કરી એક શુભ શરૂઆત

## વિસાવદર વિધાનસભાના તમામ ખેડૂતોને ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાના કાર્યાલય ખાતેથી નિઃશુલ્ક ૭/૧૨, ૮અ અને હક્કપત્રક નંબર-૬ ની પ્રિન્ટ કાઢી આપવામાં આવશે



અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ આજે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, આજે ગણેશ ચતુર્થીના દિવસે વિસાવદરના તમામ ખેડૂતો માટે મહત્વપૂર્ણ જાહેરાત કરવાની છે. વિસાવદર વિધાનસભાના તમામ ખેડૂતોને મારા કાર્યાલય ખાતેથી નિઃશુલ્ક ૭/૧૨, ૮અ અને હક્કપત્રક નંબર-૬ ની પ્રિન્ટ કાઢી આપવામાં આવશે. આ નિર્ણય એટલા માટે કરવામાં આવ્યો છે, કારણ કે જ્યારે ખેડૂતો ૭/૧૨ કઢાવવા જાય છે ત્યારે મામલતદાર ઓફિસ હોય કે ગ્રામ પંચાયત હોય, ત્યાં ધક્કા ખવડાવવામાં આવે છે, પૈસા માગવામાં આવે છે અને ખેડૂતોને હેરાન કરવામાં આવે છે. માટે મેં નક્કી કર્યું છે કે જે વસ્તુ ઓનલાઇન થઈ શકતી હશે એની સારી કલર કોપી કાઢી આપીને વિસાવદર, ભેંસાણ અને જૂનાગઢના લોકોને અમે મદદરૂપ થઈશું. સરકારી કચેરીમાં જે કાગળ દીઠ પાંચ રૂપિયાનો ખર્ચ થતો હોય છે, એ મારી કચેરીમાં કોઈ આપવાનો રહેશે નહીં, એ તમામ ખર્ચો હું ઉઠાવીશ. આ સિવાય બીજી કોઈપણ કોપી જે ઓનલાઇન નીકળી શકતી હોય જેમકે કોઈ કોર્ટનો કાગળ છે કે પ્રોપર્ટી મુદ્દે કોઈ કાગળ છે એ પણ મારી ઓફિસથી કાઢી આપવામાં આવશે અને એ પણ તદ્દન નિશુલ્ક.વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ જણાવ્યું હતું કે, વિસાવદર સિવાય આજુબાજુના તમામ તાલુકા બગસરા, ધારી, મેંદરડા, જેતપુર કે ગુજરાતના કોઈપણ તાલુકામાંથી વિસાવદર આવ્યા હોય અને પ્રિન્ટ કઢાવવી હોય તો પણ કાઢી આપવામાં આવશે. આખા ગુજરાતનો કોઈપણ માણસ મારી ઓફિસે ૭/૧૨, ૮અ અને હક્કપત્રક નંબર-૬ સહિત અન્ય કોઈ ડોક્યુમેન્ટ કઢાવવા માટે આવશે, તો એમને પણ અમે સારા કાગળમાં કલર કોપી કાઢી આપીશું. એક - બે દિવસમાં પ્રિન્ટર અને સ્ટાફની વ્યવસ્થા થઈ જશે. વિસાવદર, ભેંસાણ અને જૂનાગઢના ખેડૂતોએ મારા જેવા સામાન્ય વ્યક્તિનું સમગ્ર ગુજરાતમાં માન વધાર્યું અને મને જે સ્થાન આપ્યું એટલા માટે મારાથી જેટલી થાય એટલી સેવા કરવા માગું છું અને એટલા માટે જ આજે ગણેશ ચતુર્થીના દિવસે આ જાહેરાત કરી રહ્યો છું. સાથે સાથે ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ ગણેશ ચતુર્થી અને મહોત્સવની સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

> વિસાવદર, ભેંસાણ અને જૂનાગઢના ખેડૂતોએ મારા જેવા સામાન્ય વ્યક્તિનું સમગ્ર ગુજરાતમાં માન વધાર્યું અને મને જે સ્થાન આપ્યું એટલા માટે મારાથી જેટલી થાય એટલી સેવા કરવા માગું છું: ગોપાલ ઇટાલીયા

# એક બે કલાકના વરસાદમાં અમદાવાદ જળબંબાકાર: હિમાંશુ ઠક્કર



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ઘણા સમયથી આપણે ગરમીમાં પરેશાન થઈ રહ્યા હતા અને અત્યારે એક-બે કલાકનો વરસાદ પડ્યો અને બહાર રોડ પર જોયું કે એક બે કલાકના વરસાદમાં અમદાવાદમાં જળબંબાકાર થઈ ગયું છે. સમૃદ્ધ વિસ્તારમાં પણ ખૂબ જ પાણી ભરાયા છે અને વર્ષોથી આ સમસ્યા છે. વરસાદ બંધ થઈ ગયો છે પરંતુ પાણી ઉતરતું નથી અને પાણી એટલું ભરાયું છે કે નાની ગાડીઓના ટાયર પણ ડૂબી જાય છે. શું આવી પરિસ્થિતિ હવે GenZ જનરેશનના યુવાનો સહન કરશે? સોસાયટીઓમાં પાણી ઘૂસી ગયા છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતું કે, મોનસુન પ્રિમોન્સૂનના નામે કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે, મોટી મોટી જાહેરાતોના નામે પૈસા વેડફાય છે, પણ આ પરિસ્થિતિમાંથી આપણને ક્યારે છૂટકારો મળશે? વિદ્યાર્થીઓ અને કામ કરવા નીકળેલા લોકોના ટુ વ્હીલર રસ્તામાં બંધ થઈ ગયા, રીક્ષાચાલકોની રીક્ષાઓ બંધ થઈ ગઈ અને બીજા અનેક લોકો હેરાન થઈ રહ્યા છે આ કોના પાપે હેરાન થઈ રહ્યા છે? રોડ બનાવવા અને ટેક્નોલોજી પાછળ જે પૈસા ખર્ચવામાં આવે છે એ પૈસા તો આ લોકોના જ છે, જનતાના પૈસે કામ થઈ રહ્યા છે પરંતુ સુવિધામાં કોઈ સુધારો આવતો નથી. જાગવાનો સમય આવી ગયો છે, ફક્ત ટેકનોલોજીની વાતો કરવાથી કંઈ નહીં થાય. આશા રાખીએ છીએ કે નવી સિઝનમાં આ રીતના દ્રશ્યો જોવા ન મળે.

### “ખેડૂતોનું આ વર્ષ નિષ્ફળ ગયું”, દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથે AAPનું સહી અભિયાન

# જામનગરમાં પિપર અને બાદનપર ગામે મનોજ સોરઠીયાની ખેડૂતો સાથે મુલાકાત, સુકાતા પાકની સ્થિતિનો તાગ મેળવ્યો





જામનગર | જામનગર જિલ્લામાં દુષ્કાળની પરિસ્થિતિને લઈને આમ આદમી પાર્ટી દ્વારા “દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ” અંતર્ગત ગામે ગામ ખેડૂતો સાથે મુલાકાત અને સભાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા દ્વારા કાલાવડ તાલુકાના પિપર ગામે દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ સભા યોજવામાં આવી હતી. આ દરમિયાન ખેડૂતો સાથે પાકની સ્થિતિ અંગે ચર્ચા કરી તેમની સમસ્યાઓ અને વેદનાઓ સાંભળવામાં આવી હતી. સાથે જ દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથે ખેડૂતો પાસેથી અરજીઓ તૈયાર કરાવી સહી અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું.આ ઉપરાંત જોડીયા તાલુકાના બાદનપર ગામે ખેડૂતોના સુકાઈ રહેલા પાકની મુલાકાત લઈ વાસ્તવિક પરિસ્થિતિનો તાગ મેળવવામાં આવ્યો હતો. ખેડૂતોના જણાવ્યા મુજબ આ વર્ષે પાક નિષ્ફળ જવાની સ્થિતિ ઊભી થઈ છે, ત્યારે સરકાર દ્વારા દુષ્કાળ જાહેર કરવામાં કેમ વિલંબ થઈ રહ્યો છે તેવો સવાલ ઉઠાવવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટી દ્વારા જામનગર જિલ્લાના વિવિધ તાલુકાના ગામોમાં જઈ ખેડૂતો પાસેથી દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથેની અરજીઓ અને સહીઓ એકત્ર કરવામાં આવી રહી છે. આ તમામ અરજીઓ અને ખેડૂતોની સહીઓ એકત્રિત કરીને આગામી સમયમાં મુખ્યમંત્રીને સુપરત કરવામાં આવશે.

# રેલવે મંત્રી ગુજરાત દ્વારા વિવિધ રેલવે પરિયોજનાઓ અને યાત્રીઓની સુવિધાઓનું લોકાર્પણ, શિલાન્યાસ અને શુભારંભ

ગુજરાતમાં રેલવેના માળખાકીય માળખા, માલસામાન પરિવહન સુવિધાઓ અને યાત્રીઓની કનેક્ટિવિટીને વધુ મજબૂત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ હેઠળ માનનીય રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા 15 સપ્ટેમ્બર 2026 (મંગળવાર) ના રોજ વિડિયો કોન્ફરન્સિંગ મારફતે ગુજરાતમાં વિવિધ મહત્વપૂર્ણ રેલવે પરિયોજનાઓ અને યાત્રીઓની સુવિધાઓનું લોકાર્પણ, શિલાન્યાસ, ઉદઘાટન અને શુભારંભ કરવામાં આ વ શે .
આ પ્રસંગે માનનીય રેલવે મંત્રીજી દ્વારા શિવલખા, ભીમાસર, દેવલિયા અને ચંડીસર ખાતે આવેલા ચાર ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ (GCT) રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે. આ સાથે લિંચ ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ (GCT) નો શિલાન્યાસ કરવામાં આવશે, ગોપાલપુર રેલવે સ્ટેશનનું ઉદઘાટન કરવામાં આવશે અને અંજાર સ્ટેશન પર ભુજ-શાલીમાર એક્સપ્રેસના સ્ટોપેજનો શુભારંભ કરવામાં આવશે.ઉપરોક્ત સ્થળો પર આયોજિત કાર્યક્રમોમાં સંબંધિત વિસ્તારના માનનીય રાજ્ય મંત્રી, માનનીય સાંસદ (લોકસભા), માનનીય સાંસદ (રાજ્યસભા), માનનીય ધારાસભ્ય અને અન્ય જનપ્રતિનિધિઓની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહેશે. આ તમામ પરિયોજનાઓ અને યાત્રીઓની સુવિધાઓથી ગુજરાતમાં માલસામાનના પરિવહન, વેપારી પ્રવૃત્તિઓ, લોજિસ્ટિક્સ સુવિધાઓ અને યાત્રી રેલવે કનેક્ટિવિટીને વધુ ઝડપ અને મજબૂતી મળશે.
કાર્યક્રમોની વિગત નીચે મુજબ છે:
1. ગોપાલપુર રેલવે સ્ટેશનનું ઉદઘાટન, માનનીય રેલવે મંત્રીજી દ્વારા ગોપાલપુર રેલવે સ્ટેશનનું ઉદઘાટન કરવામાં આવશે. સ્ટેશનના વિકાસથી વિસ્તારમાં રેલવે સંપર્ક અને યાત્રીઓની સુવિધાઓ મજબૂત થશે તથા આસપાસના યાત્રીઓ માટે રેલવે પરિવહનની પહોંચ વધુ ઉત્તમ થ શે .
નવા ગોપાલપુર સ્ટેશનના નિર્માણથી અમદાવાદ અને ભુજ તરફથી આવતી-જતી ટ્રેનો માટે ગાંધીધામ ખાતે એન્જિન રિવર્સલની જરૂર રહેશે નહીં, જેનાથી પરિચાલન સમયની બચત થશે. સ્ટેશનનો વિકાસ વિસ્તારની પરિવહન જરૂરિયાતોને પૂરી કરવા અને ભવિષ્યમાં વધતી જતી યાત્રીઓની માંગ અનુસાર રેલવે માળખાને મજબૂત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. 2. ચાર ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ (GCT) રાષ્ટ્રને સમર્પિત , ગુજરાતમાં ચાર ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ (GCT) રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે. આ ટર્મિનલ આધુનિક માલસામાન વ્યવસ્થાપન અને લોજિસ્ટિક્સ સુવિધાઓને પ્રોત્સાહન આપવાની સાથે રેલવે-આધારિત માલ પરિવહનને ગતિ આપશે. (i) ભીમાસર ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ: ભીમાસર ખાતે સ્થિત AFGB ગતિશક્તિ કાર્ગો ટર્મિનલનો વિકાસ Arya Freight Terminal Pvt. Ltd. દ્વારા કરવામાં આવ્યો છે. આ પરિયોજનામાં લગભગ રૂ.75 કરોડનું કુલ રોકાણ છે, જેમાં રેલવેના પરિયોજના ઘટક તરીકે આશરે રૂ.24.21 કરોડ સામેલ છે. લગભગ 52 એકર વિસ્તારમાં વિકસાવવામાં આવેલ આ ટર્મિનલ ગાંધીધામ-સામાખ્યાળી સેક્શન પર આવેલું છે અને કન્ટેનર તથા સામાન્ય માલસામાનના હેન્ડલિંગ માટે વિકસાવવામાં આવી રહ્યું છે. ટર્મિનલની અંદાજિત ક્ષમતા દર મહિને આશરે 60 આઉટવર્ડ અને 60 ઈનવર્ડ રેકની છે. આ પરિયોજનાથી લગભગ 1,000 લોકો માટે રોજગારીની તકો ઊભી થશે.(ii) દેવલિયા ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ: દેવલિયા ખાતે સ્થિત WCGD ગતિશક્તિ કાર્ગો ટર્મિનલનો વિકાસ



Western Carriers (India) Ltd. દ્વારા કરવામાં આવ્યો છે. પરિયોજનામાં લગભગ રૂ.65 કરોડનું કુલ રોકાણ અને રેલવેના પરિયોજના ઘટક તરીકે આશરે રૂ.16.28 કરોડનો સમાવેશ થાય છે. લગભગ 41 એકર વિસ્તારમાં વિકસાવવામાં આવેલ આ ટર્મિનલ સામાખ્યાળી-ધ્રાંગધ્રા સેક્શન પર આવેલું છે. અહીં મુખ્યત્વે કન્ટેનર અને સામાન્ય માલસામાનનું હેન્ડલિંગ કરવામાં આવશે. આ પરિયોજનાથી લગભગ 1,000 લોકો માટે રોજગારીની તકો ઊભી થશે. (iii) ચંડીસર ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ: ચંડીસર ખાતે આવેલ ATGC ગતિશક્તિ કાર્ગો ટર્મિનલનો વિકાસ Emirates Terminals Pvt. Ltd. દ્વારા કરવામાં આવ્યો છે. આ પરિયોજનામાં આશરે રૂ.75 કરોડનું કુલ રોકાણ છે, જેમાં રેલવેના પરિયોજના ઘટક તરીકે આશરે રૂ.14 કરોડનો સમાવેશ થાય છે. આશરે 23 એકર વિસ્તારમાં આવેલું આ ટર્મિનલ પાલનપુર-સામાખ્યાળી સેક્શન પર છે અને મુખ્યત્વે કન્ટેનર ટ્રાફિક માટે વિકસાવવામાં આવ્યું છે. અહીંની અંદાજિત ક્ષમતા દર મહિને આશરે 10 આઉટવર્ડ અને 10 ઈનવર્ડ રેકની છે. આ પરિયોજનાથી આશરે 400-500 લોકો માટે રોજગારીની તકો ઊભી થવાની શક્યતા છે.(iv) શિવલખા ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ: શિવલખા ખાતે આવેલ KEGS ગતિશક્તિ કાર્ગો ટર્મિનલનો વિકાસ KMT Engg. Pvt. Ltd. દ્વારા કરવામાં આવી રહ્યો છે. પરિયોજનાનો પ્રસ્તાવિત કુલ ખર્ચ આશરે રૂ.200 કરોડ છે, જ્યારે રેલવેનો પરિયોજના ખર્ચ આશરે રૂ.12.97 કરોડ છે. આશરે 150 એકર વિસ્તારમાં વિકસાવવામાં આવેલ આ ટર્મિનલ સામાખ્યાળી-પાલનપુર સેક્શન પર આવેલું છે. અહીં રેલવે વેગન ઉત્પાદનની સાથે-સાથે કન્ટેનર ટ્રાફિકની સુવિધા વિકસાવવામાં આવશે. નવા ઉત્પાદિત રેલવે વેગનના દર મહિને આશરે 2-3 રેકની આઉટવર્ડ મુવમેન્ટ અને દર મહિને આશરે 10 કન્ટેનર રેક હેન્ડલ થવાની શક્યતા છે. આ પરિયોજનાથી આશરે 2,000-2,500 લોકો માટે રોજગારીની તકો ઊભી થશે.(v) લિંચ ગતિશક્તિ કાર્ગો ટર્મિનલનો શિલાન્યાસ: કાર્યક્રમ દરમિયાન લિંચ ખાતે ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ (GCT) નો શિલાન્યાસ પણ કરવામાં આવશે. આ ટર્મિનલના વિકાસથી વિસ્તારમાં માલસામાનના હેન્ડલિંગની ક્ષમતા વધશે અને ઉદ્યોગો તથા વ્યવસાયો માટે વધુ સારી લોજિસ્ટિક્સ સુવિધાઓ ઉપલબ્ધ થશે.આ ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ પરિયોજનાઓ દ્વારા આધુનિક માલ પરિવહન અને લોજિસ્ટિક્સ સુવિધાઓનો વિસ્તાર થશે, જેનાથી ઉદ્યોગો અને વ્યવસાયોને રેલવે દ્વારા માલ પરિવહનના વધુ અસરકારક વિકલ્પો ઉપલબ્ધ થશે. સાથે જ, ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી વિસ્તારમાં માલ પરિવહન માટે વધારાનું માળખાકીય માળખું વિકસિત થશે અને રેલવે-આધારિત લોજિસ્ટિક્સને પ્રોત્સાહન મળશે.3. અંજાર સ્ટેશન પર ભુજ-શાલીમાર એક્સપ્રેસનું સ્ટોપેજ , ।નનીય રેલવે મંત્રીજી દ્વારા ટ્રેન નંબર 22829/22830 ભુજ-શાલીમાર એક્સપ્રેસના અંજાર સ્ટેશન પર સ્ટોપેજનો શુભારંભ કરવામાં આવશે. આ સ્ટોપેજ અંજાર અને આસપાસના વિસ્તારોના યાત્રીઓ માટે એક મહત્વપૂર્ણ અને લાંબા સમયથી અપેક્ષિત રેલવે સુવિધા છે.
આ સ્ટોપેજથી યાત્રીઓને ભુજ-શાલીમાર એક્સપ્રેસ દ્વારા દેશના મુખ્ય શહેરો અને મહત્વપૂર્ણ સ્થળો સુધી સીધી અને અનુકૂળ યાત્રાનો લાભ મળશે. અંજારથી ટ્રેન પકડવા માટે યાત્રીઓએ અન્ય સ્ટેશનો સુધી જવાની જરૂરિયાત ઘટી જશે, જેનાથી સમય અને યાત્રાના વધારાના ખર્ચની બચત થશે. આ સુવિધા ખાસ કરીને વેપારીઓ, નોકરીયાત યાત્રીઓ, વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ અને લાંબા અંતરની યાત્રા કરતા યાત્રીઓ માટે ઉપયોગી થશે. આનાથી અંજારની પ્રાદેશિક અને આંતરરાજ્ય રેલવે કનેક્ટિવિટી વધુ મજબૂત થશે અને સ્થાનિક વેપાર તથા આર્થિક પ્રવૃત્તિઓને પણ ગતિ મળવાની શક્યતા છે. ગુજરાતમાં આ રેલવે પરિયોજનાઓ અને યાત્રીઓની સુવિધાઓ દ્વારા માલ પરિવહનની ક્ષમતામાં વધારો, આધુનિક લોજિસ્ટિક્સ માળખાનો વિકાસ, ઉદ્યોગો અને વેપારને વધુ સારી રેલવે કનેક્ટિવિટી, રોજગારીની તકોનું સર્જન અને યાત્રીઓ માટે વધુ અનુકૂળ રેલવે સેવાઓ ઉપલબ્ધ થશે.

### કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં ધોરીમાર્ગો પહોળા અને ફોરલેન કરવા ૬૯૨ કરોડ રૂપિયા ફાળવ્યા

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો રાજ્યના સરહદી જિલ્લાઓને હાઈ સ્પીડ કોરિડોર અંતર્ગત સુદ્રઢ રોડ કનેક્ટિવિટી આપતો મહત્વપૂર્ણ નિર્ણય

ગાંધીનગર | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અતિમહત્વના ધોરીમાર્ગોને ૭ મીટર માંથી ૧૦ મીટર જેટલા પહોળા કરવા કચ્છ જિલ્લાને ૩૬૩ કરોડ તેમજ ૧૦ મીટર માર્ગને ફોરલેન કરવા માટે બનાસકાંઠા જિલ્લાને ૨૨૯ કરોડ રૂપિયા મળીને કુલ 692 કરોડ રૂપિયા ફાળવ્યા છે.તદઅનુસાર, હાઈ સ્પીડ કોરિડોર અંતર્ગત કચ્છ જિલ્લામાં પાન્ધ્રો નારાયણ સરોવર રોડ, લખપત નારાયણ સરોવર રોડ અને દયાપર-સુભાષપર પાન્ધ્રો રોડ એમ ત્રણ માર્ગોને ૭ મીટરથી ૧૦ મીટર પહોળા કરવાના કામો માટે ૩૬૩ કરોડ રૂપિયાના કામો મંજૂર થયા છે. એટલું જ નહીં, ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં શિહોરી, પાટણ રોડને 10 મીટરથી પહોળો કરીને ફોરલેન કરવા માટે 229 કરોડ રૂપિયાનું કામ મંજુર કર્યું છે. કચ્છ અને બનાસકાંઠાના આ રસ્તાઓ આજુબાજુના તાલુકાઓને એકબીજા સાથે જોડતા હોવાથી ગ્રામજનો માટે અત્યંત મહત્વના પુરવાર થશે. તેમજ ૧૦.૦૦ મીટર પહોળા અને ફોરલેન બનવાથી આસપાસના નાના-મોટા ઔદ્યોગિક, તથા વાણિજ્ય વિસ્તારોમાં અવરજવર કરતાં ભારે વાહનો વધુ ઝડપથી અને સુરક્ષિત રીતે પસાર થઈ શકશે. પરિણામે સ્થાનિક ઉદ્યોગો, વેપાર-ધંધા તથા કૃષિ ઉત્પાદનોના પરિવહનમાં પણ નોંધપાત્ર સરળતા થશે. કચ્છ જિલ્લામાં આ માર્ગોના પહોળા થવાથી તથા સુદ્રઢીકરણથી નારાયણ સરોવર, કોટેશ્વર જેવા યાત્રાધામો તથા આસપાસના પ્રવાસન સ્થળો સુધી પહોંચવું વધુ સરળ અને આરામદાયક બનશે અને પરિણામે આ વિસ્તારમાં પ્રવાસન ક્ષેત્રનો પણ સારો એવો વિકાસ થવાની સંભાવના છે. રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ વધારીને સર્વગ્રાહી વિકાસની પ્રતિબદ્ધતા સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે માર્ગ મકાન વિભાગને 692 કરોડ રૂપિયા રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ફાળવ્યા છે.

**ઈ - ઓક્શન નોટિસ**

(પૂરના પાણીથી અસરગ્રસ્ત આશરે 33,૭૯૪ કિગ્રા મિથેનોલ પ્રવાહી અને અન્ય કેટલાક રસાયણો)

રસ ધરાવતા ખરીદદારો પાસેથી નિકાલ માટે ઈ-હરાજીના ફોર્મ મંગાવવામાં આવે છે. આ વેચાણ સખત રીતે 'જે સ્થિતિમાં અને જ્યાં છે તે સ્થિતિમાં' (As Is Where Is Basis) અને 'પ્રતિ કિલોગ્રામ'ના ધોરણે કરવામાં આવશે. વિગતો: I) શુદ્ધ મિથેનોલ (સાંદ્રતા ૯૯.૯૮%) ૩૩,૭૯૪ કિગ્રા છે, પરંતુ પૂર બાદ હાલનો જથ્થો આશરે ૪૬,૦૦૦ કિગ્રા (મિથેનોલ + પાણી) હોઈ શકે છે; II) પૂરથી અસરગ્રસ્ત કેટલાક રસાયણો (સાઈટ્રિક એસિડ મોનોહાઈટ્રેટ, ફેરિક એલમ પાવડર, સોડિયમ ક્લોરાઈડ, સોડિયમ બાયકાર્બોનેટ, કોસ્ટિક પોટાશ) એકમ રકમ (lumpsum) ના ધોરણે; III) મોટર રિવાઈન્ડિંગ સ્ક્રેપ (ભંગાર) આશરે ૨૦ કિગ્રા. આ માલ M/s Panah Green Energy LLP નો છે અને પ્લોટ નં. ૧૫૭ થી ૧૬૨, નીલકંઠ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક, હાથોડા, જિ. સુરત ખાતે પડેલો છે. શ્રી નિતિન (મોબાઈલ: ૮૮૧૦૩૩૧૮૪૧) પાસેથી અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને ૧૫/૦૯/૨૬ થી ૨૧/૦૯/૨૬ દરમિયાન સ્થળની મુલાકાત લઈ શકાય છે. ઈ-હરાજી ૨૨/૦૯/૨૬ ના રોજ યોજાશે. ઈ-હરાજીના ફોર્મ માટે, સુશ્રી ખુશીનો મોબાઈલ નંબર ૯૯૯૦૮૫૭૩૮૬ પર સંપર્ક કરો.

**સેલ્વેજ સેટલર્સ પ્રાઈવેટ લિમિટેડ (ઓક્શનર્સ)**

સરનામું:- 203, બીજો માળ, ઉષા કિરણ બિલ્ડિંગ, આઝાદપુર કોમર્શિયલ કોમ્પ્લેક્સ, દિલ્હી - 110033.

અથવા વેબસાઈટ: www.salvorsettlers.com પરથી ડાઉનલોડ કરી શકાય છે.

ઈ-હરાજી ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ ૨૨/૦૯/૨૬ બપોરે ૧૨:૩૦ વાગ્યા પહેલાં છે.

પરિશિષ્ટ-૨

ઈ-હરાજી (E-Auction) અંગેની સૂચના

M/s. Chiripal Poly Films Limited (પ્લોટ નં. 6, 12, 13, 14, વ્રજ ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ પાર્ક, N.H. નં. 8, અમદાવાદ-વડોદરા હાઈવે, ગામ: બિડાજ, તા. અને જિ. ખેડા-387120) ની માલિકીના અકસ્માતને કારણે નુકસાન પામેલા 'BOPP ફિલ્મ રોલ્સ (લોટ)' ના નિકાલ માટે, સંપૂર્ણપણે 'જે સ્થિતિમાં અને જ્યાં છે ત્યાં' (As Is Where Is) અને 'KG ના ધોરણે' (KG Basis) શરતોને આધીન રસ ધરાવતા ખરીદદારો પાસેથી ઈ-હરાજીના ફોર્મ મંગાવવામાં આવે છે. નિરીક્ષણ અને EMD જમા કરાવવાની અંતિમ તારીખ: 15/09/2026. ઈ-હરાજી 16/09/2026 ના રોજ યોજાશે. ઈ-હરાજીના ફોર્મ માટે, Auction Express Private Limited (ઓક્શનીયર) ની 'Team Auction Express' નો મોબાઈલ નંબર +91 9871810928 પર સંપર્ક કરો.

**Auction Express Private Limited (ઓક્શનર્સ)**

વધુ વિગતો માટે: www.auctionexpress.in પર જાઓ

### સંખેડા તાલુકાના માછીપુરા ગામની સીમમાં ખેતરમાં 4-5 જંગલી બિલાડીના બચ્ચા જોવા મળ્યા

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા



સંખેડા તાલુકાના માછીપુરા ગામની સીમમાં ખેતરમાં 4-5 જંગલી બિલાડીના બચ્ચા જોવા મળ્યા હતા. આ બચ્ચા દેખાતા ગ્રામજનોમાં ડર ફેલાયો હતો.આ અંગે જાણ થતા બહાદરપુર એનિમલ રેસ્ક્યુ ટીમના સચિનભાઈ પંડિત ઘટના સ્થળે પહોંચ્યા હતા. તેમણે ગ્લોઝ પહેરીને એક બચ્ચાને સુરક્ષિત રીતે પકડી લીધું હતું. જોકે, બીજા બચ્ચા ઝાડી-ઝાંખરામાં ભાગી ગયા હતા.વન વિભાગની સૂચના પ્રમાણે, આ બચ્ચાને તેના કુદરતી વાતાવરણમાં છોડી દેવામાં આવ્યું હતું. આ સાથે ગ્રામજનોને જંગલી બિલાડીઓ વિશે જરૂરી માહિતી પણ આપવામાં આવી હતી.

### સહકારથી સમૃદ્ધિ તરફ ગુજરાતની ગવર્મેન્ટ એમ્પલોઇઝ

# કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીની વિકાસયાત્રા

રાજપીપલા | ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા નર્મદા જિલ્લાની બે દિવસીય મુલાકાતે આવ્યા છે. તેમના પ્રવાસના બીજા દિવસે એકતાનગર સ્થિત સહકાર ભવન ખાતે ગુજરાત ગવર્મેન્ટ એમ્પલોઈઝ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ (GECOCSL) ના દશાબ્દી મહોત્સવ નિમિત્તે આયોજિત ચિંતન શિબિરમાં તેઓ ઉપસ્થિત રહ્યા હતા.સંસ્થાએ સ્થાપનાનાં યશસ્વી દસ વર્ષ પૂર્ણ કરી દ્વિતીય દશકમાં પ્રવેશ કર્યો છે. આ નિમિત્તે “દશાબ્દી મહોત્સવ : ઋણ સ્વીકાર” તથા દશાબ્દી સ્મારિકા વિમોચન સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ પ્રસંગોચિત ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, શિક્ષક હંમેશા લોકોને રોજિંદા જીવનની મુશ્કેલીઓમાંથી બહાર લાવવાનો પુરુષાર્થ કરે છે. કોઈપણ સંસ્થાને મજબૂત અને સફળ બનાવવામાં અથાગ પરિશ્રમ, મહેનત અને નિષ્ઠાનું મહત્વપૂર્ણ યોગદાન હોય છે. આવા સતત પ્રયાસોથી જ એક સંસ્થા સમય જતાં વટવૃક્ષબને છે. તેમણે સહકારી ક્ષેત્રની ભૂમિકા અંગે જણાવ્યું હતું કે, દેશમાં ૩૫ લાખ જેટલી સહકારી સંસ્થાઓ કાર્યરત છે અને વિવિધ ક્ષેત્રોમાં ૧૫૦થી વધુ જનહિતલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડાઈને લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી રહી છે. સહકારી ક્ષેત્ર માત્ર આર્થિક પ્રવૃત્તિ પૂરતું સીમિત નથી, પરંતુ લોકોમાં પરસ્પર વિશ્વાસ અને સહકારની ભાવનાનું નિર્માણ કરતું મહત્વપૂર્ણ માધ્યમ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના સહકારી ક્ષેત્રને નવી દિશા અને નવી ગતિ મળી હોવાનું જણાવતાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના દૂરદર્શી નેતૃત્વ હેઠળ ‘સહકારથી સમૃદ્ધિ’નું સ્વપ્ન આજે ચરિતાર્થ થઈ રહ્યું છે. સહકારી ક્ષેત્રને વધુ સશક્ત બનાવીને દેશના વિકાસમાં જનભાગીદારીને વેગ આપવામાં આવી રહ્યો છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારત આજે વિકાસના પ્રગતિપથ પર સતત આગળ વધી રહ્યું છે, જેની ઝલક તાજેતરમાં યોજાયેલી BRICS સમિટ સહિતના વૈશ્વિક મંચો પર પણ જોવા મળી છે.



OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### 73 વિદ્યાર્થીઓને OPD સારવાર, 12 દર્દીઓ હોસ્પિટલમાં દાખલ

# સુરતમાં પી પી સવાણી સ્કૂલની હોસ્ટેલમાં ફૂડ પોઈઝનિંગ

(એજન્સી) સુરત । તા.14



સુરત શહેરના અબ્રામા વિસ્તારમાં આવેલી જાણીતી પી. પી. સવાણી ઈન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલમાં શનિવારે સાંજે ભોજન લીધા બાદ અચાનક પંચ્યાસી વિદ્યાર્થીઓને પેટમાં અસહ્ય દુખાવો અને ઉલટી-ઉબકા થતા ભારે હડકંપ મચી ગયો હતો, અને આ ગંભીર ઘટનાની જાણ થતાં જ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે તમામ અસરગ્રસ્તોને હોસ્પિટલ ખસેડીને ખાદ્યપદાર્થોના નમૂના લઈ શાળા સંચાલકો સામે કાનૂની નોટિસ ફટકારવામાં આવી છે.

ઘટનાની વિગતો મુજબ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા કુલ બાવીસ સો જેટલા વિદ્યાર્થીઓ પૈકી સાંજે ભોજન લીધા બાદ અચાનક જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની તબિયત લથડવા લાગી હતી અને તેમને પેટમાં દુખાવો તથા ઉલટીની ફરિયાદો શરૂ થઈ હતી. તુરંત જ હોસ્ટેલ સ્ટાફ અને જવાબદાર અધિકારીઓ દ્વારા તમામ બાળકોને તાત્કાલિક સારવાર અર્થે પી. પી. સવાણી હોસ્પિટલ ખાતે પહોંચાડવામાં આવ્યા હતા. હોસ્પિટલ લાવવામાં આવેલા વિદ્યાર્થીઓમાંથી તેંતેર વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર આપીને રજા આપવામાં આવી હતી, જ્યારે પંદરથી સત્તર વર્ષની વયના બાર વિદ્યાર્થીઓને હોસ્પિટલમાં દાખલ કરીને વિશેષ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા. તબીબોના જણાવ્યા અનુસાર સમયસર સારવાર મળી જવાના કારણે હાલ તમામ દર્દીઓની સ્થિતિ સંપૂર્ણપણે સ્થિર છે અને કોઈ પણ પ્રકારનું જોખમ જણાયું નથી.

આ ગંભીર આફતની જાણ થતા જ સુરત મહાનગરપાલિકાનું આરોગ્ય વિભાગ અને ફૂડ સેફ્ટી વિભાગ તુરંત હરકતમાં આવી ગયા હતા અને તાત્કાલિક ધોરણે સ્કૂલના કિચન તથા કેન્ટીનમાં દરોડા પાડીને સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન રસોડામાંથી શંકાસ્પદ ખાદ્યપદાર્થોના કુલ છ જેટલા નમૂનાઓ એકત્રિત કરીને લેબોરેટરીમાં પરીક્ષણ અર્થે મોકલી આપવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને સુરક્ષા પ્રત્યે આ પ્રકારની ગંભીર બેદરકારી દાખવવા બદલ મનપા તંત્ર દ્વારા શાળા સંસ્થાને સત્તાવાર નોટિસ ફટકારવામાં આવી છે, જેનાથી શૈક્ષણિક સંકુલોમાં ચાલતી કેન્ટીનોની ગુણવત્તા સામે મોટા સવાલો ઊભા થયા છે અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકાની મેડિકલ ટીમ દ્વારા સીધા હોસ્ટેલ પરિસરમાં જ વિશેષ તબીબી કેમ્પ અને OPD સેવાઓ શરૂ કરી દેવામાં આવી છે, જેથી અન્ય કોઈ વિદ્યાર્થીને તકલીફ જણાય તો તેને તાત્કાલિક સારવાર મળી રહે. જવાબદાર અધિકારીઓ દ્વારા સમગ્ર કેસની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે અને લેબોરેટરીના રિપોર્ટ આવ્યા બાદ કસૂરવાર ઈસમો સામે વધુ કડક દંડાત્મક પગલાં ભરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી છે.

હોસ્પિટલ લાવવામાં આવેલા વિદ્યાર્થીઓ પૈકી 73 વિદ્યાર્થીઓને સામાન્ય તકલીફ હોવાથી તેમને પ્રાથમિક OPD સારવાર આપીને રજા આપવામાં આવી હતી. જ્યારે 15 થી 17 વર્ષની વયના 12 વિદ્યાર્થીઓને (જેમાં 9 વિદ્યાર્થીનીઓ અને 3 વિદ્યાર્થીઓ શામેલ છે) હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર બાદ તેમાંથી 4 દર્દીઓને રજા આપી દેવામાં આવી છે, જ્યારે હાલ 8 દર્દીઓ સારવાર હેઠળ છે અને તેમની સ્થિતિ સંપૂર્ણપણે સ્થિર છે.

સુરત મનપાના ઝોનની સેનીટેશન ટીમ અને ફૂડ વિભાગની ટીમે હોસ્ટેલના કેન્ટીન તથા કિચનમાં દરોડા પાડી ખાદ્યસામગ્રી અને રસોડાની સ્વચ્છતાની ચકાસણી કરી હતી. તપાસ દરમિયાન ખોરાકના કુલ 6 જેટલા નમૂનાઓ એકત્ર કરીને લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યા છે.

## શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે હિન્દી દિવસ ની ઉજવણી કરવાં આવી



દિપક રાવલ દાહોદ લીમખેડા

લીમખેડાની શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે વિશ્વ હિન્દી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે વિદ્યાર્થીઓમાં હિન્દી ભાષા પ્રત્યે રસ-રૂચિ વધે તે હેતુથી વિવિધ માલપાની પરિવાર તરફ પ્રતિયોગિતાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે મંત્રી શ્રી ભરતભાઈ ભરવાડ સાહેબ, ઉપપ્રમુખ શ્રી રાકેશભાઈ ભરવાડ સાહેબ તેમજ શ્રી પ્રવીણભાઈ માલપાની ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉજવણી અંતર્ગત યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં લીમખેડા ની વિવિધ શાળાઓએ ભાગ લીધો હતો જેમાં બાળકોએ હિન્દી ભાષામાં વકૃત્વ સ્પર્ધા, મુહાવરા સ્પર્ધા, તેમજ કહાવત અને સુવિચારોની અદ્ભુત પ્રસ્તુતિ કરી હતી.આ તમામ પ્રતિયોગિતાઓમાં લીમખેડાની વિવિધ શાળાઓના બાળકો વચ્ચે રસાકસીભરી સ્પર્ધા જોવા મળી હતી, જેમાં શ્રી હસ્તેશ્વર શાળાના બાળકોએ તમામ સ્પર્ધામાં. પ્રથમ ક્રમે વિજેતા થયા હતા સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## ડિજિટલ આરોગ્ય વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે આયુષ્માન ભારત ડિજિટલ મિશન અંતર્ગત વર્કશોપ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

આયુષ્માન ભારત ડિજિટલ મિશન અંતર્ગત રાજ્યમાં ડિજિટલ આરોગ્ય વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.અલ્પેશ સાલ્વીના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે તા.૯ સપ્ટેમ્બર,૨૦૨૬ના રોજ વર્કશોપ યોજાયો હતો. વર્કશોપમાં જૂનાગઢ મહાનગરપાલિકા તથા તાલુકા કક્ષાની ખાનગી હોસ્પિટલોના તબીબો, વિવિધ તબીબ મંડળોના પ્રમુખશ્રીઓ તેમજ હોસ્પિટલના માહિતી-તકનીકી નિષ્ણાતોએ ભાગ લીધો હતો. વર્કશોપનો પ્રારંભ તબીબી અધિકારી ડૉ.દિગ્નેશ વાછાણી દ્વારા રાજ્યકક્ષાએથી આવેલા તાલીમકારો અને તાલીમાર્થીઓના સ્વાગત સાથે કરવામાં આવ્યો હતો. રાજ્યકક્ષાના તાલીમકાર જસ્મિન પંચાલ દ્વારા ABHA કાર્ડ ના માધ્યમથી દર્દીના આરોગ્ય રેકોર્ડને ડિજિટલ સ્વરૂપે સુરક્ષિત રાખવા તથા જરૂરિયાત મુજબ તબીબ સાથે સરળતા થી શેર કરી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે આરોગ્ય વિભાગના અધિકારી ડૉ.પ્રકાશ સુથાર ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમ થી જોડાયા હતા અને ડિજિટલ આરોગ્ય વ્યવસ્થાના મહત્વ અંગે માર્ગદર્શન આપી વધુમાં વધુ તબીબો તથા આરોગ્યકર્મીઓ આ મિશન સાથે જોડાય તેવી અપીલ કરી હતી. વર્કશોપ દરમિયાન દર્દીના આરોગ્ય રેકોર્ડને હોસ્પિટલ સાથે જોડવાની પ્રક્રિયા, આરોગ્ય રેકોર્ડની સુરક્ષા, હોસ્પિટલ તથા તબીબોની ઓનલાઈન નોંધણી, મોબાઈલ એપ્લિકેશનથી દર્દી માટે નંબર મેળવવાની વ્યવસ્થા અને ડિજિટલ દવાપત્ર તૈયાર કરવાની પ્રક્રિયા અંગે પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. અંતે ડૉ.મેહુલ પટેલ દ્વારા જિલ્લામાં આયુષ્માન ભારત ડિજિટલ મિશનની અમલવારી, મહત્વ તથા પડકારો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા તથા મહા નગરપાલિકાના આરોગ્ય અધિકારીશ્રીઓ, તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ, આયુષ્માન ભારત યોજનાના કર્મચારીઓ તથા અન્ય આરોગ્યકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરામાં સિમ કાર્ડ પોર્ટેબલ કરી છેતરપિંડી થઈ, સિમ પોર્ટ કરી લાખોની ઠગાઈ, વેપારીના પિતાનું સિમ બદલાયું

(એજન્સી) વડોદરા । તા.14

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલા વિહાર સોસાયટીમાં રહેતા અને ફર્નિચરનો ધંધો કરતા વેપારી બ્રિજેશભાઈ ગિરીશભાઈ શાહ સાથે ભેજાબાજ ગઠિયાઓએ ટેકનિકલ માધ્યમથી તેમના પિતાના જૂના મોબાઈલ નંબરનું સિમ કાર્ડ અન્ય કંપનીમાં બિનઅધિકૃત રીતે પોર્ટેબલ કરાવીને બેંક ખાતામાંથી કુલ એક લાખ નવાણું હજાર રૂપિયાની ઓનલાઈન છેતરપિંડી આચર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેના પગલે જે.પી. રોડ પોલીસ સ્ટેશન દ્વારા ગુનો નોંધીને ઝારખંડ સુધી ફેલાયેલા આ સાયબર ઠગાઈના નેટવર્કની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.

વેપારીએ પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગત પાંચમી સપ્ટેમ્બરના રોજ તેમના બેંક ખાતામાંથી અચાનક જ પાંચ રૂપિયા અને ત્યારબાદ નવ્વાણું હજાર પાંચસો રૂપિયા ડેબિટ થયા હતા, અને ત્યારપછી છઠ્ઠી તારીખે પણ તેટલી જ રકમ ખાતામાંથી નીકળી જતાં તેમની ચિંતા વધી ગઈ હતી. પોતાની જાણ બહાર આ પ્રકારે સતત નાણાકીય વ્યવહારો થતા હોવાની શંકા જતા તેમણે તાત્કાલિક સાયબર હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો અને તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન એવું બહાર આવ્યું હતું કે તેમના પિતા જે જૂના મોબાઈલ નંબરનો ઉપયોગ કરતા હતા અને જે નંબર પરિવારના વિવિધ બેંક ખાતાઓ સાથે જોડાયેલો હતો, તે નંબર અચાનક જ કોઈ અજાણી વ્યક્તિ દ્વારા એરટેલ કંપનીમાં પોર્ટેબલ કરાવી લેવામાં આવ્યો હતો અને તે નંબર પર આવતા મેસેજ અને ડેટાનો દુરુપયોગ કરીને ગઠિયાઓએ લાખો રૂપિયા સેરવી લીધા હતા. આ સમગ્ર કાવતરાની વધુ તપાસ કરતા એવું જાણવા મળ્યું હતું કે સાતમી તારીખે રાત્રે અગિયાર વાગ્યા ને ઓગણસાઠ મિનિટે એક મેસેજ આવ્યો હતો કે મોબાઈલ નંબર ગ્રાહકની વિનંતીથી જિયોમાંથી એરટેલ કંપનીમાં સ્થાનાંતરિત થઈ ગયો છે. એરટેલના ગ્રાહક કેન્દ્ર પરથી મેળવેલી માહિતી મુજબ આ નંબર ઝારખંડમાં રહેતી કોઈ અન્ય વ્યક્તિના નામે જારી થઈ ગયો હોવાનું સ્પષ્ટ થયું હતું.

## વડોદરામાં ગણપતિ ફાળા મામલે મારામારી થઈ, ચોખંડીમાં ફાળા મુદ્દે સામસામે ફરિયાદ

(એજન્સી) વડોદરા । તા.14

વડોદરા શહેરના સંવેદનશીલ ગણાતા ચોખંડી વિસ્તારમાં ગણપતિ ઉત્સવના પવિત્ર તહેવાર નિમિત્તે ઉઘરાવવામાં આવતા ફાળાની રકમ બાબતે મામલો એટલો બધો વણસી ગયો હતો કે સામાન્ય બોલાચાલી બાદ બે જૂથો વચ્ચે ઉગ્ર મારામારી સર્જાઈ હતી, જેના પગલે સ્થાનિક વાડી પોલીસ મથકે બંને પક્ષો દ્વારા સામસામે ગંભીર ફરિયાદો નોંધાવવામાં આવતા પોલીસે ત્વરિત ગુનો નોંધીને કાયદેસરની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે અને સમગ્ર વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ રાજસ્થાનના વતની અને હાલમાં વડોદરાના ચોખંડી કંસારા પોળ ખાતે રાજસ્થાન કુલ્ફીની દુકાન ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતા બીજેન્દ્રસિંહ વાઘેલાએ વાડી પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે કે તેઓ છેલ્લા બે વર્ષથી આ વિસ્તારમાં વેપાર કરે છે. થોડા દિવસો અગાઉ તેમની દુકાને હિતેશ પટણી નામના શખ્સે આવીને આગામી ગણપતિ ઉત્સવના આયોજન માટે એકવીસ હજાર રૂપિયાના મોટા ફાળાની માગણી કરી હતી. વેપારી દ્વારા આટલી મોટી રકમ આપવા માટે અસમર્થતા દર્શાવવામાં આવતા આરોપીએ તેમને ધમકી આપી હતી કે તું અહી દુકાન કેવી રીતે ચલાવે છે તે હું જોઈ લઈશ. ત્યારબાદ તારીખ તેરના રોજ બપોરના સુમારે આ શખ્સો તેમની દુકાન આગળ આવ્યા હતા અને ફાળાના મુદ્દે બોલાચાલી કરીને વેપારીના પુત્ર તથા પરિવાર પર હુમલો કર્યો હતો, જેમાં મોન્ટી અને પંકજ નામના અન્ય ઈસમો પણ જોડાઈને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોવાનું બહાર આવ્યું છે.

આ ઘટનાના બીજા પક્ષે પણ એટલા જ ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. વિરોધ પક્ષના જતીન પટણી દ્વારા વાડી પોલીસ મથકે સામી ફરિયાદ નોંધાવવામાં આવી છે કે ગણપતિના ફાળાની બાબતે થયેલી બોલાચાલી અને તકરાર દરમિયાન બીજેન્દ્રસિંહ વાઘેલા અને તેમના પરિવારજનોએ ઉશ્કેરાઈને ઝઘડો કર્યો હતો અને લાકડીઓ વડે હુમલો કરીને ગંભીર પરિણામો ભોગવવાની ધમકી આપી હતી.

## બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ ખાતે 'આત્મહત્યા નિવારણ દિવસ' નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ,જૂનાગઢ ખાતે મનોવિજ્ઞાન વિભાગ અને એન.ટી.એફ.ના સંયુક્ત ઉપક્રમે 'સુસાઇડ પ્રિવેન્શન ડે-૨૦૨૬' નિમિત્તે આત્મહત્યા નિવારણ અને માનસિક સ્વાસ્થ્ય અંગે વિદ્યાર્થીઓ માં જાગૃતિ કેળવવા કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થિની જોગલ મૌરાએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માનસિક તણાવના સંકેતો, આત્મહત્યાના સંભવિત કારણો અને નિવારણ અંગે માહિતી આપી હતી. વિદ્યાર્થિની વ્યાસ રિદ્ધિએ 'જીવનને એક તક આપો' વિષય પર પ્રેરણાદાયી વક્તવ્ય આપી મુશ્કેલ પરિસ્થિતિમાં આશાવાદ જાળવી રાખવાનો સંદેશ આપ્યો હતો. મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ પ્રા.ભરત જોશીએ વિદ્યાર્થીઓને જીવનમાં આવતી મુશ્કેલીઓનો હિંમત અને સકારાત્મક અભિગમથી સામનો કરવા પ્રેરિત કર્યા હતા. કોલેજના આચાર્ય ડૉ. જે. આર. વાંઝાએ પ્રાસંગિક ઉદ્બોધન કરી પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા તેમજ દિવંગત અધ્યાપક ડૉ. કે.પી.બાકુને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલું 'સુસાઇડ પ્રિવેન્શન અવેરનેસ' આધારિત નાટક રહ્યું હતું. નાટક દ્વારા વૃદ્ધાવસ્થા, માનસિક અસ્વસ્થતા, શૈક્ષણિક દબાણ અને યુવાનોમાં સંવાદના અભાવ જેવા વિવિધ પાસાઓ રજૂ કરી મુશ્કેલીના સમયમાં પરિવાર અને મિત્રોનો સહયોગ મેળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.મનોવિજ્ઞાન વિભાગના ડૉ.જાગૃતિબેન વ્યાસે સંચાલન કર્યું હતું. કાર્યક્રમના અંતે સમાજશાસ્ત્ર વિભાગના ડૉ.ચંદ્રકાંત વણકરે આભાર વિધિ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ડૉ.ભરતભાઈ રાઠોડ અને ડૉ.ભરતભાઈ ભેડાએ સહયોગ આપ્યો હતો.

## ગણતરીનાં દિવસોમાં હિટ એન્ડ રન (અન-ડીટેક્ટ ફેટલ)નો ગુનો ઉકેલ:-અકસ્માત સર્જી ભાગી છૂટેલ બોલેરો પિકઅપ ચાલક ઝડપાયો



સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ એક ગંભીર હિટ એન્ડ રનની ઘટનામાં આહવા પોલીસે ગણતરીના દિવસોમાં સફળતા મેળવીને અન-ડીટેક્ટ ફેટલ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. તાજેતરમાં આહવા-ચિંચલી રોડ પર માદલબારી ગામે 'ગાયઘર' નામે ઓળખાતી જગ્યા પાસે એક અજાણ્યા ફોરવ્હીલ ચાલકે પોતાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવીને મોટરસાયકલ (નંબર: GJ-30-F-1341) ને સામેથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મોટરસાયકલ ચાલકને મોઢા, માથા તથા હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતુ.આ અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો ચાલક પોતાના વાહન સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો, જે અંગે આહવા પોલીસ સ્ટેશનમાં ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.આ વણઉકેલાયેલા ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી સુરત રેન્જ પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ, ડાંગ-આહવા પોલીસ અધિક્ષક પૂજા યાદવ તથા નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડિમરીના માર્ગદર્શન હેઠળ આરોપીને ત્વરિત પકડી પાડવા સુચના આપવામાં આવી હતી.

જેના આધારે આહવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.બી. સાંખલા દ્વારા અલગ-અલગ ટીમો બનાવીને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. આહવા પોલીસ ટીમે વિસ્તારના સીસીટીવી (CCTV) ફૂટેજ, ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સીસ (બાતમીદારો)ની મદદથી સતત પ્રયાસો હાથ ધર્યા હતા. આ ટેકનિકલ અને માનવ સંસાધનોના સચોટ ઉપયોગથી પોલીસે ગુનામાં સંડોવાયેલ વાહનની ઓળખ કરી આરોપીને નાંદનપેડા ગામેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે આ કેસમાં ૪૧ વર્ષીય ડ્રાઈવિંગનો ધંધો કરતા જુમ્મા રહેમાનભાઈ વાની (રહે. નાંદનપેડા, તા. આહવા, જી. ડાંગ) ની અટકાયત કરી છે. તેની સાથે અકસ્માતમાં સંડોવાયેલ બોલેરો પિકઅપ ગાડી (નંબર: GJ-15-YY-1576) પણ કબ્જે કરવામાં આવી છે.

## ઉપલેટા પંથકમાં વૃદ્ધે આચર્યું દુષ્કર્મ, પાડોશીએ યુવતીને બનાવી શિકાર

રાજકોટ | રાજકોટ જિલ્લાના ઉપલેટા પંથક અંતર્ગત આવતા એક ગ્રામ્ય વિસ્તારમાં પાડોશમાં જ રહેતા એક સાઈઠ વર્ષીય વૃદ્ધે નિર્દોષ યુવતીને જાનથી મારી નાખવાની ઘાતકી ધમકીઓ આપીને અવારનવાર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હોવાની અને તેના પરિણામે ભોગ બનનાર યુવતી ગર્ભવતી બની ગઈ હોવાની અત્યંત શરમજનક તથા હચમચાવી નાખતી ઘટના સામે આવતા સમગ્ર વિસ્તારમાં ભારે રોષ અને સનસનાટી વ્યાપી ગઈ છે, જેના પગલે પરિવારજનો દ્વારા પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવતા પ્રશાસન હરકતમાં આવ્યું છે. પીડિત યુવતીના પરિવારજનો મજૂરીકામ અર્થે બહાર ગયા હતા તે દરમિયાન ઘર આસપાસ કોઈ ન હોવાનો લાભ લઈને પાડોશમાં રહેતા મધુ રૂડાભાઈ અકબરી નામના સાઈઠ વર્ષીય નરાધમે આઘાતજનક કૃત્ય આચર્યું હતું. જ્યારે યુવતી પોતાના ઘરની નજીક હતી ત્યારે આરોપીએ તેની પાછળ જઈને મોઢે ડૂચો દઈ દીધો હતો અને જો તે કોઈને વાત કરશે કે બૂમાબૂમ કરશે તો તેને જાનથી પતાવી દેવાની ધમકી આપીને નજીકની અવાવરું જગ્યાએ બળજબરીથી ખેંચી ગયો હતો અને ત્યાં તેની મર્યાદા ભંગ કરી હતી. આરોપીએ આ વાતની કોઈને જાણ ન કરવા દબાણ કરીને અવારનવાર પોતાની હવસનો શિકાર બનાવી હતી.

### ચક્રધર સ્વામીના જન્મદિવસે ભરૂચમાં અનુયાયીઓની ભીડ

# ભરૂચની જામા મસ્જિદ વિવાદમાં ચક્રધર સ્વામીના અનુયાયીઓ ઉમટ્યા

(એજન્સી) ભરૂચ । તા.14



આજ રોજ સોમવારે ભરૂચ જિલ્લામાં આવેલી અસાધારણ અને પૌરાણિક સાંસ્કૃતિક ધરોહર કે જે સાતસો વર્ષ પહેલા જૈન સમરી વિહાર તરીકે અને વર્તમાન સમયમાં જુમ્મા મસ્જિદ તરીકે ઓળખાય છે, ત્યાં ચક્રધર સ્વામીના આઠસો પાંચમા જન્મ દિવસ નિમિત્તે તેમના હજારો અનુયાયીઓએ દર્શન કરવા અને ઐતિહાસિક સ્થાપત્યનું નિરીક્ષણ કરવા માટે મોટી સંખ્યામાં એકઠા થઈને ભારે ઉત્સુકતા દર્શાવતા સવારથી જ સ્થાનિક પોલીસ વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહી શકે.

વર્ષ એક હજાર નવસો નવથી પુરાતત્વ વિભાગના દસ્તાવેજોમાં 'દ જામી મસ્જિદ' તરીકે નોંધાયેલી અને હાલમાં મુસ્લિમ સમુદાયના ટ્રસ્ટ દ્વારા સંચાલિત થઈને નમાઝ અદા કરાતી આ જગ્યાને લઈને છેલ્લા એક વર્ષથી મોટો વિવાદ ચાલી રહ્યો છે. મુકતાનંદ સ્વામી અને ચક્રધર સ્વામીના પ્રભાવશાળી અનુયાયી સુદર્શન નાગરાજ બાબા સહિતના અગ્રણીઓએ આ જગ્યા તેરમી સદીમાં અલાઉદ્દીન ખિલજીના આક્રમણ પહેલા મૂળ જૈન સમરી વિહાર અને ચક્રધર સ્વામીનું પવિત્ર જન્મસ્થળ હોવાનો દાવો કરીને તેને સત્તાવાર રીતે જૈન સમરી વિહાર જાહેર કરવાની માંગ સાથે અનોખું આંદોલન છેડ્યું છે, જેના કારણે આ સ્થળ સમગ્ર રાજ્યમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે.

ચક્રધર સ્વામીના જન્મદિનના પાવન અવસરે ગુજરાતભરમાંથી આવેલા અનેક જિલ્લાઓના અનુયાયીઓ સવારથી જ આ ધાર્મિક સ્થળ પર પહોંચી ગયા હતા, અને ભીડને નિયંત્રિત કરવા માટે પોલીસ દ્વારા લોકોને ટુકડે ટુકડે પ્રવેશ આપવામાં આવ્યો હતો. અંદર પ્રવેશ કરનાર શ્રદ્ધાળુઓએ એવું નિરીક્ષણ નોંધાવ્યું હતું કે આ પવિત્ર સ્થળના મુખ્ય દ્વાર પર ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમા અંકિત થયેલી છે અને તમામ સ્તંભો પર પણ જૈન દેવી-દેવતાઓની કોતરણી જોવા મળે છે, તેમજ અગાઉ મળી આવેલા ભોંયરામાંથી પણ ઓગણીસમા તીર્થંકર ભગવાન મલ્લિનાથની પ્રતિમા મળી આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

મીડિયા અહેવાલ અનુસાર, અનુયાયીઓએ સરકાર અને પુરાતત્વ વિભાગ સમક્ષ જૂના ઈતિહાસના દસ્તાવેજો ચકાસીને આ સ્થળને પુનઃ જૈન સમરી વિહાર અને જન્મસ્થળ તરીકે જાહેર કરવાની પ્રબળ માંગ દોહરાવી છે, જ્યારે બીજી બાજુ કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને દેખરેખ રાખવામાં આવી રહી છે. સ્થાનિક સ્તરે પ્રવર્તતી આ સંવેદનશીલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા બંને પક્ષો સાથે સંકલન સાધવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે અને આગામી દિવસોમાં આ વિવાદના કાનૂની તેમજ પુરાતત્વીય ઉકેલ માટે ઉચ્ચ સ્તરે ચર્ચા થવાની પૂરી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે.

### હોટલ સંચાલકનું ઉદ્ધતાઈભર્યું વર્તન

## વડોદરામાં હોટલની ખીચડીમાંથી મૃત મકોડા નીકળ્યા

(એજન્સી) વડોદરા । તા.14



વડોદરા શહેરના અતિ વ્યસ્ત અને ગીચ ગણાતા અમિતનગર સર્કલ વિસ્તારમાં આવેલી જાણીતી કિસ્મત કાઠિયાવાડી હોટલમાં ગઈકાલે રાત્રે ભોજન કરવા આવેલા ગ્રાહકોને પીરસવામાં આવેલી વઘારેલી ખીચડીમાંથી મૃત મકોડા નીકળવાની અત્યંત ગંભીર અને ચોંકાવનારી ઘટના સામે આવતા ભારે હોબાળો મચી ગયો છે, અને આ મામલે હોટલ સંચાલકોની સ્વચ્છતા તેમજ ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થતા સ્થાનિક સ્તરે ભારે રોષ ફેલાયો છે. ગઈકાલે રાત્રે પરિવાર સાથે હોટલમાં જમવા ગયેલા ગ્રાહકોને ઓર્ડર મુજબ વઘારેલી ખીચડી પીરસવામાં આવી હતી. ભોજન દરમિયાન જ જ્યારે થાળીમાં નજર કરવામાં આવી ત્યારે ખીચડીની અંદર મૃત મકોડા સ્પષ્ટપણે નજરે પડ્યા હતા, જેને જોઈને ગ્રાહકોના હોશ ગયા હતા. આ અખાદ્ય અને બેદરકારી ભરેલું ભોજન જોઈને મહિલા ગ્રાહક દ્વારા તરત જ હોટલના સંચાલક કે મેનેજર પાસે જઈને નમ્રતાપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી અને ખાણીપીણીની વસ્તુઓમાં આ પ્રકારની ગંભીર બેદરકારી સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. ગ્રાહકની આ યોગ્ય રજૂઆતને ગંભીરતાથી લઈને ક્ષમા માંગવાને બદલે હોટલના સંચાલક દ્વારા ઉલટાનું ઉદ્ધતાઈભર્યું અને જવાબદારી વગરનું વર્તન કરવામાં આવ્યું હોવાનો ગંભીર આક્ષેપ ગ્રાહક દ્વારા કરવામાં આવ્યો છે. હોટલ જેવા જાહેર સ્થળે આવું અસ્વચ્છ અને હાનિકારક ભોજન પીરસવાથી લોકોના સ્વાસ્થ્ય સાથે સીધા ચેડાં થતા હોવાની બાબતે રેસ્ટોરન્ટની આસપાસ એકત્રિત થયેલા અન્ય લોકોએ પણ ભારે આશ્ચર્ય અને રોષ વ્યક્ત કર્યો હતો.

### અમદાવાદના બિલ્ડર ભાવેશ અમીન સામે લુક આઉટ નોટિસ

## અમેરિકા ફરાર બિલ્ડર ભાવેશ અમીન સામે લુક આઉટ નોટિસ

(એજન્સી) વડોદરા । તા.14

વડોદરાના માંજલપુર વિસ્તારમાં આવેલા ટેન્સાઈલ સ્ટીલ કંપનીની કિંમતી જમીન બોગસ લીઝ ડીડના આધારે પચાવી પાડવાના અને દસ કરોડ રૂપિયા પડાવવાના ગંભીર પ્રકરણમાં સંડોવાયેલો અમદાવાદનો કુખ્યાત બિલ્ડર ભાવેશ અમીન દેશ છોડીને અમેરિકા ફરાર થઈ ગયો હોવાની માહિતી મળતા ડીસીબી પોલીસે તેની સામે કડક કાર્યવાહીના ભાગરૂપે સત્તાવાર લુક આઉટ નોટિસ જારી કરી છે અને સમગ્ર માનેલા ગુનાહિત નેટવર્કની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

કંપનીમાં સત્તાણું ટકા જેટલો મોટો શેર હિસ્સો ધરાવતા સંજય પટેલે સ્થાનિક પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી કે આરોપીઓએ એક થઈને ખોટા દસ્તાવેજોના આધારે કરોડો રૂપિયાની જમીન ભાડે આપી દીધી હતી. આ ગંભીર કેસમાં પોલીસે અગાઉ દિલધડક કાર્યવાહી કરીને પૂર્વ ડાયરેક્ટર અમિત શાહ સહિત અન્ય પાંચ જેટલા આરોપીઓને સકંજામાં લીધા છે અને હાલ રિમાન્ડ પર રહેલા મુખ્ય આરોપીઓની સઘન પૂછપરછ કરીને બોગસ દસ્તાવેજો તથા કરોડો રૂપિયાના વ્યવહારોનું વેરિફિકેશન કરવામાં આવી રહ્યું છે, જ્યારે આ સમગ્ર કાવતરાનો મુખ્ય સૂત્રધાર ગણાતો અમદાવાદનો બિલ્ડર પોલીસ પકડથી દૂર વિદેશ ભાગી છૂટવામાં સફળ રહ્યો છે.

થયેલા બિલ્ડર ભાવેશ અમીન સામે અગાઉ પણ વડોદરા શહેરના અલગ-અલગ વિસ્તારો જેવા કે સયાજીગંજ, મકરપુરા અને સમા વિસ્તારમાં જમીન વિવાદ તથા પ્રોપર્ટી બાબતે ગંભીર પ્રકારના ગુનાહિત કેસો નોંધાયેલા છે, જોકે અગાઉના કેટલાક મામલાઓમાં અદાલતી કાર્યવાહી બાદ ફરિયાદો રદ થઈ હતી અથવા તો સમાધાન થઈ ગયું હોવાનું સામે આવ્યું હતું. આમ છતાં, આ વખતે જમીન કૌભાંડનું કદ ખૂબ મોટું હોવાથી અને કાયદાના હાથ લાંબા હોવાથી પોલીસ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે લુક આઉટ નોટિસ જારી કરાવીને તેને ઝડપી પાડવા માટેના તમામ પ્રયાસો તેજ કરી દેવામાં આવ્યા છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો.

**વૃષભ : બ. વ. ઉ.**

ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો। પત્નીના કામોમાં હસ્તક્ષેપ તેને ક્રોધાવેશમાં લાવી શકે છે. સામસામે ગુસ્સો કરવાથી દૂર રહેવા માટે તેની પરવાનગી લો.

**કર્ક : ડ. હ.**

સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે. તમારા પ્રિયપાત્રના સાથ વગર તમને ખાલી-ખાલી લાગશે.

**સિંહ : મ. ટ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે. તમારા પરિવારના સભ્યો સાથે તમે આ સમાચાર વહેંચશો ત્યારે તેઓ પણ ખુશખુશાલ થઈ જશે.

**કન્યા : પ. ઠ. ણ.**

ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.

**તુલા : ર. ત.**

દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો.

**વૃશ્ચિક : ન. ય.**

આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. અદ્દભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.

**મકર : ખ. જ.**

તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારા પરિવારના સભ્યો કહે ચે એ દરેક બાબત સાતે તમે કદાચ સહમત નહીં થાવ.

**કુંભ : ગ. સ. શ. ષ.**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. પ્રેમની મસ્તીનો અનુભવ કરવા માટે તમને કોઈ મળી શકે છે.

# નખત્રાણામાં પ્રથમ ગણેશ મહોત્સવનો ભવ્ય પ્રારંભ : ભક્તિ સાથે ગૌસેવાનો સંકલ્પ

### લોહાણા મહાજન, મહિલા મંડળ અને યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે ત્રિદિવસીય આયોજન; દાતાશ્રીઓના સહયોગથી ધાર્મિક કાર્યક્રમો યોજાશે

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા ખાતે શ્રી નખત્રાણા લોહાણા મહાજન દ્વારા પ્રથમ ગણેશ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા. 14 સપ્ટેમ્બર, સોમવારથી તા. 16 સપ્ટેમ્બર, બુધવાર સુધી યોજાનારા ત્રિદિવસીય મહોત્સવને લઈને લોહાણા સમાજમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.મહોત્સવ દરમિયાન 14/9/26 સવારે 9:30 કલાકે ભવ્ય શોભયાત્રા દ્વારા ગણેશજીની સ્થાપના કરવામાં આવી સાંજે 7 વાગે આરતી અને રાત્રે 10 વાગે મ્યુઝિકલ હાઉઝી નો પ્રોગ્રામ બીજા દિવસે સવારે પૂજા સાંજે મહા આરતી અને રાસ ત્રીજા દિવસે સવારે ગાયત્રી હવન અને સાંજે વિસર્જન સમાજ ના ભાઈયો બહેનો સહ પરિવાર ઉપસ્થિત રહી ગણેશ મહોત્સવની શોભા વધારવા આયોજકો દ્વારા ભાવભર્યું



આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.આ પાવન આયોજનમાં વિવિધ દાતાશ્રીઓ દ્વારા પણ સેવાભાવપૂર્વક સહયોગ આપવામાં આવ્યો છે. ગણેશ મૂર્તિના દાતા તરીકે શ્રીમતી મીરાબેન ચેતનભાઈ ઠક્કર, પ્રમુખ - શ્રી નખત્રાણા લોહાણા મહિલા મંડળ, જ્યારે સૂકી પ્રસાદીના દાતા નિધિ જીજ્ઞેશ પલણ તથા રાધ્યા દર્શન ઠક્કર છે. મહાઆરતીના દાતા તરીકે શ્રી જલારામ ભક્ત પરિવાર દ્વારા સહયોગ આપવામાં આવ્યો છે.ગણેશ મહોત્સવની વિશેષતા એ છે કે આ મહોત્સવ દરમિયાન થતી આવક ગૌસેવાના પવિત્ર કાર્યમાં વપરાવવામાં આવશે, જેના પગલે ધાર્મિક આસ્થા સાથે જીવદયા અને સેવાનો સુંદર સંદેશ પણ આપવામાં આવશે.મહોત્સવનું આયોજન શ્રી નખત્રાણા લોહાણા મહાજન, શ્રી નખત્રાણા લોહાણા મહિલા મંડળ તથા શ્રી નખત્રાણા લોહાણા યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. સ્થળ: શ્રી ધર્મેશ કાન્તા કતિરા પાર્ટી પ્લોટ, પૂર્વ દરિયાસ્થાન મંદિર પાસે, જુનાવાસ-નખત્રાણા.

## મહાનગર પાલિકા, જુનાગઢ દ્વારા ગણેશ મહોત્સવ નીમીતે અસ્થાયી વિસર્જન કુંડનો પ્રારંભ કરાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૪. ગણેશ મહોત્સવ નિમિતે શ્રદ્ધાળુઓ દ્વારા ઘર શેરી, મહોલ્લા સોસાયટીઓમાં ભગવાનશ્રી ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. મહાનગર પાલિકા, જુનાગઢ દ્વારા શહેરના શ્રધ્ધાળુ ઓની ધાર્મીક લાગણીને ધ્યાને લઈ ભગવાન ગણેશજીની સ્થાપના કરતા શ્રધ્ધાળુઓ, પંડાલો, આયોજકો, મંડળો વગેરેએ ગણેશજીની સ્થાપના પુર્ણ થયા પછી ગણેશજીની મૂર્તિ વિસર્જન માટે દર વર્ષની માફક આ વર્ષે પણ'અસ્થાયી વિસર્જન કુંડ' બનાવવામાં આવેલ છે. જે કુંડને તા.૧૪/૦૯/૨૦૨૬ ને સોમવારના રોજ ભવનાથ વિસ્તારમાં દુધેશ્વર મંદિર પાસે વોટર વર્કસનો સંપ ઈન્દ્રભારતીજીના પ્રવેશ દ્વાર,જુનાગઢ પાસે છે.જેમાં મૃગી કુંડ,નારાયણ ધરો,તથા દામોદર કુંડ જેવા પવિત્ર જળાશયોના ત્રીવેણી સંગમના જળ સંગ્રહ કરી શાસ્ત્રોક્ત વિધિથી મેયરશ્રી ધર્મેશ પોંશીયા,ડે. મેયરશ્રી આકાશભાઈ કટારા,શ્રી પલ્લવીબેન ઠાકર, નાયબ કમિશનરશ્રી આર.આર. રાવલીયા, શહેર પ્રમુખશ્રી ગૌરવભાઈ રૂપારેલીયા, શ્રી કલ્પેશભાઈ અજવાણી,શ્રી કિશનદાસ બાપુ રામ ટેકરી વગેરે સાધુ સંતો તથા મહંતો તેમજ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની ઉપસ્થિતિમાં ગણપતીજીના વિસર્જન માટે વિસર્જન કુંડનો પ્રારંભ કરવામાં આવ્યો છે.આ ત્રીવેણી સંગમમાં વિસર્જન કરી વિશેષ પુણ્ય અને ભાગ્યશાળી બનવા અને પર્યાવરણ તથા વહેતા પાણીને દુષિત થતુ અટકાવવાનાં સહિયારા પ્રયાસમાં સહભાગી થવા અને આ અસ્થાયી વિસર્જન કુંડમાં ગણપતિ વિસર્જન કરવા માટે જણાવ્યું છે વધુમાં મહાનગરપાલિકા, જુનાગઢ દવારા શ્રધ્ધાળુ ભાવિકોને માટીના ગણપતિ (ઈકો- ફ્રેઈન્ડલી) મૂર્તિની સ્થાપના કરવા અનુરોધ કરવામાં આવે છે. આ અસ્થાયી વિસર્જન કુંડમાં દર વર્ષે અંદાજિત ૧૯૦૦ થી ૨૦૦૦ જેટલી ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવે છે. તેમજ દર વર્ષેની જેમ રાઉન્ડ ધ કલોક ૨૪+૭ કલાક કાર્યરત રહે છે.

**અનોખો સન્માન સમારોહ**

## ૨૧ નિવૃત્ત શિક્ષકોનું સન્માન; કચ્છના શ્રેષ્ઠ શિક્ષિકા ભાવિની ત્રિપાઠીનું વિશિષ્ટ સન્માન, લાયોનેસ ક્વીન દ્વારા પ્રમુખ દર્શના ત્રિવેદી પણ સન્માનિત



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

ભુજ ખાતે સમન્વય મહિલા મંડળ દ્વારા સમાજમાં શિક્ષણની જ્યોત પ્રગટાવી અનેક દીકરા-દીકરીઓને જીવનમાં પગભર બનાવનાર ૨૧ નિવૃત્ત શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત શિક્ષકોની સેવાઓને બિરદાવી તેમની પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી.આ પ્રસંગે કચ્છ જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષિકા ભાવિની ત્રિપાઠીનું વિશિષ્ટ સન્માન કરાયું હતું. છેલ્લા ચાર વર્ષથી બ્રેસ્ટ કેન્સર સામે જંગ લડી રહ્યાં હોવા છતાં તેઓ બાળકોને સતત માર્ગદર્શન આપી શિક્ષણ પ્રત્યેની ધગશ જગાવવા પ્રયત્નશીલ છે.ભુજની નિવૃત્ત મહિલાઓના સમન્વય મહિલા મંડળના પ્રમુખ દર્શના ત્રિવેદીનું લાયોનેસ ક્વીન દ્વારા વિવિધ સંસ્થાઓના પ્રમુખોના સન્માન પ્રસંગે સન્માન થતાં તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.કાર્યક્રમને સફળ બનાવવા મંત્રી ગોપી રાઠોડ, ઉપપ્રમુખ સાધના આશર સહિત સંસ્થાના સભ્યોનો સહયોગ રહ્યો હતો. સન્માનિત શિક્ષકો તરફથી રમીલાબેન મહેતા અને ક્ષમાબેને પ્રતિભાવ આપ્યો હતો. તમામ શિક્ષકોએ પ્રમુખ દર્શનાબેન ત્રિવેદીનો આભાર માન્યો હતો. દમયંતીબેન સાગર પાત્રાએ શુભેચ્છાઓ પાઠવી હતી. નાસ્તાના યજમાન તરીકે જયક્ષીબેન ઠક્કર અને દેવીલાબેનનો સહયોગ રહ્યો હતો.

**મુરૂ ગામે ભુજ-હાજીપીર બસનું સ્ટોપ ક્યારે?**

## બસ સ્ટેશન પર મુસાફરો રાહ જોતા રહે, બસ રોકાયા વિના નીકળી જાય છે, ડ્રાઈવર-કંડક્ટરને સૂચના આપવા ગ્રામજનોની માંગ

જગદીશ પીદવે | દેશલપર (ગુંતલી)

તાલુકાના મુરૂ ગામે ભુજ-હાજીપીર રૂટની બસ બસ સ્ટેશન પર રોકાણ કર્યા વિના સીધી પસાર થતી હોવાના કારણે મુસાફરોને હાલાકી ભોગવવી પડી રહી છે. બસની રાહ જોઈને બસ સ્ટેશન પર બેઠેલા અનેક મુસાફરો બસ આવીને પણ તેમાં બેસી શકતા નથી.સ્થાનિક જાગૃત નાગરિક સુમારભાઈ ઝોલાએ આ અંગે જણાવ્યું હતું કે, મુરૂ ગામના બસ સ્ટેશન પર મુસાફરો બસની રાહ જોઈને બેઠા હોય છે, પરંતુ ભુજ-હાજીપીર બસ સ્ટેશન પર



રોકાયા વિના સીધી નીકળી જાય છે. જેના કારણે મુસાફરોને અન્ય વાહનનો સહારો લેવો પડે છે.તેમણે માંગ કરી છે કે બસ ડેપો તંત્ર દ્વારા ભુજ-હાજીપીર રૂટના ડ્રાઈવર અને કંડક્ટરને મુરૂ ગામના બસ સ્ટેશન પર બસ રોકવા અંગે સ્પષ્ટ સૂચના આપવામાં આવે, જેથી ગામના મુસાફરોને બસ સેવાનો લાભ મળી શકે.મુરૂ ગ્રામજનોની પણ માંગ છે કે મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખી ભુજ-હાજીપીર બસનું મુરૂ ગામમાં નિયમિત સ્ટોપ રાખી આ સમસ્યાનું વહેલી તકે નિરાકરણ લાવવામાં આવે.

**સુપ્રસિદ્ધ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે**

## ગણપતિ મહોત્સવ નિમિત્તે ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસે શ્રીકષ્ટભંજન દેવને શ્રી ગણેશજીની થીમ પર વિશેષ શણગાર કરાયો




નરેન્દ્ર દવે જૂનાગઢ

સારંગપુર તા.૧૪. સાળંગપુરધામ સ્થિત સુપ્રસિદ્ધ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પૂજ્ય શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજીની પ્રેરણા અને કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ શ્રી ગણપતિ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા. 14-09-2026, સોમવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને શ્રી ગણેશજીની થીમ પર વિશેષ શણગાર કરાયો હતો. શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજ લાલ રંગના સુંદર વસ્ત્રો, રંગબેરંગી ગુલાબ-સેવંતીના ફૂલોનો શણગાર કરાયો હતો. વિઘ્નહર્તા શ્રી ગણેશજીની સુંદર અને તેજસ્વી મૂર્તિ વિરાજમાન હતી. ગર્ભગૃહમાં 'શુભ' અને 'લાભ' લખેલા પ્રતીકો સાથે સ્વસ્તિક ચિહ્નો અને સુંદર હાથીઓની પ્રતિકૃતિ દ્વારા દિવ્ય શણગાર કરાયો હતો.મંદિર પરિસરમાં મારુતિ યજ્ઞનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, સવારે 9:00 કલાકે શ્રીહરિ મંદિરમાં પવિત્ર બ્રાહ્મણો દ્વારા ગણપતિદાદાનું પૂજન અને અર્ચન કરવામાં આવ્યું. પૂજન બાદ, શ્રી પૂજારી સ્વામીએ ગણપતિજીની આરતી ઉતારી હતી. આ દિવ્ય અને અનેરા દર્શનનો ભક્તોએ લાભ લીધો હતો.

### સારા વરસાદથી તળાવ ઓવરફ્લો થતાં ગ્રામજનોમાં આનંદ; ગામના પાણીના સ્રોતમાં વધારો

## આમારા ગામે તળાવ છલકાયું, ગામમાં ખુશીની લહેર! ગ્રામજનોએ કર્યા વધામણા

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના અમારા ગામે સારા વરસાદના પગલે ગામનું તળાવ ઓવરફ્લો થતાં ગ્રામજનોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. તળાવ છલકાતા ગ્રામજનો દ્વારા ઉત્સાહભેર વધામણા કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે સરપંચશ્રી વિમળાબેન પટેલ, ઉપસરપંચ સિધીક લોહાર, દિલીપસિંહ સોઢા, પૂર્વ સરપંચ વાલજીભાઈ પટેલ, મગનભાઈ પટેલ, ઓસમાણ ખલીફા ઢોલી, મોહન પટેલ, નરશી ગરવા, શિવજી રાણા, લિજેશ પટેલ, વેરશીભાઈ આહીર, સાહીલ ચવાણ સહિતના આગેવાનો તથા સર્વે ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



ગામના રાજકીય-સામાજિક આગેવાન વેરશીભાઈ આહીરે જણાવ્યું હતું કે, સારા વરસાદના કારણે ગામનું તળાવ ઓવરફ્લો થતાં સમગ્ર ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. તળાવમાં ભરપૂર પાણી આવતા ગામ માટે પાણીનો સારો સ્ત્રોત ઉપલબ્ધ થયો છે. તળાવ છલકાયું તે સમગ્ર ગામ માટે ખુશી અને આશાનું પ્રતિક છે. તળાવમાં ભરપૂર પાણીની આવક થતાં ગ્રામજનોએ આનંદ વ્યક્ત કર્યો હતો. વરસાદના પગલે તળાવ ઓવરફ્લો થતાં ગામમાં પાણીની સારી આવક થઈ છે, જેનાથી આગામી સમયમાં ગ્રામજનો તથા પશુધન માટે પણ પાણીની સુવિધામાં રાહત મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## ઈકો ફ્રેન્ડલી ગણેશ મેકિંગ સ્પર્ધા કેશોદમાં ઈકો ફ્રેન્ડલી ગણેશ મેકિંગ સ્પર્ધા યોજાઈ



નરેન્દ્ર દવે જૂનાગઢ

ગણેશ ચતુર્થી નિમિત્તે ભારત વિકાસ પરિષદ કેશોદ દ્વારા પર્યાવરણ સંરક્ષણના હેતુથી 'ઈકો ફ્રેન્ડલી ગણેશ' મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. 'પ્રકૃતિ સાથે આસ્થાનો મેળ, ચાલો બનાવીએ પર્યાવરણ મિત્ર ગણેશ'ના સંદેશ સાથે યોજાયેલી સ્પર્ધામાં 40 જેટલા બાળકો ,બહેનો સહિત નાગરિકો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નવા ગણેશ મંદિર, માંગરોળ રોડ, કેશોદ ખાતે યોજાયેલી સ્પર્ધામાં સ્પર્ધકોએ માટી, કાગળ, લોટ, ગોબર સહિતની કુદરતી સામગ્રીનો ઉપયોગ કરીને ગણેશજીની મૂર્તિઓ બનાવી હતી. સ્પર્ધામાં પ્લાસ્ટર ઓફ પેરિસ, કેમિકલ કલર તથા પ્લાસ્ટિક સામગ્રીનો ઉપયોગ ન કરવાની શરત રાખવામાં આવી હતી. સ્પર્ધાના વિભાગ-A માં પ્રથમ ક્રમે ક્વિનલ વઘાસિયા, દ્વિતીય ક્રમે ઈવા રંગોલીયા અને તૃતીય ક્રમે કાવ્યા ચનીયારા વિજેતા રહ્યા હતા. જ્યારે વિભાગ-Bમાં પ્રથમ ક્રમે હિનાબેન ગજેરા, દ્વિતીય ક્રમે નિધિ તન્ના અને તૃતીય ક્રમે આસ્થા સોલંકી વિજેતા બન્યા હતા.સ્પર્ધાના આયોજનમાં ભારત વિકાસ પરિષદ કેશોદના સંયોજકો ચિંતનભાઈ પનારા, ડો.ભૂપેન્દ્રભાઈ જોશી અને જગમાલભાઈ નંદાણિયા સહિતની ટીમે કામગીરી કરી હતી. શાખા પ્રમુખ આર.પી.સોલંકી, સચિવ જીતેન્દ્ર પટેલ સહિતના હોદ્દેદારોએ સહયોગ આપ્યો હતો. સ્થાપક પ્રમુખ ડો.સ્નેહલ તન્નાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધા દ્વારા પર્યાવરણમૈત્રી ગણેશોત્સવનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ ભાવનગર મંડળના વિવિધ રેલખંડો, સ્ટેશનો તથા પુનર્વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું

ભાવનગર | યાત્રીઓની સુરક્ષા, સુવિધા તથા રેલ પરિચાલનની કાર્યક્ષમતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા મંડળ રેલ પ્રબંધકશ્રી દિનેશ વર્માએ ભાવનગર મંડળના વિવિધ રેલખંડો, સમપાર ફાટકો તથા સ્ટેશનોનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમ્યાન સંરક્ષા ધોરણો, યાત્રી સુવિધાઓ, પરિચાલનાત્મક લવચીકતા તથા સ્ટેશન પુનર્વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી. 11 સપ્ટેમ્બર 2026ના રોજ મંડળ રેલ પ્રબંધક દ્વારા ભાવનગર- ધોળા તથા ધોળા-વેરાવળ રેલખંડ પર આવેલા વિવિધ સમપાર ફાટકોનું સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું. આ સાથે ખોડિયાર મંદિર, સોનગઢ, સણોસરા, ધોળા, વડાલ, માલિયા હાટીના તથા આદ્રી રોડ સ્ટેશનોનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન સ્ટેશન પરિસરમાં ઉપલબ્ધ યાત્રી સુવિધાઓ, પરિચાલન વ્યવસ્થા તથા સંરક્ષા સંબંધિત વિવિધ પાસાઓની સમીક્ષા કરવામાં આવી.આ જ ક્રમમાં જૂનાગઢ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ કાર્યોનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું. મંડળ રેલ પ્રબંધકશ્રી દિનેશ વર્માએ સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી તથા સંબંધિત અધિકારીઓને કાર્યો નિર્ધારિત ધોરણો અનુસાર ઉચ્ચ ગુણવત્તા સાથે અને સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા સૂચના આપી.આ દરમિયાન માનનીય સાંસદશ્રી રાજેશ ચૂડાસમા સાથે પણ રેલવે સ્ટેશન ખાતે મુલાકાત થઈ હતી. મંડળ રેલ પ્રબંધક દ્વારા માનનીય સાંસદશ્રીને વિકાસલક્ષી કાર્યો અંગેની માહિતી આપવામાં આવી હતી. આ જ ક્રમમાં, ગ્રોફેડ વિસ્તારમાં નિર્માણાધીન નવા મીટર ગેજ રેલવે સ્ટેશનની પ્રગતિની પણ માનનીય સાંસદશ્રી સાથે સમીક્ષા કરવામાં આવી હતી. 12 સપ્ટેમ્બર 2026ના રોજ મંડળ રેલ પ્રબંધકે વેરાવળ સ્ટેશન તથા યાર્ડનું નિરીક્ષણ કર્યું. નિરીક્ષણનો ઉદ્દેશ યાત્રીઓની સુવિધાઓને વધુ સુદ્દઢ બનાવવા તથા યાર્ડમાં પરિચાલનાત્મક લવચીકતા વધારવા માટે જરૂરી વ્યવસ્થા ઓની સમીક્ષા કરવાનો હતો. આ ઉપરાંત વેરાવળ રેલવે કોલોનીનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું તથા કર્મચારીઓ સાથે સંબંધિત સુવિધાઓ અને વ્યવસ્થાઓનો પણ જાયજો લેવામાં આવ્યો. મંડળ રેલ પ્રબંધકે સોમનાથ સ્ટેશનના પુનર્વિકાસ કાર્યોનું પણ નિરીક્ષણ કરી કાર્યની પ્રગતિ ની સમીક્ષા કરી.

## કેશોદમાં ભારત વિકાસ પરિષદ દ્વારા મોદક ખાવાની સ્પર્ધા યોજાઈ



નરેન્દ્ર દવે જૂનાગઢ

ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે કેશોદ ભારત વિકાસ પરિષદ દ્વારા બરસાના વિસ્તારમાં આવેલા ગણેશ મંદિરે મોદક (લાડુ) ખાવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ભાઈઓ અને બહેનો માટે બે અલગ વિભાગ રાખવામાં આવ્યા હતા અને વિવિધ ઉંમરના આશરે 60 જેટલા ભાઈ-બહેનો તથા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં 100 ગ્રામના લાડુ સાથે દાળની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભાઈઓના વિભાગમાં રસિકભાઈ પંડ્યાએ સૌથી વધુ 14 લાડુ ખાઈ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જ્યારે બહેનોના વિભાગમાં 15 વર્ષીય નેવ્યા સેંગરે 9 લાડુ ખાઈ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ સ્પર્ધાને ન્યુ એરા પ્રોફેસર એકેડેમીના પ્રો. પ્રવીણ ગજેરા દ્વારા સ્પોન્સર કરવામાં આવી હતી. સ્પર્ધાના સંયોજક તરીકે ચિંતન પનારા, રાજેન્દ્ર ઠકરાર, અશ્વિન સાબરપરા અને જીતેન્દ્ર ધોળકિયાએ કામગીરી સંભાળી હતી.સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ભારત વિકાસ પરિષદના સ્થાપક પ્રમુખ ડો.સ્નેહલ તન્ના તથા આર પી સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. ગણેશ ચતુર્થી નિમિત્તે યોજાયેલી આ અનોખી સ્પર્ધામાં સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ધાર્મિક પર્વની ઉજવણીને આનંદમય બનાવી હતી.

# ગિરનારી ગ્રુપ દ્વારા ગણેશ ચતુર્થી નિમિત્તે ગાયત્રી મંદિર ખાતે બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ યોજી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા ગાયત્રી મંદિરના સહયોગથી ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે બાળકોમાં રહેલી સર્જનાત્મકતા, રમતગમતની ભાવના તેમજ સામાન્ય અને ધાર્મિક જ્ઞાનને પ્રોત્સાહન મળે તે હેતુથી વિવિધ સ્પર્ધાઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચા દ્વારા એક યાદીમાં જણાવ્યું છે કે,ગાયત્રી મંદિર ખાતે તા.૧૩/૦૯/૨૦૨૬, રવિવારના રોજ સવારે ૧૦:૦૦થી સાંજના ૦૪:૦૦ વાગ્યા સુધી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી.જેમાં કોથળા દોડ, ચેસ, દેડકા દોડ, માટીમાંથી ગણપતિ બનાવવાની સ્પર્ધા, જનરલ નોલેજ (ધાર્મિક પ્રશ્નોત્તરી), લીંબુ-ચમચી સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સ્પર્ધાઓ બાળકોના જુદા જુદા વય જૂથ મુજબ ત્રણ વિભાગમાં યોજવામાં આવી હતી, જેમાં કુલ 237 બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોઠારી સ્વામી,સ્વામિનારાયણ મંદિર, જવાહર રોડ, પ્રો.પી. બી.ઉનડકટ, પ્રવીણભાઈ પોપટ, ડૉ.કેસુર વરુ, ડૉ. ધીરેન કપુપરા, નાગભાઈ વાળા, ડૉ.હિરેન મુંડિયા, ડૉ.દીપેશ ઝાલાવાડિયા, યતીન કારીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ સ્પર્ધાઓને સફળતાપૂર્વક પાર પાડવા માટે નિર્ણાયક તરીકે ચેસમાં હિતેશભાઈ વડોયા તથા પ્રશાંતભાઈ જોશી, કોથળા



દોડમાં કિરીટભાઈ તન્ના, જીગ્નેશભાઈ વ્યાસ, સંદીપભાઈ ધોરડા, સમીરભાઈ ઉનળકટ, દિલીપભાઈ દેવાણી, પિયુષભાઈ ડાભી તથા યજ્ઞદત્તભાઈ, ધાર્મિક પ્રશ્નોત્તરીમાં દેવાંગભાઈ પંડ્યા, નેહલભાઈ પોપટ, કાજલબેન સેજપાલ તથા કિરણબેન પંડ્યા, દેડકા દોડમાં લલીતભાઈ ગેરીયા, માટીમાંથી ગણપતિ બનાવવાની સ્પર્ધામાં પિયુષભાઈ કાછડીયા, ચંદ્રકાંતભાઈ રાઈઠઠા તેમજ લીંબુ-ચમચી સ્પર્ધામાં પ્રણવભાઈ ભટ્ટ તથા નેહલભાઈ પોપટ સહિતના સેવાભાવી કાર્યકરોએ પોતાની સેવાઓ આપી હતી. સ્પર્ધાઓ દરમિયાન બાળકોએ ભારે ઉત્સાહ અને આનંદ સાથે ભાગ લીધો હતો. બાળકોમાં સ્પર્ધાત્મક ભાવનાની સાથે સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસને પ્રોત્સાહન મળે તે માટે ગિરનારી ગ્રુપ દ્વારા સ્પર્ધામાં ભાગ લેનાર તમામ 237 બાળકો ને શુભેચ્છા સ્વરૂપે પ્રોત્સાહક ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જ્યારે વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા બનેલા બાળકોનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું. તમામ સ્પર્ધક બાળકો તથા વાલીઓને હેલ્ધી ફૂડનો નાસ્તો કરવામાં આવેલ હતો.આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન નરેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ગિરનારી ગ્રુપના દિનેશભાઈ રામાણી, સમીરભાઈ દવે, કિર્તીભાઈ પોપટ, જગદીશભાઈ દતાણી, હરિભાઈ કારીયા, વિપુલભાઈ બુદ્ધદેવ, ચંદ્રેશભાઈ દોશી, હેમંતભાઈ નંદવાણી સહિતના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## સ્વ.અનિલભાઈ લાડાણી (અન્ના)ની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે ખોરાસા ગીર માં મેગા મેડિકલ કેમ્પનું આયોજન



નરેન્દ્ર દવે જૂનાગઢ

ખોરાસા ગીરના સેવાભાવી, દિલના દાતાર અને મિલનસાર સ્વભાવ ધરાવતા સ્વ.અનિલભાઈ લાડાણી (અન્ના)ની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે તેમની સેવાભાવનાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે તા.૨૦ સપ્ટેમ્બર,૨૦૨૬ને રવિવારે સવારે ૯:૦૦ થી બપોરે ૧:૦૦કલાક સુધી શ્રી રામદેવ પીર મંદિર, પ્રાર્થના સમાજ, ખોરાસા ગીર ખાતે મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.સ્વ. અનિલભાઈ લાડાણી (અન્ના) એ પોતાની નિઃસ્વાર્થ સેવા, કરુણા અને માનવતાથી સમગ્ર ગામ, વિસ્તારમાં લોકોના હૃદયમાં અમીટ સ્થાન બનાવ્યું હતું. આજે તેઓ આપણી વચ્ચે નથી, પરંતુ તેમની સેવા, માનવતા, દાતારી અને આત્મીયતાની યાદો હંમેશા સૌની સાથે રહેશે. તેમની સેવાભાવનાને જીવંત રાખવાના ઉમદા હેતુથી આ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે., આયુષ હોસ્પિટલ જુનાગઢના નિષ્ણાત તબીબો દ્વારા વિવિધ રોગોની તપાસ, નિદાન અને તબીબી માર્ગદર્શન આપવામાં આવશે. કેમ્પમાં ન્યુરોસર્જન, જનરલ સર્જન, ઓર્થોપેડિક, એમ.ડી. મડિસીન, ગાયનેકોલોજિસ્ટ, બાળરોગ નિષ્ણાત તથા ENT સર્જન સહિતના નિષ્ણાત તબીબો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત કેમ્પમાં X-Ray, ECG, RBS સહિતની જરૂરી તપાસો નિઃશુલ્ક કરવામાં આવશે તેમજ જરૂરિયાત મુજબ નિયમિત દવાઓ પણ નિઃશુલ્ક આપવામાં આવશે. આ સેવાયજ્ઞ ને સફળ બનાવવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કુમાર-કન્યા શાળા, આંગણવાડી કેન્દ્રો, જવાહર હાઈસ્કૂલ, લાયન્સ ગ્રુપ, વાલી ગ્રુપ ભવાની એગ્રો , તથા સ્વ. અનિલભાઈ લાડાણીના મિત્રો સહિતનો સહયોગ મળી રહ્યો છે.

# આ મેગા માર્કેટ IPOમાં કોણ રોકાણ કરી શકે છે?

નેશનલ સ્ટોક એક્સચેન્જનો મેગા IPO 17 સપ્ટેમ્બરે ખુલી રહ્યો છે. આ 'ઓફર ફોર સેલ' (OFS) હેઠળ ઘણા મોટા રોકાણકારો તેમના હિસ્સાનું વેચાણ કરશે, જેનું મૂલ્ય અંદાજે ₹22,000 કરોડ છે. આ શેર ફક્ત BSE પર જ લિસ્ટ થશે

(એજન્સી) નવી દિલ્હી | તા.14

શેરબજારના રોકાણકારો માટે મોટા સમાચાર છે.NSE નો લાંબા સમયથી રાહ જોવાતો IPO આખરે આવી રહ્યો છે. આ મેગા IPO સબ્સ્ક્રિપ્શન માટે 17 સપ્ટેમ્બરે ખુલશે. અંદાજે 22,000 કરોડના મૂલ્યના આ ઈશ્યૂને લઈને બજારમાં ભારે ચર્ચા છે. રોકાણકારોના મનમાં વિવિધ પ્રશ્નો છે–જેમ કે કોણ રોકાણ કરી શકે છે, હાલના શેરધારકોનું શું થશે અને લિસ્ટિંગ ક્યાં થશે. અહીં તમને આ તમામ પ્રશ્નોના જવાબ મળશે.




## હાલના શેરધારકો માટેના નિયમો

આ IPO અંગેનો એક સૌથી મોટો પ્રશ્ન હાલના રોકાણકારો તરફથી આવે છે. જો તમારી પાસે પહેલેથી જ NSEના શેર હોય, તો તમે અન્ય કોઈપણ રોકાણકારની જેમ જ આ IPO માટે બિડ (બોલી) કરી શકો છો. તમારી પાત્રતાના આધારે, તમે રિટેલ, નોન-ઈન્સ્ટિટ્યૂશનલ અથવા ક્વોલિફાઇડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર (QIB) શ્રેણી હેઠળ અરજી કરી શકો છો. જો કે, એ નોંધવું મહત્વપૂર્ણ છે કે હાલના શેરધારકો માટે કોઈ અલગ અનામત કે ક્વોટા નથી. આ ઉપરાંત, તમારે નિયમનકારી મર્યાદાઓનું પાલન કરવું આવશ્યક છે.

## આવક કંપનીને મળશે નહીં

આ ઈશ્યૂનું એક મહત્વપૂર્ણ પાસું છે જેને સમજવું જરૂરી છે. સમગ્ર ₹22,000 કરોડનો IPO 'ઓફર ફોર સેલ' (OFS) તરીકે તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં 12,64,36,650 ઇક્વિટી શેરનું વેચાણ સામેલ છે, જેમાંથી દરેકની ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) ₹1 છે. આનો સીધો અર્થ એ છે કે કંપની કોઈ નવા શેર બહાર પાડી રહી નથી; તેના બદલે, મોટા વર્તમાન રોકાણકારો બહાર નીકળવા માટે તેમના હિસ્સાનું વેચાણ કરી રહ્યા છે. આ રોકાણકારોમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ અને કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ જેવી અગ્રણી સંસ્થાઓનો સમાવેશ થાય છે.

**માત્ર BSE પર લિસ્ટિંગનું કારણ** એ સાંભળવું થોડું અસામાન્ય લાગી શકે છે કે નેશનલ સ્ટોક એક્સચેન્જના પોતાના શેર NSE પર લિસ્ટ થશે નહીં; તેના બદલે, તે ફક્ત BSE પર જ લિસ્ટ થશે. આની પાછળ એક કડક કાયદાકીય નિયમ છે: 'સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ રેગ્યુલેશન' હેઠળ, કોઈપણ માન્ય સ્ટોક એક્સચેન્જને તેના પોતાના પ્લેટફોર્મ પર તેના પોતાના શેરના ટ્રેડિંગની સુવિધા આપવાની મંજૂરી નથી. આ જ કારણ છે કે તેને BSE પર લિસ્ટ કરવામાં આવી રહ્યું છે.

**કર્મચારીઓ માટે વિશેષ છૂટછાટ** સામાન્ય રોકાણકારોની સાથે સાથે, કંપનીએ તેના કર્મચારીઓનું પણ ધ્યાન રાખ્યું છે. NSEના કર્મચારીઓ માટે 70 કરોડનો અલગ ક્વોટા અનામત રાખવામાં આવ્યો છે. પાત્ર કર્મચારીઓ મહત્તમ 5 લાખ સુધીના શેર માટે અરજી કરી શકે છે. આ ઉપરાંત, ઈશ્યૂનો 35 ટકા હિસ્સો રિટેલ રોકાણકારો માટે અનામત રાખવામાં આવ્યો છે, જેમાં વ્યક્તિગત રિટેલ રોકાણકાર મહત્તમ 2 લાખ સુધીનું રોકાણ કરી શકે છે.

# ક્રોમાએ નવા આઈફોન 18 પ્રો સિરીઝનું પ્રી-બુકિંગ શરૂ કર્યું,

### રૂ. 12,000 સુધીનું વિશેષ એક્સચેન્જ બોનસ મળશે




### આની સાથે જ આઈફોન 17 પ્રોની અત્યાર સુધીની સૌથી આકર્ષક કિંમતો જાહેર, કિંમત રૂ. 69,990*થી શરૂ

(એજન્સી) નવી દિલ્હી | તા.14

ટાટા ગ્રુપની ભારતની અગ્રણી ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર ક્રોમાએ આઈફોન 18 પ્રો અને આઈફોન 18 પ્રો-મેક્સનું પ્રી-બુકિંગ શરૂ કરી દીધું છે. ગ્રાહકો દેશભરમાં ક્રોમાના સ્ટોર્સ, croma.com, Tata Neu એપ અને બિગ બાસ્કેટ મારફતે ઉપલબ્ધ સુગમ પ્રી-બુકિંગ ઓફર હેઠળ એપલની લેટેસ્ટ ડિવાઈસીસ બુક કરાવી શકે છે.

નવી પ્રો સિરીઝમાં કામગીરી અને ફોટોગ્રાફીના ક્ષેત્રે એપલની નવીનતમ ટેક્નોલોજીનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં શક્તિશાળી A20 પ્રો ચિપ, એપલ દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલ C2 વાયરલેસ મોડેમ અને ફિઝિકલ વેરિએબલ એપરચર સાથે નવા 48 મેગાપિક્સેલ ફ્યુઝન મુખ્ય કેમેરાનો સમાવેશ થાય છે.

આઈફોન 18 પ્રો સિરીઝનું પ્રી-બુકિંગ 200થી વધુ શહેરોમાં આવેલા 560થી વધુ ક્રોમા સ્ટોર્સ ઉપરાંત croma.com, Tata Neu એપ અને બિગ બાસ્કેટ પર ઉપલબ્ધ રહેશે. કિંમત અને ઉપલબ્ધતા અંગેની સંપૂર્ણ વિગતો માટે ગ્રાહકો પોતાના નજીકના ક્રોમા સ્ટોરની મુલાકાત લઈ શકે છે અથવા croma.com પર જઈ શકે છે.

**આઈફોન 18 પ્રો સિરીઝના પ્રી-બુકિંગની વિગતો** ગ્રાહકો ક્રોમાના સ્ટોર્સ પર રૂ. 5,000માં આઈફોન 18 પ્રો અથવા આઈફોન 18 પ્રો મેક્સનું પ્રી-બુકિંગ કરી શકે છે. croma.com, Tata Neu અને બિગ બાસ્કેટ મારફતે પ્રી-બુકિંગ માટે સંપૂર્ણ રકમની ચુકવણી કરવી પડશે.

**ક્રોમા ખાતે ગ્રાહકોને રૂ. 12,000 સુધીનું વિશેષ એક્સચેન્જ બોનસ મળી શકે છે.**
એપલ વૉચ સિરીઝ 12, એપલ વૉચ અલ્ટ્રા 4 અને એરપોડ્સનું ક્રોમાના સ્ટોર્સ પર રૂ. 2,000માં પ્રી-બુકિંગ કરી શકાશે. croma.com, Tata Neu અને બિગ બાસ્કેટ મારફતે પ્રી-બુકિંગ માટે સંપૂર્ણ રકમની ચુકવણી કરવી પડશે અને આ સુવિધા પહેલેથી જ શરૂ થઈ ગઈ છે.

**આઈફોન 17 પ્રો અને આઈફોન 17 પ્રો મેક્સ હજુ પણ આકર્ષક કિંમતે ઉપલબ્ધ**

આઈફોન 17 પ્રો માટેની વિશેષ ઓફર્સ: આઈફોન 17 પ્રોનું 256 જીબી મોડલ સ્ટોર્સમાં રૂ. 69,990* અને 512 જીબી મોડલ રૂ. 88,490*માં ઉપલબ્ધ છે. આ ઓફર મેળવવા માટે:

પસંદગીના ક્રેડિટ કાર્ડ પર રૂ. 4,000નું બેન્ક કેશબેક મેળવો.

તમારા જૂના આઈફોન 15 પ્રોને તેની સ્થિતિ અને મોડલના આધારે રૂ. 44,500 સુધીની કિંમતમાં એક્સચેન્જ કરો. રૂ. 12,000* સુધીનું એક્સચેન્જ બોનસ મેળવો.આ ફોન 15 સપ્ટેમ્બરથી croma.com પર પણ રૂ. 1,26,490* (256 જીબી) અને રૂ. 1,45,990* (512 જીબી)માં ઉપલબ્ધ રહેશે. આ કિંમતમાં રૂ. 4,000નું બેન્ક કેશબેક સામેલ છે.

**આઈફોન 17 પ્રો મેક્સ માટેની વિશેષ ઓફર્સ:** આઈફોન 17 પ્રો મેક્સનું 256 જીબી મોડલ સ્ટોર્સમાં રૂ. 74,990* અને 512 જીબી મોડલ રૂ. 94,990*માં ઉપલબ્ધ છે. આ ઓફર મેળવવા માટે:




**• પસંદગીના ક્રેડિટ કાર્ડ પર રૂ. 4,000નું બેન્ક કેશબેક મેળવો.**

તમારા જૂના આઈફોન 15 પ્રો મેક્સને તેની સ્થિતિ અને મોડલના આધારે રૂ. 53,000 સુધીની કિંમતમાં એક્સચેન્જ કરો. રૂ. 12,000* સુધીનું એક્સચેન્જ બોનસ મેળવો. આ ફોન 15 સપ્ટેમ્બરથી croma.com પર પણ રૂ. 1,39,990* (256 જીબી) અને રૂ. 1,59,990* (512 જીબી) માં ઉપલબ્ધ રહેશે. આ કિંમતમાં રૂ. 4,000નું બેન્ક કેશબેક સામેલ છે. આ જાહેરાત અંગે પ્રતિક્રિયા આપતાં ઈન્ફિનિટી રિટેલ લિમિટેડના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "નવા આઈફોન પ્રોનું લોન્ચિંગ હંમેશાં ગ્રાહકોમાં ભારે ઉત્સુકતા પેદા કરે છે અને ગ્રાહકો હવે પોતાની પસંદગીનું મોડલ સરળતાથી અને કોઈ મુશ્કેલી વિના બુક કરાવવાની અપેક્ષા રાખે છે. દેશભરમાં આવેલા અમારા સ્ટોર્સના નેટવર્ક અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા અમે યોગ્ય મોડલ પસંદ કરવાથી લઈને જૂની ડિવાઈસને એક્સચેન્જ કરવા અને ખરીદી પૂર્ણ કરવા સુધીની સમગ્ર પ્રી-બુકિંગ પ્રક્રિયાને વધુ સરળ બનાવી રહ્યા છીએ. નવી સિરીઝની સાથે આઈફોન 17 પ્રો અને આઈફોન 17 પ્રો મેક્સ પણ આકર્ષક કિંમતે ઉપલબ્ધ હોવાથી ગ્રાહકો પોતાની જરૂરિયાતો અને બજેટને સૌથી વધુ અનુકૂળ આવે તેવું પ્રો મોડલ પસંદ કરી શકે છે."વિશેષ ઓફર્સ અંગે વધુ માહિતી મેળવવા અને પ્રોડક્ટ્સની સંપૂર્ણ શ્રેણી જોવા માટે ગ્રાહકોને પોતાના નજીકના ક્રોમા સ્ટોરની મુલાકાત લેવા અથવા croma.com અને Tata Neu એપ મારફતે ઓનલાઈન ખરીદી કરવા જણાવવામાં આવે છે. 200થી વધુ શહેરોમાં 560થી વધુ સ્ટોર્સ સાથે ક્રોમા દેશભરમાં મજબૂત હાજરી ધરાવે છે અને પોતાના ગ્રાહકોને નવીનતમ ટેક્નોલોજી, શ્રેષ્ઠ સેવા તથા વધુ લાભદાયી ખરીદીનો અનુભવ આપવાની પોતાની પ્રતિબદ્ધતા જાળવી રાખે છે. *ડિસ્ક્લેમર: આ ઓફર્સ મર્યાદિત સમય માટે છે અને પાત્રતા, ઉપલબ્ધતા તથા બ્રાન્ડની માર્ગદર્શિકાને આધીન છે. NeuCoinનું વિતરણ અને રિડેમ્પશન Tata Neuના કાર્યક્રમના નિયમો અનુસાર કરવામાં આવે છે. નવીનતમ વિગતો માટે કૃપા કરીને સ્ટોરમાં અથવા croma.com પર ચકાસો.

# પાંચ વર્ષની પૂર્ણાહુતિ પર ઝિગલી પેટ કેરે વાર્ષિક હેલ્થ પેકેજ રજૂ કરીને તેની સેવાઓની શ્રેણીનો વિસ્તાર કર્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.14

ભારતની પ્રથમ સર્વગ્રાહી પેટ કેર બ્રાન્ડ, ઝિગલી પેટ કેરે આજે તેની પાંચમી વર્ષગાંઠની ઉજવણીના ભાગ રૂપે, પેટ ડોગના જીવનના ત્રણ તબક્કા, પપી, એડલ્ટ અને સિનિયર, માટે તેના વાર્ષિક ડોગ હેલ્થ પેકેજ લોન્ચ કરવાની જાહેરાત કરી હતી. સક્રિય પેટ કેરના આયોજન અને અનુસરણને સરળ બનાવવા માટે તૈયાર કરવામાં આવેલા આ પેકેજ એક વાર્ષિક પ્લાન હેઠળ આવશ્યક પશુચિકિત્સા, આરોગ્ય અને ગ્રૂમિંગ સેવાઓને એકસાથે લાવે છે, જેમાં ત્રણેય પેકેજમાં અમર્યાદિત પશુચિકિત્સા પરામર્શ મુખ્ય લાભ તરીકે છે. ભારતમાં પાલતુ પ્રાણીઓની સંભાળ માટે ઝિગલી પેટ કેરે સંકલિત અભિગમ વિકસાવવાના પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે એવા સમયે આ લોન્ચ કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન, બ્રાન્ડે પાલતુ પ્રાણીઓના વાલીઓને તેમના પાલતુ પ્રાણીઓના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં વધુ સામેલ થતા જોયા છે, સાથે જ એ પણ સ્વીકાર્યું છે કે રસીકરણ, ડિવોર્મિંગ, નિયમિત આરોગ્ય તપાસ અને અન્ય નિયમિત જરૂરિયાતોનું પાલન કરવું ઘણીવાર મુશ્કેલ બની શકે છે, જ્યારે સંભાળનું એક સમયે એક જરૂરિયાત પ્રમાણે સંચાલન કરવામાં આવે છે. આ પેકેજને પાલતુ પ્રાણીઓના વાલીઓને વર્ષભર નિયમિત અને નિવારક સંભાળની ટોચ પર રહેવામાં મદદ કરવા માટે રજૂ કરવામાં આવ્યા છે, જે તેમને અલગ જરૂરિયાતો તરીકે સંભાળવાને બદલે અનેક આરોગ્ય અને સુખાકારીની જરૂરિયાતોને એકસાથે લાવે છે. વાર્ષિક આરોગ્ય પેકેજ ડોગના જીવન તબક્કાના આધારે આવશ્યક સેવાઓને એકસાથે લાવે છે. જેમાં પપી કેરની કિંમત રૂપિયા 17,000 છે, જેમાં રસીકરણ, ડિવોર્મિંગ, બેઝલાઈન બ્લડ પેનલ, આહાર અને પોષણ પરામર્શ, ગ્રૂમિંગ અને અમર્યાદિત પશુચિકિત્સક પરામર્શનો સમાવેશ થાય છે, જ્યારે




એડલ્ટ કેર પેકેજની કિંમત રૂપિયા 20,000 છે, જેમાં વાર્ષિક રસીકરણ અને ડિવોર્મિંગ, બ્લડ અને યુરીન ટેસ્ટ, છાતીનો એક્સ-રે, દાંતની તપાસ, ગ્રૂમિંગ, પાંચ રાતનું બોર્ડિંગ અને અમર્યાદિત પશુચિકિત્સક પરામર્શનો સમાવેશ થાય છે. સિનિયર કેર પેકેજની કિંમત રૂપિયા 30,000 છે, જેમાં વર્ષમાં બે વાર બ્લડ અને યુરીન ટેસ્ટ, ECG અને બ્લડ પ્રેશરની તપાસ, સાંધા અને હાડકાની તપાસ, સાત રાતનું બોર્ડિંગ, ઘરેથી સેમ્પલ કલેક્શન અને અમર્યાદિત પશુચિકિત્સક પરામર્શનો સમાવેશ થાય છે. ઝિગલી પેટ કેરના સીઈઓ શ્રી સૌરભ જૈને આ સીમાચિહ્ન અને નવી સેવાની શરૂઆત અંગે જણાવ્યું હતું કે, "પાંચ વર્ષ પૂર્ણ કરવા અમારા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, પરંતુ તેનાથી પણ વધુ મહત્વની બાબત એ છે કે પાલતુ પ્રાણીઓના માલિકોના રોજિંદા જીવનનો હિસ્સો બનીને અમે શું શીખ્યા છીએ. પેટના વાલી ઘણીવાર તેમના પેટ માટે યોગ્ય બાબતો કરવા માગતા હોય છે, પરંતુ આખું વર્ષ દરેક બાબતનું ધ્યાન રાખવામાં અને ક્યારે કઈ બાબત પર ધ્યાન આપવાની જરૂર છે તે જાણવામાં તેમને પડકારોનો સામનો કરવો પડે છે. અમે આ પ્રક્રિયાને સરળ બનાવવા માગતા હતા. આ હેલ્થ પેકેજ સંભાળના મહત્વપૂર્ણ પાસાઓને એક જ પ્લાનમાં આવરી લે છે અને માલિકોને જ્યારે પણ જરૂર હોય ત્યારે પશુચિકિત્સકની સલાહ લેવાની સુગમતા પૂરી પાડે છે. અમારા માટે, આ પહેલનો ઉદ્દેશ્ય સ્વાસ્થ્યની સમસ્યા ગંભીર કે તાકીદની બને તેની રાહ જોવાને બદલે, નિયમિત સંભાળની પ્રક્રિયાને સરળ બનાવવાનો છે." ઝિગલી પેટ કેર માટે યુનોમર દ્વારા હાથ ધરવામાં આવેલા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, સર્વેક્ષણમાં સમાવિષ્ટ કરાયેલા પેટના લગભગ અડધા વાલીઓ પેટની સંભાળમાં પ્રમાણમાં નવા છે, જ્યારે ઘણા લોકો રસીકરણ, ડિવોર્મિંગ અને આરોગ્ય તપાસનું સંચાલન પોતે જ કરે છે. આ અભ્યાસ નિવારક સંભાળને અનુસરવાના હેતુ અને સતત આમ કરવા વચ્ચેના અંતર તરફ પણ નિર્દેશ કરે છે, જેમાં ખર્ચ, સગવડ અને તાત્કાલિક સ્વાસ્થ્ય ચિંતાનો અભાવ ઘણીવાર સંભાળની માગ કરતી વખતે પ્રભાવિત થાય છે. આ સમજણથી જ હેલ્થ પેકેજને આકાર આપી શકાયો છે, જેમાં પેટ કેરને મોટાભાગે જરૂરિયાત-આધારિત અભિગમથી આગળ વધીને વધુ માળખાગત અને સક્રિય દિનચર્યા બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. ત્રણેય પેકેજમાં એક મુખ્ય વિશેષતા અમર્યાદિત પશુચિકિત્સક પરામર્શની છે.

## ભચાઉમાં ભીમ આર્મી ભારત એકતા મિશનની તાલુકા બેઠક યોજાઈ સંગઠન વિસ્તરણ સાથે નવા હોદ્દેદારોની વરણી



મહેશ એલ સોની, નખત્રાણા

ભચાઉ (કચ્છ) બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરના સમાનતા, સ્વતંત્રતા અને બંધુતાના પવિત્ર મૂલ્યોને આત્મસાત કરીને પીડિતોને ન્યાય અપાવવા અને શોષિત-વંચિત સમાજના હક્ક-અધિકાર માટે અવિરત લડત ચલાવતા ભીમ આર્મી ભારત એકતા મિશન કચ્છ ટીમ દ્વારા ભચાઉ તાલુકાની અતિ મહત્વપૂર્ણ સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી.ભચાઉ ખાતે યોજાયેલી આ બેઠકમાં સંગઠનના પાયાને વધુ મજબૂત અને સુદ્રઢ બનાવવા, યુવા શક્તિને સંગઠન સાથે જોડી નવા કાર્યકરોને જોડવા, તેમજ સમાજના વર્તમાન પ્રશ્નો અને આગામી રણનીતિ અંગે ઊંડાણપૂર્વક અને વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.બેઠકના મુખ્ય એજન્ડા સમાન સંગઠન વિસ્તરણના ભાગરૂપે સર્વાનુમતે મહત્વપૂર્ણ નિમણૂંકો કરવામાં આવી હતી, જેમાં ભચાઉ શહેર પ્રમુખ તરીકે શ્રી ઈકબાલભાઈ સિકંદર જત, રાપર તાલુકા પ્રમુખ તરીકે શ્રી દિલીપભાઈ અરજણભાઈ ગોહિલ અને રાપર શહેર પ્રમુખ તરીકે શ્રી કાંતિભાઈ દેવાભાઈ વાઘેલાની વરણી કરવામાં આવી હતી. નવનિયુક્ત તમામ હોદ્દેદારોને બેઠકમાં હાર્દિક અભિનંદન અને ઉજ્જવળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.આ પ્રસંગે વક્તાઓએ 'સંગઠન મજબૂત બને તો સમાજ મજબૂત બને, અને સમાજ મજબૂત બને તો રાષ્ટ્ર મજબૂત બને' ના મંત્ર સાથે ભારતીય બંધારણના મૂલ્યોનું જતન અને પીડિતોને ન્યાય મળે તેવા સમાનતાવાદી સમાજના નિર્માણ માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.આગામી દિવસોમાં સંગઠનને વધુ વેગવંતુ બનાવવા રાપર તાલુકા સ્તરે પણ વિશાળ બેઠકનું આયોજન કરવામાં આવશે, તેવું નક્કી કરવામાં આવ્યું હતું.વું ભીમ આર્મી ભારત એકતા મિશનના ભચાઉ તાલુકા પ્રમુખ શ્રી લાલજી બોખાણી અને કચ્છ જિલ્લા અધ્યક્ષ શ્રી હરી પરમારની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## નાગવિરી ખાતે શ્રી વાછરાદાદાનો ભવ્ય લોકમેળો સંપન્ન, હજારો ભક્તો ઉમટ્યા



મહેશ એલ.સોની નખત્રાણા

નખત્રાણા તાલુકાના નાગવિરી ગામે અંદાજીત પાંચસો વર્ષ થી પણ જૂના શ્રી વાછરાદાદાના સ્થાને ભાદરવા સુદ ત્રીજ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય લોકમેળો યોજાયો હતો.ગતરોજ તા. ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬, સોમવારના રોજ યોજાયેલા આ મેળામાં આસપાસના ૧૦/૧૨ ગામો જેવા કે રવાપર, ઘડાણી, નવાવાસ, નેત્રા, ખીરસરા, રામપર, વિગોડી, હરીપર, વાલ્કા સહિતના ગામોના લોકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.સવારથી જ મંદિર પરિસરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. પૂજારી દેવરાજ ભાઈ ગઢવી દ્વારા વિધિવત આરતી-પૂજા કરવામાં આવી હતી .મેળામાં કટલેરી, રમકડાં અને ખાણીપીણીના સ્ટોલ પર ખાસી ગીર્દી જોવા મળી હતી. નાના બાળકો અને મહિલાઓએ ખરીદીનો લાભ લીધો હતો. આખો દિવસ ભક્તિમય માહોલ છવાયેલો રહ્યો હતો.અત્રે ઉલ્લેખનીય છેકે ભાદરવાના પ્રથમ સોમવારે આ મેળો વર્ષોથી યોજાઈ રહ્યો છે.

## જાફરાબાદ થી બાબરકોટ ના પાડીયા સુધી ના મિતિયાળા ના ખેડૂતો ખાતેદારો ની નાયબ કલેકટર ને રજુઆત : ચાર નાળા થી જાફરાબાદ સુધી આવતો ફોર લેનીંગ રોડ માં ખેડૂતો ની જમીન વગર વળતરે કપાત કરવાની કામગીરી રોકવા માટે રજુઆત

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ થી બાબરકોટ ના પાડીયા સુધી ના મિતિયાળા ના ખાતે દ્વારો ની નાયબ કલેકટર સાહેબ ને તમામ ખેડૂતો દ્વારા ધારદાર મૌખિક અને લેખિત રજૂઆત માં જણાવેલ કે જાફરાબાદ તાલુકાના મોજે મિતિયાળા ગામના ખેતી બિનખેતી જમીનના ખાતેદારો છીએ અને અમારી ખેતી જમીન તે રાજુલા-જાફરાબાદ રોડની બન્ને બાજુએ આવેલ છે. હાલના રોડને અડીને બન્ને બાજુથી આ ફોર લેન રોડ બનાવવા માટે હાલના કબજા ધારકોને રાજુલાના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ની કચેરી મારફતે અમોને દબાણકર્તા-અનધિકૃત કબજેદારો ગણીને ગેરકાયદેસરની નોટીસો આપવામાં આવી રહેલ છે. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી-રાજુલા તરફથી આપવામાં આવી રહેલી નોટીસોમાં કોઈ સર્વે નંબરોનો ઉલલેખ નથી કે આ ફોર લેન રોડમાં કેટલી જમીન કપાય છે ? તેનો કોઈ ઉલલેખ કરવામાં આવેલ નથી. જેથી આવી નોટીસો કાયદેસરની ગણાય નહી. તેમ છતાં ખેડુતોને આવી નોટીસો આપવામાં આવી રહેલ છે. રોડ ફોર-લેન બનતો હોઈ તો તે રાજયના વિકાસ માટે અને જાહેર હિત માટે સારી વાત છે. પરંતુ કાયદાનું ઉલ્લંઘન કરીને અને કાયદા વિરૂધ્ધ જે કામગીરી કરવામાં આવે તો તે ગેરકાયદેસર કાર્યવાહી કહેવાય અને આવી કાર્યવાહી જાહેર જનતાને તેના મિલ્કત ધારણ કરવાના અને તેની મિલ્કતને જાળવવાના બંધારણીય હકક નું ખુલ્લું ઉલ્લંઘન ગણવામાં આવે છે. અમોએ ફકત બાબરકોટના પાટીયા થી




જાફરાબાદની હદ સુધીનો જ ઉલ્લેખ કરેલ છે. પરંતુ આ સર્વે નંબરોમાં વધારો થાય તેવી પુરી શકયતા છે. તેમજ ચારનાળા થી જાફરાબાદ સુધી ઘણા સર્વે નંબરો કપાવાનાની શકયતા છે. તો આ બાબતે આવી સંભવિત કપાત થવાની જમીન ધારકોમાં કચવાટ થઈ રહેલ છે.દેશના કે રાજયના વિકાસ માટે જમીન ધારકોની જમીન કપાત કરવાની હોઈ તો તેના માટે અંગ્રેજોના શાસનકાળમાં પણ તેઓએ ઈ.સ. ૧૮૯૪ માં 'જમીન સંપાદન અધિનિયમ' બનાવેલ હતો. અને તે મુજબ જમીન ધારકોને વળતર આપીને જાહેર હિત માટે જમીન સંપાદન કરવામાં આવતી હતી. તેમજ આ કાયદામાં સને ૨૦૧૩ માં નવેસરથી સુધારો કરવામાં આવેલ છે. અને તે મુજબ જ કાર્યવાહી કરવાની થાય છે. કોઈપણ ખાતેદારની ખેતી અથવા બિનખેતીની જમીન કપાત કરવાની કાર્યવાહી કરવાની હોઈ તો, તેના માટે પ્રથમ જમીનનો પ્રારંભિક સર્વે નંબર નક્કી કરી, ત્યારબાદ પ્રાથમિક જાહેરનામુ બહાર પાડવાનું હોય છે.ત્યારબાદ આખરી જાહેરનામ બહાર પાડવાનું હોય છે. જેમાં સર્વે નબંરો તથા કપાત ક્ષેત્ર ફળનો ઉલ્લેખ કરવાનો હોય છે. ત્યારબાદ રાજયમાં વધુ ફેલાવો ધરાવતા છાપામાં જાહેરાત આપવાની હોય છે. જેમાં એક છાપ સ્થાનિક ભાષાનું હોવું જોઈએ. ત્યારબાદ જાહેર જનતા કે જેને ભવિષ્યમાં અસર થવાની છે. તેઓ પાસેથી વાંધા મંગાવવાના હોઈ છે. આ વાંધા ઓની સુનાવણી કરીને આખરી નિર્ણય લેવાનો હોઈ છે. અને જમીનનું વળતર એટલે કે એવોર્ડ જાહેર કરીને જમીન માલિકોને વળતરની ચુકવણી કર્યા બાદ જ જે તે જમીનનો કબજો લેવાનો રહે છે.આવી તમામ કાયદાકીય હકિકત જણાવવાનો અમારો હેતુ એવો છે કે, જમીન ધારકોને યોગ્ય ન્યાય અને વ્યાજબી વળતર મળી રહે તેવા તમામ શકય એટલા પગલા લેવાના અને કાયદાથી દેશના નાગરિકોના હક્કો ના રક્ષણ માટે અને બંધારણથી આપવામાં આવેલા અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી જવાબદાર અધિકારીઓને આપવામાં આવેલી છે. પરંતુ હાલમાં જે રીતે કામગીરી કરવામાં આવે છે તે લોકોના હક્કને રૂંધવાની કામગીરી થતી હોઈ એવું લાગે છે. હાલમાં કોઈ અજાણ્યા માણસો દ્વારા જમીન ધારકોને ખોટી રીતે ધમકાવવા માં આવી રહેલ છે. અને ગેરકાયદેસર નો કબજો લેવાના પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. જે લોકશાહી દેશ માટે શરમજનક બાબત છે. આપ સાહેબ જવાબદાર અધિકારી હોઈ જેથી અમો આપ સાહેબને નમ્ર વિનંતી કરીએ છીએ કે, ચારનાળા થી જાફરાબાદ સુધીના ફોરલેન રોડ બનાવવા માટે જે જમીન કપાવવાની સંભાવના છે. તેવા ખેડુતોને યોગ્ય વળતર આપીને જ આગળની કાર્યવાહી કરવી અન્યથા અમો ખેડુતોને એકજુથ થઈને સરકારશ્રીના આવા અન્યાયકારી વલણ સામે સંઘર્ષ કરવાની ના-છુટકે ફરજ પડશે અને યોગ્ય ન્યાય મેળવવા નામદાર ગુજરાત હાઈકોર્ટ અને જરૂર પડયે નામદાર સુપ્રિમ કોર્ટમાં પણ ન્યાય મેળવવા ધા નાખવાની ફરજ પડશે આ બાબતને લઈને જે કાંઈ નુકશાન જશે તેની જવાબદારી તમામ જવાબદાર અધિકારીઓ શ્રી ની રહેશે જેની ગંભીર નોંધ લેવા અરજી તથા મૌખિક રજૂઆતો ખેડૂતો દ્વારા કરવામાં આવી હતી.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 04**

# 'કમસે કમ પોતાના મહાપુરુષો પ્રત્યે તો વફાદાર રહો'

નવી દિલ્હી : ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ગંગા અને યમુના નદીમાં પુર આવ્યા છે. પુરની અસર શહેરના કેટલાક વિસ્તારો અને ઐતિહાસીક તેમજ પર્યટન સ્થળો ઉપર પણ દેખાઈ રહી છે. યમુના કિનારે બનેલા પ્રેરણા સ્થળ પુરમાં ડુબ્યુ છે અને એ બાબતે સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખીલેશ યાદવે ભાજપ પર કટાક્ષ કર્યો છે. અખીલેશ યાદવે સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે, 'નામ બદલનારાઓ માટે સોનેરી મોકો. અબજોના ખર્ચે બનેલા પ્રેરણા સ્થળનું નામ બદીલને 'પ્રેરણા જલ સ્થળ' કરી દે. ભ્રષ્ટાચારી ભાજપ વાળાઓને આગ્રહ છે કે કમસે કમ પોતાના મહાપુરુષો પ્રત્યે તો પ્રમાણીક રહે.'પ્રયાગરાજમાં પુરની સ્થિતિ ગંભીર થઈ રહી છે ત્યારે અખિલેશ યાદવે આ નિવેદન કર્યું છે. પ્રેરણા સ્થળમાં ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી, શ્યામા પ્રસાદ મુખર્જી અને અશોક સિંઘલની પ્રતિમાઓ મૂકવામાં આવી છે. પૂરમાં આ પ્રતિમાઓ ડુબી ગઈ છે.

સામાન્ય રીતે સરકારી બાબુઓ સત્તાપક્ષમાં જોડાવા માટે નોકરી છોડે એવા કિસ્સા બન્યા છે. જોકે ઉત્તર પ્રદેશમાં હવે એક ઉલટી ગંગા જોવા મળી છે. વિધાનસભા ચૂંટણીની તૈયારીમાં લાગેલા કોંગ્રેસને બગાસુ ખાતા પતાસુ મળ્યું છે. આઈએએસ અધિકારી તરીકે નિવૃત્તી લેનાર ડો. રાકેશ વર્માની સાથે રીટાયર્ડ ડીઆઈજી કે કે ચૌધરી અને ભાજપ તેમજ સપાના નેતાઓએ કોંગ્રેસની કંઠી બાંધી છે. આ બધાની સાથે અભિનેત્રી ઝારા ખાનને ઉત્તર પ્રદેશ કોંગ્રેસ કમીટીના અધ્યક્ષ અજય રાયએ કોંગ્રેસના સભ્ય બનાવ્યા હતા. જાણીતા આઈએએસ અધિકારી ડો. રાકેશ વર્માએ રાજીનામુ આપીને બધાને આંચકો આપ્યો છે. ડો. રાકેશ થોડા દિવસો પહેલા દિલ્હી જઈને રાહુલ ગાંધીને મળ્યા હતા અને ત્યાર પછી કોંગ્રેસ સાથે જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે લંડનમાં આવેલી ખાલ્સા જથા બ્રિટીશ આઈલ્સ ગુરુદ્વારની મુલાકાત લીધી હતી. આ મુલાકાત પછી લંડનના શીખ સમૂદાયમાં ચર્ચા શરૂ થઈ ગઈ હતી. ભાગવતની ગુરુદ્વાર મુલાકાત તેમજ એમની સાથે રહેલા બે શીખ વેપારીઓની ચર્ચા શીખ સમુદાયમાં થઈ હતી. ભાગવતની સાથે બ્રીટનના વેપારી અને સમાજ સેવક પીટર વીરદી અને રાજ્ય સભાના સાંસદ તેમજ વેપારી વિક્રમજીત સિંહ સાહની હતા. આ બંનેએ ભાગવતની મુલાકાતનો બચાવ કર્યો હતો. એમનું કહેવું હતું કે ગુરુદ્વાર બધા માટે ખુલ્લુ છે. ઈંગ્લેન્ડના બર્મીંગહામમાં જન્મેલા પીટર વીરદીનું મૂળ નામ હરદિપ સિંહ વીરદી છે. તેઓ યુકેમાં પ્રોપર્ટી ડેવલપર તરીકે કામ કરે છે. વિક્રમજીત સિંહ સહાની પદ્મશ્રીથી સન્માનીત છે અને શિક્ષણ શાસ્ત્રી ઉપરાંત સમાજ સેવક પણ છે.

'બ્રીજ મેન ઓફ ઈન્ડિયા' ગીરીશ ભારદ્વાજ માટે પુલ ફક્ત એક નદી પર બનાવવામાં આવેલો ઢાંચો નથી, પરંતુ બાળકોને સ્કૂલ સુધી પહોંચવા, બિમારોને હોસ્પિટલ જવા માટે અને ખેડૂતોને પોતાનો પાક બજાર સુધી પહોંચાડવાનો રસ્તો છે. કર્ણાટકના એન્જિનિયર ભારદ્વાજને 'બ્રીજ મેન ઓફ ઈન્ડિયા' કહેવામાં આવે છે. એમણે આખા ભારતમાં ૧૪૦ થી વધારે ઓછી કિંમતના સસ્પેન્સન ફુટબ્રીજ બનાવ્યા છે. આમાના ઘણા પૂલ અંતરીયાળ ગામીણ વિસ્તારોમાં બનાવવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં નદી અને ખરાબ રસ્તાઓ ગામડાઓને મૂખ્ય વિસ્તારથી અલગ કરી દેતા હતા. ભારત સરકારે ગ્રામીણ કનેક્ટીવીટી અને સમાજ સેવામાં ઉપયોગી યોગદાન આપવા માટે ગીરીશ ભારદ્વાજને ૨૦૧૭માં પદ્મશ્રી પુરસ્કાર પણ આપ્યો હતો. એમણે બનાવેલા પૂલોને કારણે કર્ણાટક, કેરળ અને બીજા રાજ્યોના લોકોને એકબીજા સાથે જોડયા છે.

કેન્દ્ર સરકારે લદ્દાખને રાજ્ય કે વિધાનસભાવાળું યુનીયન ટેરીટરી બનાવવાની માંગણી નકારી છે. ગૃહમંત્રાલયે લદ્દાખના નેતાઓને કહ્યું છે કે, આર્ટીકલ ૩૭૧ના ડ્રાફ્ટ પહેલા કેટલાક મુદ્દાઓ પર ફરીથી વિચાર કરીને સહમતી સાધવાની જરૂર છે. કેન્દ્ર અને લદ્દાખના નૈતૃત્વએ બધાને અનુરૂપ હોય એવા મોડલ પર કામ કરવા માટે સહમતી બનાવી છે. એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે પ્રસ્તાવીત વ્યવસ્થા લદ્દાખને રાજ્યનો દરજ્જો આપવા બરાબર નહીં હોય. દિલ્હી ખાતે ગૃહમંત્રાલયની સબ કમીટીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે લદ્દાખના પ્રતિનિધિઓ અને કેન્દ્ર વચ્ચેની આગલી બેઠક ઓક્ટોબરમાં મળશે.

# જૂની દોસ્તીની તસવીરનો ટ્રેન્ડ કેમ નહીં?

> વર્ષો જૂના બાળમિત્રો મળ્યા, યાદો વાગોળી : સોશિયલ મીડિયાના યુગમાં સંબંધોને ફરી જીવંત કરવાનો સુંદર વિચાર



**લેખક ÷ જગદીશ પી. દવે દેશલપર (ગુંતલી)**

આજના સમયમાં સોશિયલ મીડિયા પર રોજ નવા-નવા ટ્રેન્ડ જોવા મળે છે. કોઈ જૂની તસવીર શોધીને શેર કરે છે, તો કોઈ બાળપણની યાદોને ફરી તાજી કરે છે. પરંતુ આ તમામ ટ્રેન્ડ વચ્ચે એક એવો ટ્રેન્ડ પણ શરૂ થવો જોઈએ, જે માત્ર મનોરંજન નહીં પરંતુ સંબંધો, સંસ્કારો અને જૂની મિત્રતાને ફરી જીવંત કરે.નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામે આવો જ એક સુંદર પ્રસંગ જોવા મળ્યો. વર્ષ 1987-88 દરમિયાન ધોરણ-7માં સાથે ભણેલા બાળમિત્રો ડૉ. રામસિંહ રાઠોડ અને અલાના લાંગા વર્ષો બાદ સાથે મળ્યા અને એક યાદગાર તસવીર પડાવી.બંને મિત્રોએ દેશલપર પ્રાથમિક શાળામાં સાથે શિક્ષણ મેળવ્યું હતું. સમયની સાથે જીવનની દિશા બદલાઈ. આજે ડૉ. રામસિંહ રાઠોડ તબીબી ક્ષેત્રે સેવા આપી રહ્યા છે, જ્યારે અલાના લાંગા ટ્રક ડ્રાઈવર તરીકે પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે. વ્યવસાય અલગ થયો, જીવનની વ્યસ્તતા વધી, પરંતુ બાળપણની મિત્રતાની લાગણી ક્યાંય ઓછી થઈ નથી.સાથે મળ્યા ત્યારે બંનેએ શાળાના એ જૂના દિવસોને ફરી યાદ કર્યા. એ સમયનું ભણતર, શાળાની રીત-રિવાજો, સંસ્કારો, મિત્રો સાથેની મસ્તી અને બાળપણની અનેક મીઠી યાદોની વાતો થઈ. એક તસવીરે જાણે વર્ષો જૂના સમયને ફરી વર્તમાનમાં લાવી દીધો.

એક તસવીર... અને અનેક વર્ષોની યાદો

આ પ્રસંગ માત્ર બે મિત્રોની મુલાકાત પૂરતો નથી. તેમાં આજના સમાજ માટે એક સુંદર સંદેશ પણ છુપાયેલો છે.

આપણે સોશિયલ મીડિયા પર કલાકો પસાર કરીએ છીએ, પરંતુ ક્યારેક વર્ષો પહેલાં સાથે ભણેલા મિત્રનો ખબર-અંતર પૂછવાનો સમય મળતો નથી. મોબાઈલમાં હજારો સંપર્કો હોય છે, પરંતુ બાળપણના કેટલાક સાચા સંબંધો ધીમે ધીમે દૂર થઈ જાય છે.

તો કેમ ન એક નવો અને સારો ટ્રેન્ડ શરૂ કરીએ?

જૂના મિત્રને શોધો...

સાથે બેસો...

ખબર-અંતર પૂછો...

જૂની યાદો વાગોળો...

અને એક તસવીર જરૂર પડાવો.

આવી તસવીરો માત્ર ફોટોગ્રાફ નહીં હોય, પરંતુ એક આખા યુગની યાદોનું દસ્તાવેજીકરણ બની શકે.

જો આ પ્રકારનો ટ્રેન્ડ સોશિયલ મીડિયામાં ચાલે તો કદાચ અનેક વર્ષોથી વિખૂટા પડેલા મિત્રો ફરી એકબીજાને મળી શકે. કોઈ ડૉક્ટર બન્યું હશે, કોઈ શિક્ષક, કોઈ ખેડૂત, કોઈ વેપારી, કોઈ ડ્રાઈવર કે કોઈ અન્ય ક્ષેત્રમાં આગળ વધ્યું હશે. પરંતુ બાળપણના દિવસોમાં બનાવેલી મિત્રતા બધાને એક જ તાંતણે બાંધી શકે છે.

નવી પેઢી માટે પણ સંદેશ

આજની પેઢી ટેક્નોલોજી અને સોશિયલ મીડિયાના યુગમાં આગળ વધી રહી છે. ત્યારે જૂના મિત્રોનું મિલન, પરસ્પર સ્નેહ, એકબીજાના સુખ-દુઃખની પૂછપરછ અને જૂની યાદોને સાચવવાની પરંપરા નવી પેઢી માટે પણ ઉત્તમ ઉદાહરણ બની શકે.

ટ્રેન્ડ એવા હોવા જોઈએ કે જે આપણને આપણા મૂળ સાથે જોડે, સંબંધોની કિંમત સમજાવે અને ભૂતકાળની સુંદર યાદોને ભવિષ્ય સુધી પહોંચાડે.

ડૉ. રામસિંહ રાઠોડ અને અલાના લાંગાની આ તસવીર કદાચ માત્ર બે મિત્રોની તસવીર છે, પરંતુ તેની પાછળનો વિચાર ઘણો મોટો છે–

"જૂના મિત્રોને શોધીએ, મળીએ અને યાદોને તસવીરમાં કેદ કરીએ... કારણ કે જીવન આગળ વધે છે, પણ સાચી દોસ્તીની યાદો ક્યારેય જૂની થતી નથી."

# વાવ-થરાદ જિલ્લામાં ૯માં 'રાષ્ટ્રીય પોષણ માહ'ની ઉજવણી

માહિતી બ્યુરો, થરાદ| સમગ્ર રાજ્યની સાથે વાવ-થરાદ જિલ્લામાં પણ તા. ૦૯ સપ્ટેમ્બરથી તા. ૦૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ૯માં 'રાષ્ટ્રીય પોષણ માહ'ની વ્યાપક ઉજવણી કરવામાં આવી રહી છે. પોષણ સૂચકાંકોમાં સુધારો લાવવા તેમજ દેશભરમાં પોષણ અંગે સંવેદનશીલતા વધારવાના ઉદ્દેશથી 'આપણી આંગણવાડી આપણી જવાબદારી' મુખ્ય થીમ સાથે એક માસ સુધી સઘન જનઅભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત પોષણ શપથ લેવડાવીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.વર્ષ ૨૦૨૬ના ૯મા રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત વાવ-થરાદ જિલ્લાની ૧૦૯૦ આંગણવાડીઓમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી



"અમારી આંગણવાડી અમારી જવાબદારી" થીમ સાથે આંગણવાડી કેન્દ્રો પર ગરમ રાંધેલા ભોજનનું નિદર્શન કરાયું

કલ્પેશકુમાર શર્માના માર્ગદર્શન હેઠળ 'અમારી આંગણવાડી અમારી જવાબદારી' થીમ અન્વયે ગત તા. ૧૨/૦૯/૨૦૨૬ના રોજ વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ અંતર્ગત આંગણવાડીઓમાં તાજું અને ગરમ રાંધેલું ભોજન (HCM) તૈયાર કરી લાભાર્થીઓને આપવામાં આવ્યું હતું, જેથી બાળકોને અપાતા નાસ્તા અને આહારની ગુણવત્તા વિશે વાલીઓ અવગત થઈ શકે. આ સાથે સ્વચ્છતા અને ભોજન રાંધવાની યોગ્ય પદ્ધતિનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું.આ સમગ્ર માસ દરમિયાન સ્વાસ્થ્ય અને પોષણ મેળા, સ્વસ્થ તથા વૈવિધ્યસભર પૌષ્ટિક રેસિપીનું પ્રદર્શન, આંગણવાડી કેન્દ્રો પર સાપ્તાહિક મેનુ રોટેશન, ગરમ રાંધેલા તાજા ભોજનનું નિદર્શન તેમજ પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત ૧૦૦ ટકા નોંધણી સુનિશ્ચિત કરવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

# બનાસકાંઠા લોક અદાલતનો ઐતિહાસિક સપાટો: એક જ દિવસમાં ૮૨૦૭ કેસોનો સુખદ નિકાલ, ₹૩૨.૫૫ કરોડનું સેટલમેન્ટ

માહીતી બ્યુરો, પાલનપુર | નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુર દ્વારા તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ તમામ પ્રકારના દીવાની તથા સમાધાનલાયક ફોજદારી કેસો માટે લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. લોક અદાલતને બનાસકાંઠા જિલ્લાના પક્ષકારો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો.મુખ્ય જિલ્લા ન્યાયાધીશ અને અધ્યક્ષશ્રી એન. આર. જોષીના સઘન પ્રયત્નોથી પ્રી-લીટીગેશનના ટ્રાફિક ચલણના કુલ ૨૨૮૬ કેસો સહિત કુલ ૨૯૦૮ કેસોનું સમાધાન કરવામાં આવ્યું હતું, જેમાં રૂ. ૬,૪૩,૨૪,૧૦૯.૬૦ના સેટલમેન્ટનો હુકમ કરવામાં આવ્યો હતો.બનાસકાંઠા જિલ્લાની વિવિધ અદાલતોમાં ચાલુ કેસોમાંથી કુલ ૫૨૯૯ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો, જેમાં રૂ. ૨૬,૧૨,૪૭,૭૮૨.૨૦નું સેટલમેન્ટ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, મોટર અકસ્માત વળતર સંબંધિત કુલ ૫૨ કેસોમાં સમાધાન થતાં રૂ. ૫,૫૫,૫૦,૦૦૦/-નું વળતર ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આમ, પ્રી-લીટીગેશન તથા લીટીગેશન મળી લોક અદાલત મારફતે કુલ ૮૨૦૭ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો અને કુલ રૂા. ૩૨,૫૫,૭૧,૮૯૧.૮૦ની રકમના સેટલમેન્ટ/વળતર ચૂકવવાના હુકમ કરવામાં આવ્યા હતા.આ લોક અદાલતને સફળ બનાવવા બનાસકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા તમામ માનનીય ન્યાયાધીશશ્રીઓ, વકીલશ્રીઓ, બેંક તથા ઈન્શ્યોરન્સ કંપનીઓના અધિકારીશ્રીઓ તેમજ કોર્ટમાં ફરજ બજાવતા કર્મચારીઓએ સક્રિય સહયોગ આપી સખત જહેમત ઉઠાવી હતી. લોક અદાલતના માધ્યમથી પક્ષકારોને ઝડપી, સરળ અને પરસ્પર સંમતિથી વિવાદોના નિરાકરણનો લાભ મળ્યો હતો.

# અખંડ આસ્થાનો મહામેળો – અંબાજી ભાદરવી પૂનમ

## અરવલ્લીની ગોદમાં ઉજાગર થતો આસ્થાનો દીપોત્સવ: ભાદરવી પૂનમ મહામેળો



માહિતી બ્યુરો, પાલનપુર| અરવલ્લીના આલિંગનમાં વસેલું અંબાજી ધામ માત્ર ગુજરાત માટે નહીં પરંતુ સમગ્ર ભારત માટે શ્રદ્ધા અને ભક્તિનું કેન્દ્ર છે. અહીં દર વર્ષે ભાદરવા સુદ પૂનમે યોજાતો મહામેળો આસ્થાનો અનોખો ઉત્સવ ગણાય છે. લાખોની સંખ્યામાં અહીં ભક્તો માતાજીના દર્શનાર્થે દૂર દૂરથી પગપાળા, વાહનવ્યવહારથી તથા વિવિધ સાધનો દ્વારા અંબાજી પહોંચે છે. શક્તિ, ભક્તિ અને આસ્થાનું કેન્દ્ર એવા અંબાજી ખાતે દર વર્ષે જિલ્લા વહીવટી તંત્ર અને અંબાજી ટ્રસ્ટ દ્વારા મહા મેળાનું સુચારુ આયોજન કરાય છે. પગપાળા યાત્રાનો વૈભવ : આ મહા મેળાની વિશિષ્ટતા એ છે કે, લાખો ભક્તો પોતાના ગામ કે શહેરમાંથી માતાજીની જય ઘોષ સાથે પગપાળા યાત્રા પર નીકળે છે. રસ્તામાં ભક્તિગીતો, ભજન-કીર્તન અને ધૂન ગાતા ગાતા યાત્રીઓ અંબાજી ધામે પહોંચે છે. આ યાત્રા માત્ર પ્રવાસ નહીં પરંતુ એક અનોખો આધ્યાત્મિક અનુભવ બને છે. અખંડ આસ્થાનો ઝળહળતો મેળો: પૂનમના દિવસે અંબાજી મંદિર ભક્તોથી છલકાય છે. સવારથી જ "જય અંબે માઁ" ના નાદ ગુંજતા રહે છે. મંદિર પરિસરમાં દીવાદાંડી, ભક્તિગીતો, જાપ અને આરતીના દ્રશ્યો મનને મંત્રમુગ્ધ કરી દે છે. ગુજરાત સરકાર અને વહીવટી તંત્રની વિશેષ વ્યવસ્થાઓ : લાખો ભક્તોના આગમનને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરાય છે. આરોગ્ય સેવાઓ માટે તબીબી ટિમો તથા ૧૦૮ એમ્બ્યુલન્સ, પોલીસ તથા સ્વયંસેવકોની મદદથી સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા, પાણી, વીજળી, સફાઈ તથા રહેવા-જમવાની સુવિધાઓ માટે ખાસ આયોજન કરાય છે. દર વર્ષે ટેક્નોલોજી આધારિત વ્યવસ્થા, સીસીટીવી અને કંટ્રોલ રૂમ દ્વારા મેળાનું સુચારુ સંચાલન થાય છે.આર્થિક અને સામાજિક પ્રભાવ : ભાદરવી પૂનમનો મેળો એ માત્ર ધાર્મિક જ નહીં પરંતુ આર્થિક અને સામાજિક રીતે પણ મહત્વનો છે. મેળા દરમિયાન વેપારીઓ, હસ્તકલા કલાકારો તથા નાના વેપારીઓને વિશાળ રોજગારી અને આવકના અવસર મળે છે. સાથે સાથે મેળો ભક્તોને સાંસ્કૃતિક એકતાનો અહેસાસ પણ કરાવે છે.અંબાજી - શ્રદ્ધાનું શાશ્વત ધામ: અંબાજી ધામ ૫૧ શક્તિપીઠોમાંનું એક પવિત્ર સ્થાન છે. અહીં માતાજીની કૃપા મેળવવા ભક્તો વર્ષભર આવતા હોય છે, પરંતુ ભાદરવી પૂનમનો મેળો માતાજીની અપરંપાર લોકપ્રિયતા અને ભક્તિના ઉમળકાનો જીવંત પુરાવો છે. અંબાજી ધામ પ્રાચીન કાળથી ભક્તિનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. અહીં કોઈ પ્રતિમા નથી પરંતુ ગર્ભગૃહમાં માત્ર "શ્રી યંત્ર" ની સ્થાપના કરવામાં આવી છે.

# પાલનપુર ધ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને 'ચેમ્પિયન ઓફ નીટ ૨૦૨૬' કાર્યક્રમ યોજાયો

માહિતી બ્યુરો, પાલનપુર | પાલનપુર સ્થિત ધ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર અને ક્લાયમેટ ચેન્જ રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને 'ચેમ્પિયન ઓફ નીટ ૨૦૨૬' ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ સમારોહમાં મંત્રીશ્રી તેમજ મહાનુભાવોના હસ્તે નીટ ૨૦૨૬ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ વ્યક્તિને મંઝિલ સુધી પહોંચાડવાનું માત્ર પ્લેટફોર્મ પૂરું પાડે છે પરંતુ સાચું ઘડતર વિદ્યાર્થીઓની આંતરિક પ્રકૃતિ અને સમર્પણથી થાય છે. સમય સાથે બદલાતી ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આ યુગમાં માત્ર ડિગ્રી મેળવવા પૂરતું સીમિત ન રહેતા, વિદ્યાર્થીઓએ ભવિષ્યની જરૂરિયાતો અનુસાર કૌશલ્યો વિકસાવવા પડશે. તેમણે સચિન તેન્ડુલકર અને અન્ય પ્રેરણાદાયી ઉદાહરણો આપીને વિદ્યાર્થીઓને કોઈપણ ક્ષેત્રમાં સફળ થવા માટે ૧૦૦ ટકા સમર્પણ અને સખત મહેનત કરવા પ્રોત્સાહિત કર્યા હતા.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાનું





વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું સ્વપ્ન છે, જેને સાકાર કરવાની જવાબદારી આજની આ યુવા પેઢીના શિરે છે. વિદ્યાર્થીઓએ પોતાના લક્ષ્યો સ્પષ્ટ રાખીને આગળ વધવું જોઈએ તેમજ કૃષિ જેવા ક્ષેત્રોમાં પણ આધુનિક ટેકનોલોજી અને ઈનોવેશન અપનાવીને દેશના વિકાસમાં યોગદાન આપવું જોઈએ.આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી વસંતભાઈ પુરોહિતે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની આ સફળતા પાછળ તેમની પોતાની મહેનત ઉપરાંત ગુરુજનોનું માર્ગદર્શન અને માતા-પિતાનો મોટો ત્યાગ રહેલો છે. પુસ્તકીય જ્ઞાનની સાથેસાથે દર્દીઓ અને સમાજ પ્રત્યે સંવેદના હોવી એ એક સારા ડૉક્ટર અને આદર્શ નાગરિક માટે અત્યંત આવશ્યક છે, જેથી યુવાનોએ હંમેશા માનવીય મૂલ્યોને જાળવી રાખવા જોઈએ.આ પ્રસંગે પાલનપુરના ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકરે જણાવ્યું હતું કે, સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા આપવામાં આવતું ગુણવત્તાસભર શિક્ષણ વિદ્યાર્થીઓમાં ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી રહ્યું છે. શ્રદ્ધા અને આત્મવિશ્વાસના દીવા હૈયે પ્રગટાવીને વિદ્યાર્થીઓ પોતાના નિર્ધારિત માર્ગ પર આગળ વધશે તો મંઝિલ ચોક્કસ મળશે, અને આ જ યુવાનો દેશના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# પીએમ કિસાન સન્માન નિધિ યોજનાથી ખેતી બની સરળ: સુનિલભાઈ ભેદીની સફળતાની વાર્તા

**દિપક રાવલ દાહોદ લીમખેડા**

ખેડૂતની વિગત:નામ: સુનિલભાઈ હીરાભાઈ ભેદી, ગામ: જેતપુર, તાલુકો: ઝાલોદ, જીલ્લો: દાહોદ. લાભ અને અનુભવ: દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના જેતપુર ગામના ખેડૂત સુનિલભાઈ હીરાભાઈ ભેદી સરકારશ્રીની 'પીએમ કિસાન સન્માન નિધિ યોજના' ના નિયમિત લાભાર્થી છે. આ યોજના હેઠળ તેમને વાર્ષિક ૬,૦૦૦ ની આર્થિક સહાય સીધી તેમના ખાતામાં પ્રાપ્ત થાય છે.આ આર્થિક સહાયનો



ઉપયોગ સુનિલભાઈ ખેતીકામ માટે જરૂરી ઉત્તમ ગુણવત્તાના બિયારણ અને ખાતર ની ખરીદી કરવા માટે કરે છે. સમયસર નાણાકીય ટેકો મળવાથી તેઓ કોઈ પણ મુશ્કેલી વગર પોતાની ખેતી સારી રીતે કરી શકે છે અને સારો પાક મેળવી રહ્યા છે. આભાર સંદેશ: આ યોજના દ્વારા ખેતીકામમાં મળેલા મોટા ટેકા બદલ સુનિલભાઈએ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી અને સરકારશ્રીનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો છે.

# ભાયાવદરમાં ડાકણીયા ડુંગરમાં લોકમેળાનો પ્રારંભ



**વિજય રાડીયા ભાયાવદર**

ઉપલેટા તાલુકાના ભાયાવદર રેલ્વે સ્ટેશન પાસે આવેલ ડાકણીયા ડુંગર ઉપર બિરાજતા ખોડીયાર મંદિરની તળેટીમાં ખોડીયાર માતાજીના સાંનિધ્યમાં તા.14 થી 16 (ત્રીજ,ચોથ, પાંચમ) એમ ત્રણ દિવસ સુધી લોકમેળાનું આયોજન નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે.આ મેળો ઋષિ પાંચમના મેળા તરીકે પ્રખ્યાત છે.ત્યારે તા.14 સપ્ટેમ્બર સોમવારના સવારે 8 કલાકથી 12 વાગ્યા સુધી પરંપરા મુજબ ખોડીયાર માતાજીનું પૂજન અર્ચના તેમજ યજ્ઞનારાયણ હવન આરોહણ મંદિર ટ્રસ્ટ દ્વારા યોજાશે ત્યાર બાદ બોપરનાં 4.30 કલાકે પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક અને ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા નાં હાથે મેળો ખુલ્લો મુકવામાં આવશે તેમજ આશીર્વાદ પ્રવચન ઈશ્વરધાર આશ્રમના સંત વિષ્ણુદાસજી બાપુ આપશે.અને તા.૧૫ ના રોજ રાત્રે મ્યુઝિકલ પાર્ટી તેમજ તા.16 ના રોજ લોક ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.



# કાચા મકાનમાંથી પાકા ઘરની સફર

**દિપક રાવલ દાહોદ | લીમખેડા**

દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના વિજાગઢ ગામના શૈલેષભાઈ પસાયાને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ. ૧.૭૦ લાખ આવાસ સહાય, રૂ. ૫,૦૦૦ શૌચાલય સહાય અને સમયસર નિર્માણ માટે રૂ. ૨૦,૦૦૦ ની વધારાની પ્રોત્સાહક સહાય મળી છે. હવે તેઓ પોતાના પાકા ઘરમાં શાંતિપૂર્ણ જીવન વિતાવી રહ્યા છે.સરકારશ્રી તરફથી મળેલ આર્થિક સહાય પ્રત્યે તેઓ સરકારશ્રીનો આભાર માની પોતાની લાગણી વ્યક્ત કરી હતી.

# દાહોદ જિલ્લામાં "સેવા સંકલ્પ અભિયાન"યોજાશે

**દિપક રાવલ દાહોદ લીમખેડા**

તારીખ 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર, 2026 દરમિયાન સમગ્ર રાજ્યમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીના જાહેર જીવનમાં 25 વર્ષની સેવા અને સમર્પણના ઉપલક્ષમાં 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવશે. દાહોદ જિલ્લામાં "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત યોજાનાર વિવિધ કાર્યક્રમોના સુચારૂ આયોજન, અસરકારક અમલીકરણ તેમજ જરૂરી તૈયારીઓ અંગે કલેક્ટરસુશ્રી સુરભિ ગૌતમની અધ્યક્ષતામાં આજે દાહોદ કલેક્ટર કચેરી ખાતે સંકલન બેઠક યોજાઈ હતી.બેઠક દરમિયાન "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત યોજાનાર વિવિધ કાર્યક્રમોના આયોજન, અમલીકરણ અને પૂર્વ તૈયારીઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમોને સફળતાપૂર્વક સંપન્ન કરવા માટે સંબંધિત અધિકારીશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ દ્વારા કરવાની થતી



કામગીરી, જરૂરી સંકલન તેમજ અન્ય આનુષંગિક બાબતો અંગે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.કલેક્ટરશ્રીએ અભિયાન અંતર્ગત યોજાનાર કાર્યક્રમોનું સુચારૂ આયોજન થાય અને તેનો અસરકારક અમલ થાય તે માટે સંબંધિત અધિકારીશ્રીઓને જરૂરી સૂચના આપવા સહિત માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં પોલીસ અધિક્ષકશ્રી રવિરાજસિંહ જાડેજા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટ, પ્રાયોજના વહીવટદારશ્રી પ્રતિક જૈન, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગમાબેન મોહનિયા, નિવાસી અધિક કલેકટરશ્રી જે. એમ. રાવલ, ડી. આર. ડી. એ. નિયામકસુશ્રી પલ્લવી બારૈયા, દાહોદ ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી, ગરબાડા ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર, ઝાલોદ ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયા સહિત અન્ય પદાધિકારીશ્રીઓ તેમજ સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પર્યાવરણ રક્ષા કાજે માટીના ગણેશ: દરશડીના સોની પરિવારની નિસ્વાર્થ સેવા



**મહેશ અલ. સોનીં નખત્રાણા**

માત્ર ભક્તિ જ નહીં, પર્યાવરણ પ્રત્યેની ફરજનું ભાન કરાવતું પ્રેરક કાર્ય માંડવી તાલુકાના દરશડી ગામે થઈ રહ્યું છે. ગામના જાણીતા જ્વેલર્સ અને કલાપ્રેમી એવા ઈશ્વરભાઈ રવજી સોની છેલ્લા ઘણા વર્ષોથી માટીમાંથી ગણપતિની મૂર્તિઓ બનાવીને પર્યાવરણ જાગૃતિનો સંદેશો ફેલાવી રહ્યા છે.આજના સમયમાં જ્યારે પીઓપીની મૂર્તિઓથી જળાશયો પ્રદૂષિત થાય છે, ત્યારે ઈશ્વરભાઈ સંપૂર્ણપણે દેશી માટીમાંથી આબેહૂબ ગણેશ મૂર્તિઓનું નિર્માણ કરે છે. આ મૂર્તિઓ પાણીમાં સરળતાથી ઓગળી જાય છે અને પર્યાવરણને કોઈ નુકસાન પહોંચાડતી નથી.ખાસ વાત એ છે કે તેઓ આ મૂર્તિઓનું વેચાણ કરતા નથી. પોતાના સગા-સ્નેહીઓ, મિત્રો અને ગામના ભાવિકોને તેઓ વિના મૂલ્યે, માત્ર સેવાભાવથી મૂર્તિઓ બનાવી આપે છે.મૂળ વ્યવસાયે જ્વેલર્સ હોવા છતાં કલા તેમના લોહીમાં છે. ગણેશ ઉત્સવ પૂરતું જ સીમિત ન રહેતા, તેઓ વર્ષ દરમિયાન વિવિધ ધાર્મિક પર્વો પર પોતાની કલાનું પ્રદર્શન કરે છે. આસો નવરાત્રી દરમિયાન નવરાત્રી મંડળો માટે કલાત્મક ગરબા, જન્માષ્ટમી પર્વ નિમિત્તે જશોદા માતા અને બાળકૃષ્ણની મનોહર ઝાંખીઓ, તેમજ અન્ય તહેવારો માટે આકર્ષક ચિત્રો અને માટીની મૂર્તિઓ પણ તેઓ નિઃસ્વાર્થ ભાવે તૈયાર કરી આપે છે આ કાર્યમાં તેમના પરિવારના અર્ધાંગિની રમીલાબેન, પુત્ર મિત, પુત્રી આરતીનો પણ ખુબજ સહયોગ મળી રહ્યો છે.વ્યવસાયની વ્યસ્તતા વચ્ચે પણ સમય કાઢીને તેઓ આ કલા-સાધના કરી રહ્યા છે. તેમની આ સેવાભાવી પ્રવૃત્તિને ગામ લોકો બિરદાવી રહ્યા છે અને યુવા પેઢી માટે પર્યાવરણલક્ષી ઉજવણીનો ઉત્તમ દાખલો પૂરો પાડી રહી છે.

# સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા 26મો સર્વજ્ઞાતિય સરસ્વતી સન્માન સમારોહ તથા રક્તદાન કેમ્પ યોજાયો

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

જૂનાગઢની સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા શિક્ષણને પ્રોત્સાહન આપવા અને વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે નવી ઊર્જા તથા આત્મવિશ્વાસ જગાવવા માટે દર વર્ષની પરંપરા મુજબ તા. 13/09/2026 ના રોજ લોઢીયા વાડી, જૂનાગઢ ખાતે 26મો સર્વજ્ઞાતિય સરસ્વતી સન્માન સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. સત્યમ સેવા યુવક મંડળ છેલ્લા 26 વર્ષથી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવવાનું અને તેમને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવાનું સેવાકાર્ય સતત કરી રહ્યું છે. સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ માત્ર તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવાનો નથી, પરંતુ દરેક વિદ્યાર્થીમાં રહેલી પ્રતિભાને ઓળખી તેને શિક્ષણ, સંસ્કાર અને મહેનતના માર્ગે આગળ વધવા માટે પ્રેરણા આપવાનો છે. કાર્યક્રમની શરૂઆત અંધ કન્યા છાત્રાલયની દીકરી દ્વારા શ્રીમદ્ ભગવદ્ ગીતાના પવિત્ર શ્લોકોના પઠન સાથે કરવામાં આવી હતી. દીકરીઓના સુંદર પઠનથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક તથા પ્રેરણાદાયી બની ગયું હતું. ત્યારબાદ જૂનાગઢના ઉદ્યોગપતિ શ્રીમતી પ્રવીણાબેન ગીરીશભાઈ ચોકસી, લોઢીયા વાડીના પ્રમુખશ્રી કિરીટભાઈ રાણીંગા તથા મંગલમૂર્તિ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી ધીરુભાઈ પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને શિક્ષણનું મહત્વ સમજાવતા પ્રેરણાદાયી સંદેશો આપ્યા હતા. ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયાએ જણાવ્યું હતું કે સમાજ સેવા કરવી એ ખૂબ જ અઘરું કાર્ય છે. સત્યમ સેવા યુવક મંડળ દ્વારા સતત કરવામાં આવતી સેવા પ્રશંસનીય છે અને આ સેવા યજ્ઞમાં જોડાયેલા તમામ સેવાભાવી લોકોને હૃદયપૂર્વક વંદન કરું છું. આલ્ફા સ્કૂલના શ્રી જી.પી. કાઠીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે દરેક બાળકમાં અસીમ અને સુષુપ્ત શક્તિઓ રહેલી હોય છે. તે શક્તિઓને બહાર લાવીને વિદ્યાર્થીને યોગ્ય દિશા આપવાનું મહત્ત્વનું કાર્ય શિક્ષક અને શિક્ષણવિદનું છે. શિક્ષક માત્ર ભણાવતો નથી, પરંતુ વિદ્યાર્થીના



વ્યક્તિત્વનું ઘડતર કરે છે અને તેના જીવનને સાચી દિશા આપે છે. તેમણે વિદ્યાર્થીઓને મહેનત, શિસ્ત, સંસ્કાર અને સતત અભ્યાસ દ્વારા પોતાના જીવનમાં સફળતા મેળવવા પ્રેરણા આપી હતી. આ સરસ્વતી સન્માન સમારોહમાં જૂનાગઢ શહેરના ધોરણ 8 થી 12ના આશરે 600 વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ બદલ તાળીઓના ગડગડાટ સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને માત્ર પ્રમાણપત્ર કે સન્માન પૂરતું મર્યાદિત ન રાખીને સંસ્થા દ્વારા તેમને પ્રેરણાત્મક સ્ટડી કીટ અને ઉપયોગી શૈક્ષણિક સામગ્રી પણ આપવામાં આવી હતી. આ કીટ વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી બને અને તેમને પોતાની શૈક્ષણિક યાત્રામાં વધુ મહેનત કરવાની પ્રેરણા મળે તે હેતુથી આપવામાં આવી હતી. આ પ્રકારનું સન્માન વિદ્યાર્થીના આત્મવિશ્વાસમાં વધારો કરે છે. જ્યારે કોઈ વિદ્યાર્થીની મહેનતને જાહેરમાં બિરદાવવામાં આવે છે ત્યારે તેને જીવનમાં વધુ સારું કરવાની પ્રેરણા મળે છે અને અન્ય વિદ્યાર્થીઓમાં પણ સ્પર્ધાત્મક ભાવના સાથે આગળ વધવાની ઈચ્છા જાગે છે. સંસ્થાના પ્રમુખ શ્રી મનસુખભાઈ વાજાએ વિદ્યાર્થીઓને આપી હતી, તેમણે યુવાનોને તમાકુ, ગુટખા, દારૂ સહિતના તમામ પ્રકારના વ્યસનોથી દૂર રહેવા તથા પોતાના જીવનનો અમૂલ્ય સમય શિક્ષણ, કારકિર્દી, રમતગમત અને સમાજસેવામાં વાપરવા અનુરોધ કર્યો હતો. સાથે જ આજના ડિજિટલ યુગમાં મોબાઈલ જરૂરી સાધન છે, પરંતુ તેનો જરૂર પૂરતો અને યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. મોબાઈલ જ્ઞાન મેળવવાનું માધ્યમ બને, સમય બગાડવાનું નહીં તેવો સંદેશ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો.આ પ્રસંગે સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ભવ્ય રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ, વાલીઓ તથા સેવાભાવી લોકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી થેલેસેમિયા- મેજર સહિતના દર્દીઓ માટે અમૂલ્ય માનવસેવામાં યોગદાન આપ્યું હતું.શિક્ષણ અને સેવા–બંનેને એકસાથે જોડતો આ કાર્યક્રમ સમાજ માટે એક સુંદર સંદેશ આપે છે કે સાચું શિક્ષણ માત્ર પોતાની સફળતા માટે નહીં, પરંતુ સમાજ ના જરૂરિયાતમંદ લોકોની સેવા માટે પણ ઉપયોગી બનવું જોઈએ. આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર સ્વામિનારાયણ ગુરુકુળ, જૂનાગઢ ના શ્રી સુરેશભાઈ મોણપરા તથા ડો. સુભાષ આર્ય કન્યા વિદ્યાલયના શ્રી વિજય એચ. શેલારકાનું પણ વિશિષ્ટ સિદ્ધિ બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

નાસ્તા માટે દૂધીના ચીલા એક ઉત્તમ વિકલ્પ છે, જે ફક્ત સ્વાદિષ્ટ જ નથી પણ પચવામાં પણ સરળ છે. તેમાં પાણીનું પ્રમાણ વધુ હોય છે, જે ઉનાળામાં ડિહાઈડ્રેશન અટકાવે છે અને શરીરને ઠંડક આપે છે.

# ટિફિન માટે બનાવો નવી રીતે દૂધીના પુડલા કે ચીલા, જાણો સરળ રેસિપી...



ચોમાસાની ઋતુમાં હળવો અને પૌષ્ટિક નાસ્તો સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં દૂધીના ચીલા એક ઉત્તમ વિકલ્પ છે, જે ફક્ત સ્વાદિષ્ટ જ નથી પણ પચવામાં પણ સરળ છે.

દૂધીના ચીલામાં પાણીનું પ્રમાણ વધુ હોય છે, જે ઉનાળામાં ડિહાઈડ્રેશન અટકાવે છે અને શરીરને ઠંડક આપે છે. આજે અમે તમને દૂધીના ચીલા બનાવવાની ખૂબ જ સરળ રેસીપી જણાવીશું, જે તમે ઘરે સરળતાથી બનાવી શકો છો.

## દૂધીના ચીલા બનાવવા માટેની સામગ્રી (2-3 લોકો માટે)

- 1 મધ્યમ કદનો દૂધી (છીણેલું)
- 1 કપ બેસન (ચણાનો લોટ)
- 2-3 ચમચી રવો
- 1 ચમચી આદુ-લીલા મરચાંની પેસ્ટ
- 1/2 ચમચી હળદર પાવડર
- 1/2 ચમચી લાલ મરચું પાવડર
- 1 ચમચી ધાણા પાવડર
- 1/2 ચમચી જીરું
- 1/4 ચમચી હિંગ
- સ્વાદ પ્રમાણે મીઠું
- 2 ચમચી તાજા કોથમીરના પાન (બારીક સમારેલી)
- તેલ અથવા ઘી (પેનકેક તળવા માટે)
- પાણી (ખીરું બનાવવા માટે)
- દૂધીના ચીલા બનાવવાની રીત
- સૌ પ્રથમ દૂધીને છોલીને ધોઈ લો અને છીણીની મદદથી તેને બારીક છીણી લો.
- છીણેલા દૂધીને એક મોટા બાઉલમાં કાઢો.
- હવે દૂધીમાં આદુ-લીલા મરચાંની પેસ્ટ, હળદર પાવડર, લાલ મરચાં પાવડર, ધાણા પાવડર, જીરું, હિંગ અને મીઠું, ચણાનો લોટ અને સોજી ઉમેરીને સારી રીતે મિક્સ કરો.
- ધ્યાનમાં રાખો કે દૂધીમાંથી પાણી નીકળે છે, તેથી પહેલા પાણી ના નાખો.
- જો ખીરું ઘટ્ટ લાગે, તો થોડું પાણી ઉમેરીને થોડું પાતળું બનાવો, પણ વધારે પાતળું ન બનાવો.
- હવે તેમાં સમારેલા કોથમીર ઉમેરો અને ખીરાને 10-15 મિનિટ સુધી ચઢવા દો.
- આ પછી, એક નોન-સ્ટીક તવાને ગરમ કરો અને તેના પર થોડું તેલ અથવા ઘી રેડો અને તવાને મધ્યમ તાપ પર ગરમ થવા દો.
- જ્યારે તવા ગરમ થઈ જાય, ત્યારે લાડુની મદદથી બેટર લો અને તેને તવા પર ફેલાવો.
- ચીલાને ગોળ આકાર આપવા માટે, લાડુને હળવેથી ફેરવો અને તેને ગોળ આકાર આપો.
- હવે ઉપર થોડું તેલ અથવા ઘી રેડો અને ચીલાને સોનેરી થાય ત્યાં સુધી રાંધો.
- જ્યારે એક બાજુ સારી રીતે શેકાઈ જાય, ત્યારે ચીલા પલટાવી દો.
- બીજી બાજુથી પણ તેને હળવા હાથે પાકવા દો.
- જ્યારે ચીલા ક્રિસ્પી અને ગોલ્ડન બ્રાઉન થઈ જાય, ત્યારે ગેસ બંધ કરી દો.
- દૂધીના ચીલાને ગરમાગરમ પીરસો. તમે તેને લીલા ધાણાની ચટણી, ટામેટાની ચટણી અથવા દહીં સાથે પીરસી શકો છો.

## દૂધીના ચીલાના ફાયદા

- પચવામાં સરળ - દૂધી અને ચણાના લોટનું મિશ્રણ પેટ માટે હળવું છે.
- હાઇડ્રેશન- દૂધીમાં 90% પાણી હોય છે, જે ઉનાળામાં ડિહાઇડ્રેશન અટકાવે છે.
- ફાઇબર- ચણાનો લોટ, દૂધી અને સોજીમાંથી ફાઇબર મેળવવામાં આવે છે .
- વજન નિયંત્રણ - આ એક ઓછી કેલરીવાળો નાસ્તો છે, જે વજન ઘટાડવામાં મદદ કરે છે .

# ટામેટાના ભજીયા બનાવવાની રીત...

સુરતના પ્રખ્યાત ટામેટાના ભજીયા: ટામેટાના ભજીયાનું નામ આવે એટલે સુરતના ડુમ્મસ બીચ પર મળતા ટામેટાના ભજીયા યાદ આવે. સુરતના પ્રખ્યાત ટામેટાના ભજીયામાં સાચી કમાલ ગ્રીન ચટણીની છે. આ ગ્રીન ચટણી કેવી રીતે બનાવવી તેની રેસિપી.




## સુરતના પ્રખ્યાત ટામેટાના ભજીયાની સામગ્રી

- ચટણી માટે:
- ટામેટાં: 2 મધ્યમ કદના, કાપેલા
- ડુંગળી: 1 મધ્યમ કદની, કાપેલી
- આદુ-લસણની પેસ્ટ: 1 ટેબલસ્પૂન
- લીલા મરચાની પેસ્ટ: 1 ટેબલસ્પૂન
- જીરું: 1/2 ટી સ્પૂન
- મીઠું: 1 ટી સ્પૂન કરતાં ઓછું (સ્વાદ મુજબ)
- લાલ મરચાનો પાવડર: 1/2 ટી સ્પૂન
- કાશ્મીરી લાલ મરચાનો પાવડર: 1 ટી સ્પૂન
- ખાંડ: 1 ટેબલસ્પૂન
- તેલ: 1 ટેબલસ્પૂન
- ભજીયાના બેટર માટે:
- ચણાનો લોટ (બેસન): 1 કપ
- ચોખાનો લોટ: 2 ટેબલસ્પૂન
- મીઠું: 1 ટી સ્પૂન
- આદુ-લસણની પેસ્ટ: 1 ટી સ્પૂન
- લીલા મરચાની પેસ્ટ: 1 ટી સ્પૂન
- આખા ધાણા: 1 ટી સ્પૂન (થોડા ક્રશ કરેલા)
- હળદર: 1/4 ટી સ્પૂન
- ગરમ મસાલો: 1/2 ટી સ્પૂન
- પાણી: 1/2 કપ કરતાં ઓછું (બેટરની જરૂરિયાત મુજબ)



- જીરાળું: 1/2 ટી સ્પૂન

કુકિંગ સોડા: 1 ચપટી

- તળવા માટે તેલ: જરૂર મુજબ
- અન્ય સામગ્રી:
- લાલ ટામેટાં: મધ્યમ કદના અને કડક, સ્લાઈસ કરવા માટે

## આ રીતે ટામેટાના ભજીયા ઘરે બનાવો

1). ચટણી તૈયાર કરવી:

એક મિક્સર ગ્રાઈન્ડરમાં કાપેલા ટામેટાં, ડુંગળી, આદુ-લસણની પેસ્ટ, લીલા મરચાની પેસ્ટ, જીરું, મીઠું, લાલ મરચાનો પાવડર, કાશ્મીરી લાલ મરચાનો પાવડર, ખાંડ અને 1 ટેબલસ્પૂન તેલ લો.

પાણી ઉમેર્યા વગર, આ બધી સામગ્રીને એકદમ ઘટ્ટ અને લીસી પેસ્ટ બને ત્યાં સુધી પીસી લો. તમારી ચટણી તૈયાર છે.

2). ભજીયાનું બેટર બનાવવું:

એક મોટા બાઉલમાં ચણાનો લોટ અને ચોખાનો લોટ ભેગા કરો.

તેમાં મીઠું, આદુ-લસણની પેસ્ટ, લીલા મરચાની પેસ્ટ, ક્રશ કરેલા આખા ધાણા, હળદર, ગરમ મસાલો અને 2 ટેબલસ્પૂન તેલ ઉમેરો.

હવે ધીમે ધીમે પાણી ઉમેરતા જાઓ અને હાથથી અથવા ચમચાથી હલાવીને એકદમ સ્મૂથ અને ઘટ્ટ બેટર તૈયાર કરો. બેટરની કન્સિસ્ટન્સી મધ્યમ જાડી હોવી જોઈએ, ખૂબ પાતળી નહીં. આ માટે 1/2 કપ કરતાં ઓછું પાણી લાગશે.

જ્યારે તમે ભજીયા તળવા જઈ રહ્યા હો, ત્યારે બેટરમાં 1/2 ટી સ્પૂન જીરાળું અને 1 ચપટી કુકિંગ સોડા ઉમેરીને હળવા હાથે મિક્સ કરી લો. સોડા ઉમેર્યા પછી વધારે હલાવવું નહીં.

3). ટામેટા તૈયાર કરવા:

મધ્યમ કદના લાલ અને કડક ટામેટાં લો. એક ટામેટામાંથી 4 થી 5 પાતળી ગોળ સ્લાઈસ તૈયાર કરો. સ્લાઈસ વધારે જાડી કે પાતળી ન હોવી જોઈએ.

હવે, દરેક ટામેટાની સ્લાઈસ પર તૈયાર કરેલી ચટણીનું એક ઘટ્ટ લેયર લગાવો. એક સ્લાઈસ પર લગભગ એક ચમચી જેટલી ચટણી લગાડી શકાય છે.

ચટણી લગાવેલી સ્લાઈસ ઉપર બીજી ટામેટાની સ્લાઈસ મૂકીને એક સેન્ડવીચ જેવું તૈયાર કરો.

4). ભજીયા તળવા:

એક કડાઈમાં તળવા માટે તેલ ગરમ કરવા મૂકો. તેલ મધ્યમ ગરમ હોવું જોઈએ.

તૈયાર કરેલી ટામેટા-ચટણીની સેન્ડવીચને બેટરમાં બરાબર ડુબાડો, જેથી ટામેટું સંપૂર્ણપણે બેટરથી કવર થઈ જાય.

બેટર લગાવેલી ટામેટાની સ્લાઈસને ધીમેથી ગરમ તેલમાં મૂકો. એકસાથે વધારે ભજીયા ન નાખવા.

ભજીયાને તરત જ પલટાવવા નહીં. નીચેની બાજુ થોડા ચડી જાય અને ગોલ્ડન થાય ત્યાં સુધી થવા દો.

પછી ધીમેથી પલટાવીને બીજી બાજુ પણ ગોલ્ડન અને ક્રિસ્પી થાય ત્યાં સુધી તળી લો.

બધા ભજીયા ગોલ્ડન બ્રાઉન અને ક્રિસ્પી થાય ત્યાં સુધી તળીને તેલમાંથી કાઢી લો.

તૈયાર છે સુરતના પ્રખ્યાત, અંદરથી ચટપટા અને બહારથી ક્રિસ્પી ટામેટાના ભજીયા!

# ડેરી જેવું ઘાટુ મલાઈદાર દહીં જમાવવાની પરફેક્ટ રીત...

ઘણા લોકોથી ઘરે ડેરી જેવું ઘાટું મલાઈદાર દહીં જામતું નથી. શું તમારું દહીં પણ ચીકણું કે બરાબર જામતું નથી તો દહીં જમાવવાની બેસ્ટ રીત જણાવી રહ્યું છે.



## દહીં બનાવવાની રીત

1). સૌ પ્રથમ, દૂધને ગરમ કરો.

2). દૂધને ઓરડાના તાપમાને (રૂમ ટેમ્પરેચર પર) ઠંડુ થવા દો. જો તમે મલાઈ સાથે દહીં જમાવી રહ્યા હો, તો મલાઈ કાઢવાની બિલકુલ જરૂર નથી.

3). ઠંડા થયેલા દૂધમાં એક ચમચી છાશ અથવા દહીં ઉમેરો.

4). આ મિશ્રણને બરાબર મિક્સ કરી લો.

5). ત્યારબાદ, આ દહીંને 5 થી 6 કલાક માટે જમાવવા માટે મૂકી દો.

6). દહીં જામી ગયું છે કે નહીં તે તપાસવા માટે તમે પ્લેટ અથવા ચમચીની મદદ લઈ શકો છો.

7). પરફેક્ટ રીત એ છે કે જે તપેલી કે વાસણમાં તમારે દહીં જમાવવું છે તેમા જ દૂધ ગરમ કરો. પછી એ જગ્યાએ મુકો જ્યાંથી દહીં જામી ગયા પછી તેને સહેજ પણ ખસેડવાનું કે હલાવવાનું નથી. દૂધ ઠંડુ થઈ જાય પછી તેમા મેરવણ ઉમેરી દો. બેસ્ટ રીત સાંજે જમાવી દો સવાર થતા મસ્ત દહીં બની જશે.

8). મેરવણમાં બજારનું તૈયાર દહીં ન ઉમેરવું. ઘરે બનાવેલું દહીં કે છાસ જ મેરવણમાં ઉમેરવું. જેથી દહીં ચીકણું ન બને. બજારનું દહીં મેરવણમાં ઉમેરવાથી દહીં ચીકણું બનશે.

# રાજગરાનો શીરો બનાવવાની રેસિપી

રાજગરાનો શીરો બનાવવાની રીત: રાજગરાનો શીરો કેવી રીતે બનાવવો તેની રેસિપી ગુજરાતી જાગરણ આજે અહીં તમને જણાવશે. આ રાજગરાનો શીરો તમે ઉપવાસમાં પણ ખાઈ શકો છો. તો ચાલો બનાવીએ રાજગરાનો શીરો.

## રાજગરાના શીરાની સામગ્રી



- દેશી ઘી: જરૂર મુજબ
- રાજગરાનો ફરાળી લોટ: 1 નાની વાટકી
- ખાંડ: અડધી વાટકી (જે વાટકીથી લોટ લીધો હોય તે જ માપ)
- કાજુ, બદામ, અને પિસ્તા: નાના ટુકડા કરેલા
- પાણી: અડધાથી પોણો ગ્લાસ
- એલચીનો પાવડર: 1/4 ટી સ્પૂન
- રાજગરાના શીરાને બનાવવાની રીત:
- સૌ પ્રથમ, ગેસ પર એક નાની કડાઈ ગરમ કરવા મૂકો અને તેમાં બે ચમચી દેશી ઘી ઉમેરો.
- ઘી ગરમ થાય એટલે તેમાં કાજુ, બદામ અને પિસ્તાના ટુકડા ઉમેરીને તળી લો. આમ કરવાથી શીરામાં ડ્રાયફ્રૂટ ક્રંચી લાગશે. તળાઈ જાય એટલે તેને બહાર કાઢીને બાજુ પર રાખો.
- હવે તે જ ઘીમાં એક નાની વાટકી રાજગરાનો લોટ ઉમેરો. જો ઘી ઓછું લાગે તો અડધી ચમચી જેટલું ઘી ઉપરથી ઉમેરી શકો છો.
- લોટને બરાબર શેકો. જ્યાં સુધી લોટ શેકાઈને હલકો ન થઈ જાય અને તેનો રંગ થોડો બદલાઈ ન જાય ત્યાં સુધી તેને શેકતા રહો.
- લોટ શેકાઈ જાય એટલે ગેસની ફ્લેમ ધીમી કરી દો અથવા કડાઈને ગેસ પરથી નીચે ઉતારી લો.
- એક અલગ તપેલીમાં અડધાથી પોણો ગ્લાસ પાણી ગરમ કરવા મૂકો.
- શેકેલા લોટવાળી કડાઈને ફરી ગેસ પર મૂકીને તેમાં ધીમે ધીમે ગરમ પાણી ઉમેરો અને બરાબર મિક્સ કરો. ગરમ પાણી ઉમેરવાથી શીરો ઝડપથી બની જાય છે.
- મિશ્રણ બરાબર ભળી જાય પછી તેમાં સ્વાદ પ્રમાણે ખાંડ ઉમેરો (અહીં લોટના માપથી અડધી વાટકી ખાંડ ઉમેરવામાં આવી છે) અને ખાંડ ઓગળે ત્યાં સુધી હલાવો.
- ત્યારબાદ તેમાં 1/4 ટી સ્પૂન એલચીનો પાવડર અને તળીને રાખેલા ડ્રાયફ્રૂટ ઉમેરીને બધું બરાબર મિક્સ કરી લો.
- જ્યારે શીરામાંથી ઘી છૂટું પડવા લાગે, ત્યારે સમજવું કે શીરો તૈયાર છે. ગેસ બંધ કરી દો. ગરમાગરમ ફરાળી રાજગરાનો શીરો સર્વ કરવા માટે તૈયાર છે.

# આ વસ્તુઓમાં લીંબુ કરતાં વધુ વિટામિન-C હોય છે...

આજે આપણે બધા જાણીએ છીએ કે આમળા, જામફળ, ધાણાજીરું, કીવી, નારંગી અને લીલા મરચાં (જેના વિશે વિચારીને તમને આશ્ચર્ય થશે) જ્યારે મને ખબર પડી કે લીંબુમાં વિટામિન સી સૌથી ઓછું હોય છે ત્યારે મને ખૂબ જ આશ્ચર્ય થયું. તમને તે થોડું વિચિત્ર પણ લાગશે, પણ તે સાચું છે. જોકે, અમે એવું નથી કહેતા કે લીંબુમાં વિટામિન સી બિલકુલ નથી. આજે આપણે બધા જાણીએ છીએ કે આમળા, જામફળ, ધાણાજીરું, કીવી, નારંગી અને લીલા મરચાં (જેના વિશે વિચારીને તમને આશ્ચર્ય થશે), અને હા, લીંબુ પણ જેવા વિટામિન સીના શ્રેષ્ઠ કુદરતી સ્ત્રોતો કયા છે! તો શા માટે આપણે એસ્કોર્બિક એસિડ ગોળીઓ લેવાને બદલે કુદરતી સ્ત્રોતોમાંથી આપણી વિટામિન સીની જરૂરિયાતો પૂરી ન કરીએ? છેવટે, કુદરતી વસ્તુઓ જ શ્રેષ્ઠ અને સલામત છે.

- વિટામિન સીથી ભરપૂર આમળા
- વિટામિન સીની ઉણપથી શું થઈ શકે છે?
- જો શરીરમાં વિટામિન સીની ઉણપ હોય, તો ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ ઊભી થઈ શકે છે, જેમ કે:
- પેઢામાંથી રક્તસ્ત્રાવ
- ઘાવનો ધીમો રૂઝાવ
- એનિમિયા અથવા લોહીની ખોટ
- થાક અને નબળાઈ
- ચીડિયાપણું અને ઉદાસી
- ઈજાગ્રસ્ત
- સાંધા અને સ્નાયુઓમાં દુખાવો
- સ્વસ્થ, સુંદર અને મજબૂત રહેવા માટે શું કરવું?
- જો તમે ઇચ્છો છો કે તમારું શરીર મજબૂત, ઉર્જાથી ભરપૂર, ત્વચા ચમકતી અને સ્વાસ્થ્ય સારું રહે તો તમારા રોજિંદા આહારમાં વિટામિન સીથી ભરપૂર કુદરતી ખોરાકનો ચોક્કસ સમાવેશ કરો.
- વિટામિન સીથી ભરપૂર કુદરતી ખોરાક
- આમળા - 600 મિલિગ્રામ/100 ગ્રામ
- જામફળ - 228 મિલિગ્રામ/100 ગ્રામ
- ધાણાના પાન - 135 મિલિગ્રામ/100 ગ્રામ
- લીલા મરચાં - 111 મિલિગ્રામ/100 ગ્રામ
- કિવિ - 75 મિલિગ્રામ/100 ગ્રામ
- નારંગી - 59 મિલિગ્રામ/ગ્રામ
- લીંબુ - 53 મિલિગ્રામ/100 ગ્રામ.






# કેળના ઝાડની પવિત્રતા

..લીલા મોટા કદ ના પાંદડા વાળા ઝાડને આમતો કેળ કહેવા માં આવે પરંતુ એના બીજા અનેક નામો જેવા કે કદલી,રંભા વરુણ વગેરે નામથી પણ ઓળખાય છે. આમ તો વનસ્પતિ વિજ્ઞાન અનુસાર કેળનું નામ મુસા છે.કેળનું ઝાડ જીવન પર્યંત એકજ વાર અસહ્ય દર્દ ભરી ચીસ સાથે ફળ આપી શકે છે.કેળ ના ફળ, પાન અને થડ નું ખાસ કરીને પૂજા પાઠ અને હોમ હવન માં ખાસ થતો હોય છે.દક્ષિણ ભારતીય પ્રદેશો માં તો કેળા ના પાન પર જ ભોજન લેવાનો આગ્રહ વધારે હોય છે.ત્યાંના ગ્રામ્ય વિસ્તાર માં આજેપણ લોકો ધાતુ ના વાસણો ને બદલે કેળ ના પાન પર જ ભોજન લે છે.કેમ? કેળના પાન મા પોલીફેનોલ્સ નામનું રોગપ્રતિકારક શક્તિ વધારનાર પોષક તત્વ ભરપૂર માત્રા માં હોય છે જે ગરમ ભોજન ના સંપર્ક માં આવતાજ એ એમાં તાત્કાલિક ભળી જાય છે.આ ઉપરાંત કેળ ના પાન માં કુદરતી રીતે જ વેક્સ જેવું આવરણ હોય છે



- રુપાલી દવે

જે કેળ ના પાન ની બેકેટિયા થી સુરક્ષા કરે છે.

કેળમાં લાલ રંગની મોટી સાઈઝની કળી ઉગે છે ત્યારે કેળની ખૂબ સુરતી વધી જાય છે પરંતુ એ કળી ખૂલે ત્યારે ચીસ સંભળાતા જ અંદર થી નાના કેળા સફેદ ફૂલ સ્વરૂપે દેખાય છે એટલે કેળા પરિવાર ની વનસ્પતિ તરીકે ઓળખાય છે.સામન્ય રીતે વિષુવૃતિય પ્રદેશમાં વધારે ઉગે છે..બીજા ફાળો ની સરખામણી કરતા કેળા માં વધારે કાર્બોહાઈડ્રેટસ,શર્કરા,કેલેરી નું પ્રમાણ વધારે હોય છે.કેળા માં રહેલું કાર્બોહાઈડ્રેટ એ શરીર ને શકિત આપે છે અને પોટેશિયમ હદય ને મજબૂત રાખે છે.પ્રત્યેક સીઝન માં ઉગતા કેળા એ લોકોનું પ્રિય અનેક પોષક તત્વો થી ભરપુર ફળ છે.વ્રત ઉપવાસ માં કેળા નો ઉપયોગ વધારે થાય છે.એનું મુખ્ય કારણ બેત્રણ કેળા ખાવાથી ભૂખ સંતોષાય જાય છે.

પ્રાચીન કાળમાં ચયાપચયની ક્રિયા માં સમસ્યા થતી હોય તો ત્યારે મેડિકલ વિજ્ઞાન શોધાયું નહતું. નાડી વિજ્ઞાન દ્વારા નાના થી મોટા દરેક રોગ નો ઈલાજ થતો હતો. ત્યારે હોસ્પિટલ,દવાખાના,ડોકટર,સર્જન, સ્પેસિયા લીસ્ટ વગેરે વગેરે નામ માત્ર “વૈદ્ય રાજ” માં દ્રશ્યમાન થતું હતું. ચયાપચય ની ગંભીર સમસ્યા માં વૈદ્યરાજ દર્દી ની નાડી પરથી ઈલાજ માં દવાઓ કે ઔષદીઓ વગેરે પર ચોકડી.દર્દી ને ભૂખ લાગે ત્યારે “કેળા” ખાવાની સલાહ સાથે મહિના,આઠ દિવસ કે પંદર દિવસ અનાજ બંધ મતલબ ભોજન કેળા નું કરવાનું રહેતું હતું.કેળા માં પેકટીન અને કાર્બોહાઈડ્રેટસ ની માત્રા વધારે હોવાના કારણે આંતરડા મા ના પચી શકતા ખોરાક ને પચાવી ને આંતરડા ની સાફ સફાઈ કરી નાખે છે.આંતરડા ને જરૂરી બેકટેરિયા ના વિકાસ માં મદદ કરીને ફેટી એસીડ ઉત્પન્ન કરવામાં મદદ કરે છે.

ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મી ની ખાસ પૂજા કેળ ના ઝાડ પાસે કરવામાં આવે છે. કેળ ના ઝાડ ની પવિત્રતા જ એનું પ્રતિક પૃથ્વી ના પાલન હાર નું પ્રિય બનવું છે.આ કારણોસર તો ધન ની સમસ્યા સતત થતી હોય એવા લોકો સતત ત્રણ માસ સુધી ભગવાન વિષ્ણુ ના મંત્ર સ્મરણ સાથે ને નિત્ય કેળના ઝાડની પૂજા કરવી જોઈએ.

પૂજા માં શેરડી ના સાંઠા અને નાગર વેલ ના પાન ની જેમજ કેળાના પાન જરૂરી સમજો. લીલા લાંબા પોહલા પાન એ ખૂબ ઉપયોગી હોય છે.એમાંથી પતરાળાં પણ બને છે.ધાતુ કરતા વનસ્પતિ ના પાન કે પતરાળાં માં ભોજન કરવું એ હેલ્થ માટે ઉતમ માનવા મા આવે છે. કેળાના થડ ના રસ માં રોગ પ્રતિકારક ક્ષમતા વધારે હોવાથી ઢોર માટે ખૂબ સારા માનવા મા આવે છે.કેળા ના પાન ને સૂકવી ને એની રાખ માંથી વિવિધ રંગ બનાવવા માં આવે છે.કેળા ના પાનના દંડા ને સૂકવી એમાંથી ક્ષાર મતલબ સાબુ ને મળતું લિકવિડ બને છે. કેળા સૌથી વધારે કેરાલા,આંધ્ર,કોંકણ, કર્ણાટક,બેંગલોર વગેરેમાં થાય છે. આ પ્રદેશના ધોબીઓ કપડા ધોવા માટે સાબુ ની જગ્યા એ કેળાના ક્ષાર નો ઉપયોગ કરે છે.

માન્યું કે સમય બદલાયો એટલે કેરલ નું ફળ ગુજરાત સુધી વેચાતું થઈ ગયું ને ઊગવા પણ લાગ્યું. સોનુ એ સીનું આમ જ તો નથી કીધું ગુજરાત ની સિંગ અને કપાસિયા ક્યાંય પણ આધુનિક ટેક્નોલોજી અને રાસાયણિક ખાતર નો ઉપયોગ કરીને ઉગાડી તો શકાય પણ “મા” અને “મામી” જેવો એના પોષકતત્વો માં તફાવત આવી જતો હોય છે.આ કારણોસર ભરપુર રાસાયણિક ખાતર થી ઉત્પાદન કરેલ કેળા માં મીઠાશ તો મળશે પણ એના ખાસ ફાયદા મળશે નહી.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ
અમદાવાદ એક્સપ્રેસ
TUESDAY • 15-09-2026



# અજય દેવગનની 'દ્રશ્યમ 3' બોક્સ ઓફિસ પર ધૂમ મચાવવા તૈયાર

(એજન્સી) મુંબઈ | તા.14

અજય દેવગનની 'દ્રશ્યમ' ભારતીય દર્શકો માટે એક મોટી ફિલ્મ ફ્રેન્ચાઈઝી બની ગઈ છે. ફિલ્મ નિર્માતાઓ બંને અગાઉના ભાગોમાં હત્યાને છુપાવવાની ઘટનાની આસપાસ વાર્તાને સફળતાપૂર્વક ગૂંથી શક્યા હતા અને પ્રેક્ષકોને અંત સુધી જકડી રાખ્યા હતા. 'દ્રશ્યમ' અને 'દ્રશ્યમ 2' બંનેએ તેમના બજેટની સરખામણીમાં બોક્સ ઓફિસ પર જંગી નફો કર્યો હતો. હવે, 'દ્રશ્યમ 3' આવી રહી છે. વાર્તા આગળ વધી છે, છતાં સેમના હત્યારાની શોધ ચાલુ છે. કાસ્ટમાં નવા પાત્રો જોડાયા છે અને એવી પ્રબળ અપેક્ષા છે કે 'દ્રશ્યમ 3' તેના શરૂઆતના દિવસે જબરદસ્ત અસર જમાવશે. અહીં પહેલા દિવસની અંદાજિત કમાણી પર એક નજર છે:નિશિકાંત કામત દ્વારા નિર્દેશિત ફિલ્મ 'દ્રશ્યમ' 2015માં રિલીઝ થઈ હતી. અજય દેવગન, તબ્બુ અને શ્રેયા સરન અભિનીત આ ફિલ્મે તેના પ્રથમ દિવસે 8.5 કરોડની કમાણી સાથે શરૂઆત કરી હતી. 38 કરોડથી 40 કરોડની વચ્ચેના બજેટ સાથે બનેલી આ ફિલ્મે 67 કરોડથી વધુની કમાણી કરી હતી. ત્યારબાદ, દિગ્દર્શક નિશિકાંત કામતનું અવસાન થયું અને અભિષેક પાઠકે 'દ્રશ્યમ 2' માટે દિગ્દર્શનની જવાબદારી સંભાળી. તેમણે 2022માં રિલીઝ થયેલી આ સિક્વલને તે જ સ્તરના સસ્પેન્સ અને રોમાંચ સાથે તૈયાર કરી હતી જેણે મૂળ ફિલ્મને ખાસ બનાવી હતી.

# આલિયાએ પ્રોડ્યૂસર તરીકે ઉઠાંતરી કરેલી ચીલાચાલુ ફિલ્મ બનાવી



**આલિયા-શાહિન ભટ્ટના પ્રોડક્શન 'ઈટરનલ સનશાઈન'ની ફિલ્મ 'ડોન્ટ બી શાઈ'ના ટ્રેલરની ટીકા થઈ રહી છે. મુંબઈમાં રજૂ થયેલા આ ટ્રેલરને હોલીવૂડ ફિલ્મ 'હેવ આઈ એવર'ની ઉઠાંતરી ગણાવાયું છે. કોલેજ રોમાન્સ અને ટીન ડ્રામાની આ વાર્તામાં જુના થીમ અને ધીમા એડિટિંગથી દર્શકો નિરાશ થયા છે. નવા કલાકારો હોવા છતાં, ટ્રેલર પ્રભાવિત કરી શક્યું નથી.**

(એજન્સી) મુંબઈ | તા.14

આલિયા ભટ્ટ અને શાહિન ભટ્ટની ઈટરનલ સનશાઈન પ્રોડક્શન્સએ નવી, કન્ટેન્ટ આધારીત વાર્તાની અપેક્ષા જગાવી હતી, પણ 'ડોન્ટ બી શાઈ'ના ટ્રેલરની તેના ચીલાચાલુ અને ચવાઈ ગયેલા થીમને કારણે ટીકા થઈ રહી છે. અનેક ફિલ્મો, ખાસ કરીને હોલીવૂડ ફિલ્મ 'હેવ આઈ એવર'માંથી ઉઠાંતરી કરેલા કોલેજ રોમાન્સને નવા ટીન ડ્રામા તરીકે રજૂ કરાયો હોવાની ટીકા થઈ રહી છે.ટ્રેલરમાં એક વિચિત્ર અને ઓછા આત્મવિશ્વાસવાળા ટીનેજરની વાત છે જે એક મોટી શહેરી કોલેજ, મિત્રતા અને એક સીક્રેટ ક્રશ તેમજ પોતાની ઓળખ સાથે સંકળાયેલા સવાલો વચ્ચે પોતાનો માર્ગ બનાવી રહ્યો છે. આલોચકોના મતે તેમાં બળજબરીપૂર્વક જેન-ઝીની ભાષા, અતિરેકપૂર્વક દર્શાવાયેલા પારિવારીક સંબંધો, ગેરસમજણો તેમજ યુવા સંસ્કૃતિની ચકાચૌંધભરી તસવીર વાર્તાને સાહજિકની બદલે કૃત્રિમ બનાવે છે.સૌથી મોટી આલોચના ટ્રેલરની ધીમી, સુસ્ત એડિટિંગ તેમજ રસહીન સંવાદો બાબતે થઈ રહી છે, જે કથિત રીતે એક યુવા કેન્દ્રિત કોમેડી ડ્રામા પાસેથી રાખવામાં આવતી અપેક્ષાને ખતમ કરે છે. જો કે નવા કલાકારોની ટીમ ઉત્સાહ તો દેખાડે છે, પણ ટ્રેલર હજી સુધી દર્શકોને પ્રભાવિત કરવામાં નિષ્ફળ રહ્યું છે. ફિલ્મ પોતાની મજબૂત ભાવનાત્મક કહાની દ્વારા દર્શકોને કદાચ ચોંકાવી શકે, પણ હાલ તો લોકોની આશા ઠગારી સાબિત થઈ છે.

# રામગોપાલ વર્મા મોહિત સૂરી સાથે ગેંગસ્ટરની રોમાન્ટિક ફિલ્મ બનાવશે

(એજન્સી) મુંબઈ | તા.14

'સૈયારા'ની બ્લોકબસ્ટર સફળતા પછી દિગ્દર્શક મોહિત સુરીએ દિગ્ગજ ફિલ્મસર્જક રામ ગોપાલ વર્માની સાથે એક ખાસ પ્રોજેક્ટ માટે હાથ મિલાવ્યા છે. રામ ગોપાલ વર્માએ સોશિયલ મીડિયા પર સેલ્ફી શેર કરતા જણાવ્યું કે બંને મળીને 'ગેંગસ્ટર કરી'થી ભરપૂર પ્રેમ કહાની તૈયાર કરી રહ્યા છે. પ્રોજેક્ટનું વિવરણ ટૂંક સમયમાં જાહેર કરાશે.આ જાહેરાત પછી સોશિયલ મીડિયા પર ચાહકોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળ્યો. અનેક પ્રશંસકો તેને ગેંગસ્ટર ટુ અથવા આશિકી ૪ સાથે જોડીને અટકળો કરી રહ્યા હતા. મોહિત સુરીએ તાજેતરમાં રામ ગોપાલ વર્માની પ્રશંસા કરવા ઉપરાંત તેમના ફિલ્મો અને સિનેમા પ્રત્યેના દ્રષ્ટિકોણના પણ વખાણ કર્યા હતા.ઉલ્લેખનીય છે કે સૈયારાએ ભારતમાં લગભગ ૩૨૯.૭૩ કરોડનું ચોખ્ખુ કલેક્શન તેમજ વિશ્વભરમાં ૫૭૦.૩૩ કરોડનો વેપાર કર્યો હતો.

# 'મિર્ઝાપુર: ધ મૂવી'ની સતત સારી કમાણી



(એજન્સી) મુંબઈ | તા.14

'મિર્ઝાપુર: ધ મૂવી' ચર્ચામાં છે. બોક્સ ઓફિસના તાજા આંકડા સામે આવ્યા છે; રિલીઝના દસ દિવસ પછી પણ ફિલ્મે સતત સારી કમાણી જાળવી રાખી છે અને સફળતાપૂર્વક પોતાનું બજેટ વસૂલ કરી લીધું છે.આ ફિલ્મ થિયેટરોમાં શાનદાર પ્રદર્શન કરી રહી છે અને દરરોજ સતત બે-અંકની સંખ્યામાં (૧૦ કરોડથી વધુ) કમાણી કરી રહી છે. બીજા વીકએન્ડ દરમિયાન કમાણી સ્થિર રહી હતી; તેમાં કોઈ મોટો ઉછાળો જોવા મળ્યો ન હતો અને કલેક્શનના આંકડા અઠવાડિયાના દિવસો (વીકડેઝ) જેવા જ રહ્યા હતા. 'મિર્ઝાપુર: ધ મૂવી'ને તેની મૂળ વેબ સિરીઝની જબરદસ્ત સફળતાનો લાભ મળી રહ્યો છે. બોક્સ ઓફિસ પરની વર્તમાન ગતિને જોતા, નજીકના ભવિષ્યમાં તે મોટો નફો કરે તેવી શક્યતા છે.'સેકનિલ્ક' (Sacnilk)ના અહેવાલો અનુસાર, 'મિર્ઝાપુર: ધ મૂવી'એ તેના દસમા દિવસે (બીજા રવિવારે) ૧૩.૨૫ કરોડની કમાણી કરી હતી. બીજા વીકએન્ડ માટે તેનું કુલ કલેક્શન ૩૬.૨૫ કરોડ રહ્યું હતું-જે ચોક્કસપણે પ્રભાવશાળી આંકડો છે. ચાલો છેલ્લા દસ દિવસમાં ફિલ્મના વિશ્વવ્યાપી કલેક્શન પર વિગતવાર નજર કરીએ.'મિર્ઝાપુર: ધ મૂવી'એ તેના દસમા દિવસે ૧૩.૨૫ કરોડનું મજબૂત કલેક્શન નોંધાવ્યું હતું. ભારતમાં ૭,૨૨૫ સ્ક્રીન્સ પર રિલીઝ થયેલી આ ફિલ્મે ૧૦ દિવસમાં ૧૮૪.૭૦ કરોડનું નેટ કલેક્શન હાંસલ કર્યું છે. ગ્રોસ કલેક્શનની વાત કરીએ તો, તેણે ૨૨૦.૦૪ કરોડની કમાણી કરી છે. આ ઉપરાંત, ફિલ્મે વિદેશી બજારોમાંથી ૪૬ કરોડની નોંધપાત્ર રકમ મેળવી છે. આ આંકડાઓને જોડતા કુલ વિશ્વવ્યાપી કલેક્શન ૨૬૬.૦૪ કરોડ થાય છે, જ્યારે તેનું અંદાજિત બજેટ ૨૫૦ કરોડ હતું. આ દ્રષ્ટિકોણથી જોતા, ફિલ્મે થિયેટરોમાં જ તેના નિર્માણ ખર્ચની વસૂલાત કરી લીધી છે અને હવે તે ઝડપથી નફા તરફ આગળ વધી રહી છે.



# આકાંક્ષા ચમોલાએ ગૌરવ ખન્નાને અનફોલો કર્યા

(એજન્સી) મુંબઈ | તા.14

પોતાના પતિ ગૌરવ ખન્નાથી અલગ થઈ ચૂકેલી આકાંક્ષા ચમોલાએ ઈન્સ્ટાગ્રામ પર તેમને અનફોલો કરી દીધા છે. આ ઉપરાંત, તેણે પોતાની પ્રોફાઈલ પરથી ગૌરવ ખન્ના સાથેની રીલ્સ પણ હટાવી દીધી છે. આ દંપતી છેલ્લા કેટલાક સમયથી અલગ રહી રહ્યું છે. આકાંક્ષાએ નેટફ્લિક્સના શો 'લોક અપ' (Lock Upp)માં તેમના અલગ થવાના સમાચાર જાહેર કર્યા હતા.જોકે આકાંક્ષા ચમોલાએ ઈન્સ્ટાગ્રામ પર ગૌરવ ખન્નાને અનફોલો કર્યા છે, પરંતુ ગૌરવ હજુ પણ તેમને ફોલો કરે છે. વળી, બંને સાથે હોય તેવી રીલ્સ ગૌરવ ખન્નાની પ્રોફાઈલ પર હજુ પણ જોવા મળે છે.આકાંક્ષાએ 'લોક અપ'માં અલગ થવાની વાત જાહેર કરી હતી.આકાંક્ષા ચમોલા અને ગૌરવ ખન્નાના હજુ છૂટાછેડા થયા નથી, પરંતુ તેઓ લાંબા સમયથી અલગ રહી રહ્યા છે. આકાંક્ષાએ નેટફ્લિક્સ શો 'લોક અપ'ના પ્રીમિયર દરમિયાન આ વાતનો ખુલાસો કર્યો હતો.

## આકાંક્ષા ચમોલાને ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો

જ્યારે ગૌરવ 'બિગ બોસ'માં દેખાયા હતા, ત્યારે આકાંક્ષા 'ફેમિલી વીક' દરમિયાન તેમને મળવા ગઈ હતી. તે સમયે, દંપતીએ એવી છબી રજૂ કરી હતી કે તેમની વચ્ચે બધું બરાબર છે. સોશિયલ મીડિયા પર ગૌરવ ખન્નાને ઘણીવાર 'ગ્રીન ફોરેસ્ટ' તરીકે સંબોધવામાં આવે છે. પરિણામે, જ્યારે આકાંક્ષાએ તેમના અલગ થવાની જાહેરાત કરી, ત્યારે તેને ઓનલાઈન ભારે ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો.આકાંક્ષા અગાઉ તેને મળેલા ટ્રોલિંગ અંગે ચૂપ રહી હતી, પરંતુ 'મેશેબલ' સાથેની એક ખાસ વાતચીતમાં તેણે ગૌરવ ખન્નાથી અલગ થવા વિશે ખુલીને વાત કરી હતી. તેણે છૂટાછેડા પછી ભરણપોષણના મુદ્દા પર પણ ચર્ચા કરી હતી. આકાંક્ષા ચમોલાએ કહ્યું - જો મારી પાસે એટલા પૈસા હોત, તો હું દેશ છોડીને જતી રહી હોત.વાતચીત દરમિયાન, આકાંક્ષાને પૂછવામાં આવ્યું હતું કે શું તે ગૌરવ ખન્ના પાસેથી 10 કરોડના ભરણપોષણની માંગણી કરી રહી છે. અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતા, આકાંક્ષાએ સ્પષ્ટ કર્યું કે તે ગૌરવ પાસેથી કોઈ પૈસા લઈ રહી નથી. તેણે કહ્યું, 'જો મેં માંગણી કરી હોત અને ખરેખર તે મળ્યા હોત, તો શું હું અહીં બેઠી હોત? જો મારી પાસે ખરેખર એટલા પૈસા હોત, તો હું ક્યારનીય દેશ છોડીને જતી રહી હોત.'

# દિશા સાલિયનના મૃત્યુ કેસમાં CBIએ FIR નોંધી

બોમ્બે હાઈકોર્ટના નિર્દેશો બાદ CBIએ દિશા સાલિયનના મૃત્યુ કેસમાં FIR નોંધી છે. આ તપાસમાં હત્યા, ગેંગ-રેપ, ગુનાહિત કાવતરું અને પુરાવા નાશ કરવા સહિતના અનેક ગંભીર આરોપોનો સમાવેશ થશે.. દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયનના મૃત્યુના કેસમાં ઘટનાના લગભગ છ વર્ષ બાદ એક મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. બોમ્બે હાઈકોર્ટના નિર્દેશોને પગલે, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ FIR નોંધી છે અને દિશાના શંકાસ્પદ મૃત્યુની તપાસ શરૂ કરી છે. ૮ જૂન, ૨૦૨૦ની રાત્રે મુંબઈના મલાડ વેસ્ટમાં એક બિલ્ડિંગ પરથી પડી જવાથી દિશા મૃત હાલતમાં મળી આવી હતી. તે સમયે, આ ઘટનાને અકસ્માત ગણીને 'આકસ્મિક મૃત્યુનો અહેવાલ' (ADR) દાખલ કરવામાં આવ્યો હતો. હવે, હાઈકોર્ટના આદેશ બાદ આ મામલે નવી અને ગંભીર તપાસ શરૂ કરવામાં આવી છે.

# સલમાન ખાનના બોડીગાર્ડ શેરાના પુત્ર અબીર સિંહનું બોલિવૂડમાં ડેબ્યૂ



(એજન્સી) મુંબઈ | તા.14

સલમાન ખાનના બોડીગાર્ડ શેરા પોતે પણ સુપરસ્ટારની જેમ જ ખૂબ લોકપ્રિય છે. તાજેતરમાં, શેરાના પુત્ર અબીર સિંહ પણ ચર્ચામાં આવ્યા છે. અહેવાલો સૂચવે છે કે અબીર સિંહ બોલિવૂડમાં પોતાની શરૂઆત (ડેબ્યૂ) કરવા માટે તૈયાર થઈ રહ્યા છે.શેરા-જેનું અસલી નામ ગુરમીત સિંહ જોલી છે-લાંબા સમયથી સલમાન ખાનના બોડીગાર્ડ તરીકે સેવા આપી રહ્યા છે અને તેમને ઘણીવાર બોલિવૂડ સુપરસ્ટારના 'પડછાયા' સમાન માનવામાં આવે છે; તેઓ સતત તેમની સાથે રહીને 'ભાઈજાન'નું ધ્યાન રાખે છે. હવે એવું લાગે છે કે શેરાને તેમની વફાદારીનું ફળ મળી રહ્યું છે, કારણ કે તેમના પુત્ર અબીર સિંહ બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે. અબીર ભૂતકાળમાં કેટલીકવાર ચર્ચામાં આવ્યા છે અને હવે ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. જોકે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ માનવામાં આવે છે કે તેઓ એવી ફિલ્મમાં જોવા મળશે જેનું નિર્માણ અગાઉ શરૂ થયું હતું પરંતુ અધવચ્ચે અટકી ગયું હતું.અહેવાલો અનુસાર, અબીર સિંહને 'તાર્ઝન' નામની ફિલ્મમાં ભૂમિકા મળી છે. આ પ્રોજેક્ટમાં તેઓ બોલિવૂડ અભિનેતા આદિત્ય પંચોલીના પુત્ર સૂરજ પંચોલી સાથે સ્ક્રીન શેર કરશે. જોકે ફિલ્મ વિશેની ચોક્કસ વિગતો હજુ ઓછી ઉપલબ્ધ છે, પરંતુ ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાતની અપેક્ષા છે.

# દિલજીત દોસાંજની મોટી જાહેરાત અમદાવાદમાં કરશે મેગા પરફોર્મન્સ



(એજન્સી) અમદાવાદ | તા.14

પંજાબી સુપરસ્ટાર દિલજીત દોસાંજે પોતાના ચાહકોને મોટી ખુશખબર આપી છે. લંડનના ઐતિહાસિક વેમ્બલી સ્ટેડિયમમાં યોજાયેલા હાઉસફુલ કોન્સર્ટ દરમિયાન તેમણે જાહેરાત કરી હતી કે તેઓ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગ્રાન્ડ લાઈવ પરફોર્મન્સ આપવાના છે. આ જાહેરાત બાદ ભારતમાં તેમના ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દિલજીત દોસાંજ પોતાના 'Aura World Tour' અંતર્ગત વેમ્બલી સ્ટેડિયમમાં પરફોર્મ કરી રહ્યા હતા ત્યારે તેમણે અમદાવાદ શોની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે 21 નવેમ્બર, 2026ના રોજ તેઓ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં લાઈવ પરફોર્મ કરશે. વર્ષ 2024માં યોજાયેલા સફળ 'Dil-Luminati India Tour' બાદ અમદાવાદમાં તેમનો આ પહેલો મોટો શો હશે. જોકે કોન્સર્ટની તારીખ અને સ્થળ જાહેર કરવામાં આવ્યા છે, પરંતુ ટિકિટ વેચાણ, ભાવ અને બુકિંગ પ્રક્રિયા અંગેની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. ચાહકો હવે સત્તાવાર જાહેરાતની રાહ જોઈ રહ્યા છે. સ્ટેજ પરથી વાત કરતા દિલજીત દોસાંજે નરેન્દ્ર મોદી સ્ટેડિયમને દેશનું સૌથી મોટું અને ભવ્ય સ્ટેડિયમ ગણાવ્યું હતું. આ દરમિયાન તેમણે બ્રિટિશ રૉક બેન્ડ કોલ્ડપ્લે (Coldplay)નો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તાજેતરમાં એક વિદેશી બેન્ડે આ સ્ટેડિયમની તમામ ટિકિટ વેચી દીધી હતી, જે ગર્વની વાત છે. પોતાના મજેદાર અંદાજમાં તેમણે કહ્યું હતું કે, ભારતમાં આટલું મોટું સ્ટેડિયમ હોય અને ત્યાં કોઈ પંજાબી કલાકાર જઈને પોતાની હાજરી ન નોંધાવે, એવું શક્ય જ નથી. તેમના આ નિવેદન પર સ્ટેડિયમમાં હાજર હજારો ચાહકોએ જોરદાર તાળીઓ પાડી હતી.

# સ્ટેજ 4 કેન્સર સામે ઝઝૂમી રહેલી પીઢ અભિનેત્રી નફીસા અલી



(એજન્સી) મુંબઈ | તા.14

પીઢ અભિનેત્રી નફીસા અલીએ ખુલાસો કર્યો છે કે તેમનું અંડાશય અને પેરીટોનિયલ કેન્સર આગળ વધ્યું છે. તાજેતરના સ્કેનથી તેમના યકૃતની સપાટી પર નવા થાપણો મળી આવ્યા છે, જેના કારણે તેમની સારવાર યોજના લક્ષિત ઉપચાર તરફ વળી છે.પીઢ બોલીવુડ અભિનેત્રી નફીસા અલીએ તેમના સ્વાસ્થ્ય અંગે એક અપડેટ શેર કરી છે. અભિનેત્રીએ ખુલાસો કર્યો છે કે તેમનું અંડાશય અને પેરીટોનિયલ કેન્સર આગળ વધી ગયું છે, જેના કારણે ડોકટરોએ તેમની સારવાર પદ્ધતિમાં ફેરફાર કર્યો છે. 69 વર્ષીય આ મહિલા લાંબા સમયથી કેન્સર સામે લડી રહી છે અને તેમની બીમારી દરમિયાન સતત સકારાત્મક માનસિકતા જાળવવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે હવે જાહેરાત કરી છે કે, તાજેતરના પરીક્ષણો પછી, તેઓ લક્ષિત ઉપચાર હેઠળ છે.રવિવારે, નફીસાએ સોશિયલ મીડિયા પર હોસ્પિટલનો એક ફોટો પોસ્ટ કર્યો. તસવીરમાં તેણી હોસ્પિટલના પલંગ પર હસતી દેખાય છે અને તેના હાથમાં IV ડ્રિપ જોડાયેલ છે. ફોટા સાથે, તેણીએ તેની સારવારમાં ફેરફાર વિશે વિગતો શેર કરી. નફીસાએ સમજાવ્યું કે તાજેતરના સ્કેનથી તેના લીવરની સપાટી પર નવા કેન્સરના થાપણો જોવા મળ્યા છે, જેના કારણે તેના સારવારના પ્રોટોકોલમાં ફેરફાર કરવાની જરૂર પડી છે. તેણીએ જણાવ્યું કે તેણી હવે લક્ષિત ઉપચાર મેળવી રહી છે અને શક્તિ સાથે આ મુશ્કેલ યુદ્ધનો સામનો કરી રહી છે. અભિનેત્રીએ તેના ચાહકો અને શુભેચ્છકોનો પણ આભાર વ્યક્ત કર્યો, જેમણે તેને સતત સકારાત્મક ઉર્જા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાનની એન્ટ્રી

● ભારતમાં રમાશે એશિયન હોકી મહાસંગ્રામ, પંજાબમાં જામશે એશિયન હોકીનો જંગ



(એજન્સી) ચંદીગઢ । તા. 14

